

સાધુ — ચિત્રકાર · રસિકલાલ પરીખ

# કુમાર

અંક ૧૧૦ મો

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૧૦ · અંક ૨ · માહ ૧૯૮૯

તંત્રી · રવિશંકર રાવળ

# કુમાર

માઘ ૧૯૯૯

અંક ૧૧૦





મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.





'કુમાર'નું વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

**જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ**

મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ચોમો લુંગ્મા

MOTHER OF THE WORLD : પૃથ્વીની દેવી-માતા

ચિત્રકાર નિકોલાઇ રૉરીશે માઉન્ટ એવરેસ્ટ (જેને તિબેટીમાં ચોમો લુંગ્મા-એટલે પૃથ્વીની માતા-કહે છે તે)ની ભાવના મૂર્ત કરવા આલેખેલું કલ્પનાચિત્ર

Courtesy . Nicholai Roerich and Central Book Trading Company from 'Nicholai Roerieh Anniversary Publication'

# યુગદ્રષ્ટા

ત્રણ સૉનેટ

·સ્રગ્ધરા·

ઉમાશંકર જોષી

**વાલ્મીકિ**

કુંજે ને પુષ્પપુંજે, ગિરિવરકુહરે, નૂપુરે નિર્ઝરોનાં,
સિન્ધુસ્રોતે પ્રચંડે, જલધિજલતરંગે દિશા-અંતરાલે,
પંખીગાને સૂરીલે, વન-રણ-ગગને, તારકાવૃન્દસૂરે,
સન્મંત્રો ગુંજતા'તા સરલ શુભ સ્વયં સૃષ્ટિને બાલ્યકાલે.
ત્યારે વીણા જગાડી જનકુલ ભમિયો વાલ્મીક તું રસર્ષિ,
ક્રૌંચીની આર્ત ચીસે તવ મૃદુ હૃદયે શોક શ્લોકત્વ પામ્યો;
કલ્યાણાર્થે જનોના ઉર શુભ જગવી ભાવના ભદ્રદર્શી,
દ્રષ્ટા ! કારુણ્યમૂર્તિ ! તવ કવનરસે વિશ્વનો તાપ વામ્યો !

તેં ગાયાં રામસીતા, મનુહૃદય તણાં ભવ્ય દેવત્વ સ્થાપ્યાં,
શીળી મીઠી કુટુમ્બી જગકુલની વ્યવસ્થા તણાં મૂલ્ય માપ્યાં;
તારી વીણા હજી યે ઉરઉર રણકે દિવ્ય ભાવાર્થભીની,
પોષે પીયૂષપાને કલકલ ઝરતી કાવ્યગંગા યુગોથી.
તેં સર્જ્યો રામ કાવ્યે, કવન તવ ઝર્યું વા મહાવીરપાદે,
કો જાણે ? કિંતુ વિશ્વે ઉભય અમર છો અંતરે ઊર્મિનાદે.

**વ્યાસ**


મેરુ મોટે વલોણે જલધિજલ વલોવ્યાં પુરા રત્ન કાજે
દેવોએ દાનવોએ, અદય કુટિલ યુદ્ધે વલોવાઈ એવી
ચેદી આર્યપ્રજાઓ, મનુકુલ પસર્યાં ઉષ્ણ હાલાહલો, ત્યાં
મૃત્યુઘેરા પ્રાણાશે સુખરૂપ પ્રગટ્યો'તો અમીકુંભ તારો.
કાવ્યે સીંચ્યું મહાભારત, યુગઇતિહાસે ભરી ભવ્ય ગાથા !
આત્માનાં મંથનોમાં સમર ઉપડતાં દેવ ને દાનવોનાં,
હૈયે હાલાહલો જ્યાં વિકટ પ્રસરતાં; ત્યાં અમી કાવ્ય કેરાં
તારાં મીઠાં ઝરે, ને અસુર શું લડવાને નવી શક્તિ દેતાં.

તેં ગાયા સર્વ ભાવો, પ્રબળ હૃદયઆવેગ ગાયા બિરાટ,
જોયો તેં કાળકાંઠે નૃપતિકુલવ્યવસ્થા તણો ધ્વંસઘાટ;
તારો ઘોરે વિશાળો દિશદિશ ભરતો ગર્જને કાવ્યસિંધુ,
મોજાં સ્પર્શ્યાં ન એવું નવ કંઈ જગતે, તારું ઉચ્છિષ્ટ સંધું.
બ્રહ્મર્ષિ ! દિવ્ય દ્રષ્ટા ! અમર યુગની મૂર્તિ ! સ્થિતપ્રજ્ઞ યોગી !
ગીતા ગાનાર ! તેં તો મનુજઉરવ્યથા ગાઈ સર્વસ્વ મોંઘી.

**ભાવિ દ્રષ્ટા**

સંસારે સર્વ રાજ્યો ડગમગ કરતા યુદ્ધવંટોળ ઘૂમ્યા,
મૂર્છા પામી સ્વહસ્તે શતશત જખમે સંસ્કૃતિ યંત્રઘેરી,
લોકોનાં શાસનો યે કરપીણ ઘટના ના શક્યાં એહ ખાળી !
ત્યાં ફૂટી પ્રેમભીના અમૃતનીગળતી ભારતે વીરડી આ
માગે છે આજ ત્રીજો ભરતકુલકવિ પ્રૌઢ વાચસ્પતિ કો,
આવા કોલાહલે યે જગતહૃદયનું દિવ્ય સંગીત જોતો,
રાષ્ટ્રોનું ઐક્ય ગાતો, પ્રતિજન ઉર માનવ્યનો દિવ્ય દ્રષ્ટા,
ને ભેદોમાં અભેદે નિશદિન રમતો શાંતિનો સ્વપ્નસ્રષ્ટા.

મોંઘી સ્વાતંત્ર્યકૂચે કદમ ઊપડતાં પ્રેમઉન્માદજંગે,
કૂદે ભૂખ્યાં, દબાયાં, પતિત, દલિત સૌ મુક્તિઆશે ઉમંગે;
પીલાએલાં જનોની સુકરુણ કથની શબ્દનો દેહ માગે,
પ્રેમે શૌર્યે પ્રજાના હૃદયઝરણનું મૂક સંગીત જાગે.
એવે વીણા ભરીને જગતલ વહવા, વિશ્વમાંગલ્ય ગાવા,
જ્યાં હો ત્યાંથી ધરા પે અવતર કવિ, ઓ મુક્તિભાનુ વધાવા !




## સંસ્કાર-સ્મરણ [૨]

ગયા અંકની મિજલસને મથાળે આપેલા કાવ્ય જેવું, 'કુમાર'ના વાચકો પર પડેલું આ બીજું સંસ્કાર-સ્મરણ છે; અને એ રીતે આ ક્રમ, ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે પ્રતિમાસ ચાલુ રહેશે.

“ "કુમાર"નો શતાંક બહાર પડવાનો એ જાણ્યું. 'કુમાર' માટે હું શું અભિપ્રાય બાંધુ ? મારે તો માત્ર એટલું જ કહેવાનું કે એમાં કલાનો સુવર્ણદોર ગૂંથાએલો છે. એની સ્વચ્છતા, સાદાઇ અને કલાસૌંદર્ય આગળ બધાં માસિકો ઝાંખાં પડે છે. એમાં માત્ર પ્રેરણા નથી, પણ ઊર્મિનું આન્દોલન સગર્વ ડોલે છે. એ માસિક યુવાનોનું છે અને યુવાનોએ જ એને અપનાવ્યે છૂટકો છે.

એનું શબ્દચિત્ર આપું ?

મંદિરના સિંહાસને એક મૂર્તિ બિરાજેલી છે. એ મૂર્તિમાં પ્રેરણા છે, દૃષ્ટિ છે, અને અંતરને વીંધી સોંસરવો ચાલ્યો જાય એવો કલાપ્રાણ છે.

એ મૂર્તિના બે અજોડ મહારથીઓ જેવા પૂજારીઓ છે. એ મૂર્તિને સર્વાંગ સુંદર, બનાવવાના તેમના અંતરના અભિલાષ છે. તેમનો ઉત્સાહ અદમ્ય છે, ને એ મૂર્તિનું અર્ચન તેઓ નિતનવીન કલાદૃષ્ટિથી કરે છે. વનવનનાં, કુંજકુંજોના ફૂલડાં ભેળાં કરી, અગર કસ્તુરી અને ગંધમાદનનો ધૂપ કરી, એ બંને મૂર્તિનું અર્ચન કરે છે; ને દિશાઓ ગજવતી, અંતરના મેલ ધોતી, સમાજને થરથરાવતી, યુવાનીઆઓને જાગૃત કરતી, પ્રેરણાવંત આરતી શરૂ કરે છે.

એ આરતીના અવાજમાં માર્દવભર્યો સંગીતધ્વનિ છે, અંતરને અજવાળતી ભાવના છે, આકાશના ગુંબજને ચીરી સોંસરવો ચાલ્યો જાય એવો ચેતનનો મંત્ર છે, ને પાતાળના નાગરાજને ડોલાવે એવો વજ્રદેહી શબ્દબોલ છે. એ સુરભિસુંદર છે; કોમળ માણસના હૃદયને એ લોહચુંબક જેમ સ્પર્શે છે, વજ્ર જેવા કઠોરહૃદયીને મીણ જેવો કોમળ કરી દેછે.

સદૈવ એ આરતી ચાલુ છે. જેમને કાન છે, હૃદય છે, અંતર છે અને મનોરથો છે, એ બધાં એ સાંભળે છે, અને એ આરતીનો ધ્વનિ પકડવા કાન સચેત કરે છે. મનોરથો બાંધીબાંધી એ સ્વપ્ન કિલ્લાઓ રચે છે ને આશાને તાંતણે તેમને લટકાવી એ કલાધ્વનિ પાસે પહોંચવા યત્ન કરે છે. પૂજારીઓને આ કલાપિપાસુઓનો અંતરધ્વનિ પહોંચે છે, તેમને અપનાવવા પોતાના કરવા, તેમના અંતર સમજવા તેઓ તેમનો સહકાર આદરે છે.” —સુરેશ ગાંધી

■ 'મિજલસ'ના વાર્તાલાપમાં ભાગ લેવાને ઘણા વાચકો ઉત્સુક તો જણાય છે; પરંતુ શરૂઆત કોણ કરે છે, કેવી થાય છે, બીજા શું ધારે છે, એવાએવા વિકલ્પોથી તેઓ ઢીલમાં રહ્યા છે. તેમને આજે રજુ થતી પત્રમાળામાંથી કંઇક દિશાસૂચન થશે એમ માનું છું.

આ વિશાળ સંસારમાં જીવન ગુજારતા એકેએક માનવીની જીવનકથા જુદાંજુદાં રહસ્યો તથા જુદાંજુદાં સુખદુઃખોની ઊર્મિઓથી ગૂંથાએલી હોય છે. તેમની આંટીઓ પણ એટલી જ વિવિધ. કોઇની સ્વરચિત કે સ્વકલ્પિત હોય છે તો કોઇ સંસાર કે સમાજની સત્તા નીચેથી નીકળવાની અશક્તિને લીધે સદા પીડા પામ્યા કરતા હોય છે. આ બધા માટે એક જ ઇલાજ હોઇ શકે, અને તે એટલો જ કે પરિસ્થિતિનો કયાસ કાઢી યોગ્ય જીવનદૃષ્ટિ કેળવવી. એક વખતે ભારતવર્ષમાં અનુભવી, વિદ્વાન, સ્વાર્થત્યાગી સંત સાધુઓ આ ધર્મ બજાવતા. આજે તેમનું સ્થાન ખાલી છે. ગોખણિયા પ્રોફેસરો, પંડિતો ને ચીલાચાલુ વડીલો સ્થિતિની ભયંકરતા સમજે છે, છતાં તેમાં છેદ મૂકી સરળતા ને સગરડના માર્ગો લેવાની હિંમત બતાવી શકતા નથી. અને યુવાન, હતવીર્ય પુરુષાર્થહીન બનીને માત્ર પોકાર કરી રહ્યો છે. પોતે સંસારમાં ઠગાયો છે, ભૂલો કરી છે અથવા કોઇની ભૂલે પોતાનો સંસાર વિષમય બન્યો છે તે વાત ગાજીપોકારી ઉઘાડી કરીને, બીજું કાંઇ નહિ તો, અન્યને ચેતવણી આપવી જોઇએ. એ પણ તેનું આત્મશૌર્ય ઉજાળનારું કર્તવ્ય છે. નીચેના બે પત્રો એવા નૈતિકબળની નિશાની રૂપ છે. આ પહેલો પત્ર:

'હું વિદ્વાન નથી કે નથી મોટો વેપારી. કેવળ ગરીબ ભારતનો ગરીબ ભિક્ષુક છું. આધુનિક હિંદુ સમાજની કુરૂઢિઓનો ભોગ બનેલો દુઃખી જીવ છું. મારા હૃદયમાં અશાંતિની અગ્નિજ્વાળા બળી રહી છે. 'મિજલસ'માં માનસદ્વાર ખોલવાનું 'કુમાર'ના વાચકોને આપે આહ્વાન આપ્યું તેથી હું આપનો આભાર માની પત્રદ્વારા હૃદયનો ઊભરો ઠાલવું છું

મારાં લગ્ન ક્યારે થયાં ? મને તેની કંઇ યે યાદ નથી. પણ જ્યારે હું મોટો થયો અને કંઇક વિચાર કરતો થયો ત્યારે, હું ઘણાં વર્ષ થયા એક અબોધ બાલિકા સાથે લગ્નગ્રંથીએ જોડાઈ ગયો છું એનું ભાન થયું. મારૂં કૌમારજીવન ઘણું સુખદ હતું. મિત્રો સાથે સમાનભાવે રમતો જમતો અને ભણતો. પણ આજે સુખની કલ્પના કરવી મારા માટે યોગ્ય નથી. હું હિંદુ સમાજમાં અને તેમાં યે એક એવા ધર્માંધ પરિવારમાં જન્મ્યો છું કે મારા બધા સિદ્ધાંતો અને આદર્શોનો નાશ થઇ રહ્યો છે. હું નિર્માલ્ય છું કે આ બધું નરી આંખે જોઈ રહ્યો છું. શું કરવું તે કંઇ સૂઝતું નથી. આજે તો

હું સમાજ ને પરિવારનો ત્યાગ કરી જાઉં તો જ માત્ર મારા સિદ્ધાંતો ને આદર્શોની રક્ષા કરી શકું; અન્યથા નહિ. અને જો તેમ કરું તો એ કૃત્ય મારા પરિવાર પ્રતિ અન્યાય રૂપ ન ગણાય? આજે જે પરિસ્થિતિમાં હું મૂકાયો છું તે પરિસ્થિતમાં જો મારી પત્ની મૂકાઈ હોત તો? આવા અનેક વિચારોથી મસ્તિષ્ક ભરાએલું રહે છે. ક્યાં યે પ્રકાશ દેખાતો નથી. ભારતના ગરીબો જેમ પરસેવાના પૈસે જીવન ગાળી કુટુંબનું પોષણ કરે છે તેવું કરવાની મારી ઘણી યે ઇચ્છા છે. પણ આ વિચાર સાથે મારી પત્ની સહમત નથી થતી ગૃહક્લેશના ભયથી હું અકર્મણ્ય થઇ ગયો છું. જીવન ભારરૂપ લાગે છે. સમાજમાં વિધવાઓનું જેવું દુ:ખી જીવન છે તેવું જ પ્રાય: ભારતના સંસ્કારી યુવકોનું જીવન થઇ પડ્યું છે. યુવકોના જીવનમાં નથી રહ્યો ઉત્સાહ કે ઉલ્લાસ. માબાપોએ પોતાના આનંદ માટે કરી દીધેલાં આવાં દેહલગ્નોમાં શું શાસ્ત્રાજ્ઞાનું પાલન થયું ગણાય? દેહલગ્નના યજ્ઞમાં મારા જેવી ઘણી આહૂતિઓ અપાઇ હશે, અને તેવા યુવકો, પોતાનો જીવન-પ્રદીપ શીઘ્ર ઓલવાઇ જાઓ એવું પ્રભુ પાસે ઇચ્છી રહ્યા હશે. આવી સામાજિક પરિસ્થિતિમાં ભારત સ્વતંત્ર કેમ થઇ શકે?'

અને આ બીજો પત્ર:

'કૉલેજજીવનમાં જે સ્વતંત્રતા, જે ફુરસદ, જીવનની જે બેપરવાઇ કૉલેજિયનોમાં આવે છે તે બધી વસ્તુઓ જરૂરની છે ખરી, પણ અફસોસ એ છે કે એ બધી નવા જમાનાની ભેટોનો વિદ્યાર્થીઓ અને યુવાનો સદુપયોગ કરતા નથી જે દિવસે એ શક્તિ સાચી દિશામાં વહેતી થશે તે દહાડે કૉલેજિયનો આજના જેવા માયકાંગલા, નિર્બળ, મોજીલા અને વિચારશૂન્ય નહિ હોય. હું ખાત્રીપૂર્વક કહું છું કે આજનો કૉલેજિયન વિચારશૂન્ય છે. ભલે એ પરીક્ષાનાં પાઠ્ય પુસ્તકો પોપટની માફક મોઢે કરી જતો હોય. ભલે તે ટેનિસન કે શેલીની કવિતાઓ સમજવાનો ડોળ કરતો હોય, ભલે તે બર્ક, મિલ ને એમર્સનના વિચારો ઘોળીને પી ગયાનો દાવો કરતો હોય, પણ એ બધું ખોટું છે, પુસ્તકિયા છે, પરીક્ષા પૂરતું જ છે. તેનું જીવન અભણના જેટલું જ લુખું અને રેતીના રણ જેટલું વેરાન ને ઉજ્જડ છે.'

■ કૉલેજો મારફત અપાતી કેળવણી સામેની ફરિયાદ તો હવે સાર્વજનિક બની ગઈ છે. યુનિવર્સિટીના અધિદેવતાઓ એ સારી રીતે જાણે છે, છતાં આજની કેળવણીમાં ઉત્પાદક શક્તિ નહિ હોવાથી તેમને પણ અન્ય કોઈ માર્ગ સૂઝતો નહિ હોય એટલે શાહમૃગની જેમ ભોંયમાં મોં દાટી દઇ પોતાનો બચાવ કરી રહ્યા છે એમ લાગે છે કેળવણીની નિરુત્પાદકતા યુવાનોમાં સમજાઇ હોય તો તેઓ કોઈ અન્ય સ્વપુરુષાર્થભરી સંસ્થાઓ ઊભી કરવા મથે અને પારકાની ફરિયાદ પર વખત વીતાવવો છોડી દે. ડાક્ટર, વકીલ કે એજંટો બનનારા થોડામાં થોડા ખર્ચે ધંધો ચાલુ રાખી શકાય અને નિર્વાહ મેળવી શકાય તેનો વિચાર કરે અને કપડાં, ઑફિસ વગેરેમાં થતું નકામું ખર્ચ અટકાવે તથા સમાજમાં ચારે તરફ સાદાઇ અને થોડા ખર્ચનું ધોરણ લાવવા મથે તો યે તેમની કેળવણી સાર્થક બને.

કેળવણી માટે મોટાં ખર્ચો કરવાં જ જોઇએ એવો ખ્યાલ આ જમાનામાં જ પેદા થયો છે. ભારતવર્ષમાં અનાદિ કાળથી સર્વશાસ્ત્રસંપન્ન થનારને પણ ઘેરથી એક પાઇ માગવાની જરૂર પડતી નહિ એ વાત ૧૮મા સૈકા સુધી સિદ્ધ હતી એ નમૂના પર શિક્ષણપ્રથા ચાલુ કરવાની આજે કોઇની હીંમત કે સહનશીલતા નથી તેથી જ આપણે રાજશાહી ઢબે કેળવણીનો ખર્ચ કરી પાછળથી પસ્તાઇએ છીએ.

પણ ખરી વાત એ છે કે યુવાનોને જીવનમાં શ્રદ્ધા નથી, પોતાની મહેનત અને પ્રયાસમાં શ્રદ્ધા નથી. સનદ ન હોય કે સર્ટિફિકેટ ન મળ્યું હોય તો આપણે શું કરી શકીએ તેના વિચાર જ તેમને આવતા નથી. આટલા ફેરી કરનારા, આટલા દુકાનો ચલાવનારા, આટલા કંટ્રાક્ટ, ધંધા કે દલાલી કરનારા તમારાં સર્ટિફિકેટો અને ડિગ્રીઓ પર હસીને સવારના પહોરમાં કામધંધા પર ચાલ્યા જાય છે એ જોતા નથી? આટલી મોટી સંખ્યા કૉલેજો અને ડિગ્રીઓની અવગણના કરવા હીંમત ધરાવે છે એ સંસારમાં તમને સ્થાન નહિ હોય? પણ તમે તમારા જ્ઞાનથી કે કર્મથી એ સંસારમાં ઉપયોગી થવાનો યત્ન સરખો પણ કરતા નથી. સંસાર પણ એક વાર તો તમારી પાસેથી પ્રવેશ ફી તરીકે વહીતરું અને શુભનિષ્ઠા ઉઘરાવશે જ.

બીજી તરફ સંસાર કે સમાજ તમારી તરફ લેશ પણ દયા કે મહેરબાની બતાવવા તૈયાર નથી એ પણ સ્પષ્ટ છે. તમે અને તમારી કેળવણી ગમે તેવાં હો તો પણ દુનિયા તો એની જૂની ચાલે તમારા પર ફાંસા નાખ્યે જ રહેવાની; પરંતુ તમે આત્મજાગૃતિવાળા માનવી હશો તો તેમની જાળ ભેદીને ઉન્નતિના માર્ગ પર આવી શકશો. દેહલગ્ન અને સ્નેહલગ્નની મીમાંસાઓમાં ગૂંચવનારા સાહિત્યથી દૂર રહો. લગ્નનો અર્થ જ દેહલગ્ન જેમને એવા લગ્નની જરૂર ન હોય તેઓ પુરુષ, સ્ત્રી કે જાનવર ગમે તેની સાથે વાર્તાલાપનો આનંદ લઇ જીવન પૂરું કરી શકશે. છતાં લગ્નની સાચી જરૂરિયાત સમજાય તે વખતે જ માણસે તે દિશામાં પગલાં માંડવાં જોઇએ. અકાળે થએલું કોઇ પણ લગ્ન જીવનવિકાસના વિઘાતક છે એટલું નક્કી.

જેઓ આવાં લગ્નોનાં પાત્ર બન્યાં હોય તેમણે તેનાં રોદણાં છોડી દઈ પડ્યું પાનું સુધારવાનો અને તે ન બને તો નિભાવવાનો યોગ્ય પુરુષાર્થ આદરવો જોઇએ. ઘણા યે દૃઢ નિશ્ચયવાળા યુવાનોએ આત્મસંયમ રાખી પોતાના દાંપત્યમાં સુખની લહરીઓ ઉપજાવી છે, એ અનુભવની અને નજર આગળ ખરી જોએલી વાત છે. ધીરજ, સહનશીલતા અને ચિંતનથી ગમે તેવી પરિસ્થિતિમાંથી માર્ગ જડે જ છે.



**એક**

**હરીફની અને દુનિયાની આંખમાં ધૂળ નાખી કપટથી જીતે છે;**

**બીજો**

**સામાની કપટજાળને જાણતો-ન જાણતો ખરા ખેલાડીની મર્દાની દાખવી એ હાર પણ દિલની દિલાવરીથી સ્વીકારે છે, એ બંનેમાં**

# પરાજય

## કોનો?



## ચિત્ર પહેલું

[જેવો સુબંધુ સાદો છે તેવો સાદો તેનો ઓરડો છે. એક દીવાલની મધ્યમાં મોટો અરીસો લટકે છે. તેની નજીકના તાકામાં કસરતનાં નાનાં સાધનો પડ્યાં છે. મગદળ વગેરેને એક ખૂણામાં ગોઠવેલાં છે.

આજે તારીખ તેવીસમી છે.

સુબંધુ કંઇક વાંચતો હોય છે અરુણ, જયમણિ અને મહાદેવ તેને મળવા આવે છે.]

સુબંધુ: (ઊભો થઇ) પધારો, મહેરબાનો.

મહાદેવ: પધાર્યાં જ છીએ. અમને તો રજા મળી કે રમતારામ.

જયમણિ: હા વળી. રજાને દિવસે ભણવાનું હોત તો નિશાળે જ ન જાત?

અરુણ: સારૂં છે કે આપણા હેડમાસ્તર મૂરખા નથી.

જયમણિ: હોત તો?

અરુણ: આવે દિવસે પણ—અને રવિવારે પણ—નિશાળના દરવાજા જો ઉઘાડા રખાવત તો જરૂર સુબંધુભાઇ એકલાએકલા ભણવા જાત.

મહાદેવ: અને પછી પહેલો નંબર પૂરાવત.

[ત્રણે જણ જોરથી હસે છે.]

સુબંધુ: (અદબ વાળી) બોલો; બીજું કાંઇ?

[કોઇ કાંઇ કહેતું નથી.]

બસ?—આટલું જ કહેવું હતું અને આટલા બધા ધમપછાડા?—જરા વધારે તૈયારી કરીને આવવું હતું ને? તમારી ત્રણે જણની અક્કલનો સરવાળો બહુ થોડો થયો.

[સુબંધુના હોઠ પર હાસ્ય આવી વસે છે.]

મહાદેવ: (તોછડાઇથી) હવે જાણ્યાં તારાં સરવાળો ને બાદબાકી; ડાહ્યો થા મા.

અરુણ: હંઅ. વાતવાતમાં વળી મોં શું ચડાવવું? આપણે તે કાંઇ છોકરીઓ છીએ?

જયમણિ: (ટોળથી) ના રે. અને સુબંધુ તો આપણી નિશાળનો નાનોસરખો પહેલવાન છે ભલભલા માસ્તરોને ગુલાંટ ખવડાવી દે. કેટલાક તો એનાથી મનમાં બીતા યે હશે.

[વળી ત્રણે ખડખડાટ હસે છે. સુબંધુ માત્ર મરકે છે.]

સુબંધુ: (કંટાળો દેખાડી) પણ તમે પધાર્યાં છો કેમ, એ કહેશો?

અરુણ: (સરલતાથી) મળવા વાસ્તે.

સુબંધુ: પણ મહિના પછી પરીક્ષા . . . .

જયમણિ: પણ કાલે રમતગમતનો મેળાવડો. . . .

અરુણ: (વિચારપૂર્વક) પણ હેડમાસ્તર મૂરખા તો ખરા. પરીક્ષા પાસે આવે ત્યારેજ આવાં અમનચમન રાખે.

મહાદેવ: અને આપણા સુબંધુભાઇ પછી સૂકાઇ જાય!

સુબંધુ: (રૂઆબથી) કચકચ બંધ કરો. આજે તમે કયા નિર્ણયથી અહીં આવ્યા છો?

અરુણ: તને ચીડવવાના.

સુબંધુ: અને ધારો કે હું ચીડાયો. પછી મારી ચીડ સહન કરવા માટે કોનાં હાડકાં તૈયાર છે? [ત્રણે ચૂપ.]

તમે જાણો છો કે તમારા જેવા, ત્રણને શું, તેરને હું સીધા કરી શકું એમ છું. છતાં મારી ભલમનસાઇનો લાભ તમે લીધે જાઓ છો. [ત્રણે નરમ.]

તમે એટલું પણ જાણવાની પરવા ન કરી કે હું શું વાંચતો હતો. લ્યો, જુઓ. પરીક્ષાને અને આને શી લેવાદેવા?

[ત્રણે એ માસિક ઝડપે છે અને પોતાની આંખોને અંદર પરોવી દે છે.]

મેં પરીક્ષાનું નામ લીધું ત્યાં મારા પર ગાળોનો વરસાદ વહેવડાવ્યો! તમે તે કેટલા વિચિત્ર છો!

મહાદેવ: (ગરમ બની) તો સાચું બોલીએ. જૂઠું બોલવાના ગેરફાયદા જાણતો નથી?

અરુણ: ગણાવીએ?

સુબંધુ: મૂંગા રહો, મૂંગા.

જયમણિ: ઇશ્વરે અમને જીભ મૂંગા રહેવા માટે આપી હશે? [સુબંધુથી હસી જવાય છે.]

(સુબંધુનો ખભો ઝાલી) દોસ્ત, આમ ગુસ્સો ન કર.

મહાદેવ: અમારાથી ગભરાઇ જવાય છે.

અરુણ: અને મને તો દુર્વાસાદાદા સાંભરી આવે છે. [પળભર ચારે ચૂપ]

જયમણિ: સુબંધુ, આ માસિકમાં શું જોતો હતો?

સુબંધુ: કુસ્તીના દાવ વિષે એમાં એક લેખ છે. એ જરા જોઇ જતો હતો. કાલે કદાચ કામમાં આવે.

જયમણિ: તે તને કોની બીક છે?—કોને એવી ચરબી ચડી છે કે કમી કરાવવા તારી સામે ઊતરે?

સુબંધુ: કોને ખબર. કોઇક એવો યે નીકળી પડે કે આપણું ગૌરવ ઉતારી નાખે.

મહાદેવ: બે વરસથી તો કોઇ દાડો નથી!

સુબંધુ: તો યે ચેતીને ચાલવું સારૂં.

અરુણ: સુબંધુની વાત સાચી છે. વળી ઉપરા-ઉપરી આ ત્રીજી સાલ એ અજીત રહે તો કપ કાયમ માટે તેનો બને. એટલે આ વખતે તો તેણે જીતવું જ જોઇએ.

મહાદેવ: જરૂર.

જયમણિ: અને એ જીત્યો એટલે આપણે માટે મિજબાની ઊભી જ જાણો. કેમ, અરુણ?

અરુણ: જરૂર જ.

મહાદેવ: સુબંધુ, એ દિવસે શું શું ચખાડીશ?

સુબંધુ: ત્યારની વાત ત્યારે. હાલ તરત તો ત્રણે મળીને ઇશ્વરની પ્રાર્થના કરો કે તમારી ઇચ્છા પાર પાડે. [ત્રણે એકમેકની સામું જુએ છે.]

અને કૃપા કરીને મને અત્યારે એકલો રહેવા દો. તમારે જે જોવાનું છે તે મારે જોતડાવવાનું છે. તેની તૈયારી માટે મને સમય આપો. નહિતર કાલે જો કાંઇ ઊંધુંચત્તુ થયું તો તમારી તો માત્ર મિજબાની જશે, પણ મારા તો મનોરથ મરશે.

જયમણિ: અરે એવું કદી બનનાર નથી. ઇશ્વર-માં—અને અમારામાં પણ—શ્રદ્ધા રાખ!

અરુણ—મહાદેવ: બરાબર.

[અરુણ, જયમણિ ને મહાદેવ જવા માંડે છે]

સુબંધુ: પધારજો, મહેરબાનો.

મહાદેવ: ધક્કા મારીને તો બહાર કાઢ્યા જેવું કર્યું.

અરુણ: ને તો ય વિવેકમાં વાંકો વળી જાય છે! [ત્રણે જાય છે.]

સુબંધુ: હાશ! ગયા! કાન કાણા કરી મૂકે એવી ત્રિપુટી છે. વર્ગમાં સીસોટીઓ બજાવશે, રસ્તે જતાં સાઇકલની ઘંટડીઓ વગાડશે અને કોઇક વાર મસ્તીએ ચડ્યા તો સારૂં ગામ ગજાવશે! વરસમાં એકાદ વાર પોલીસ ચોકીએ પણ એમની મુલાકાત ખરી. પણ ત્યાંથી તો આબરૂદારના દીકરા તરીકે છૂટી જવાના. અને વળી પાછા હતા એવા ને એવા!

[સુબંધુ વાંચવા લાગે છે. એક લીટીથી આગળ વંચે એ પહેલાં તો રસેશ આવે છે.]

આવ, રસેશ. અત્યારે ક્યાંથી? સાંજના આવવા-નો હતો ને?

રસેશ: અહીંથી જતો હતો ત્યાં અરુણ વગેરે મળ્યા. તેમણે ખબર દીધા કે તું નવરો બેઠો છે. મને થયું કે લાવને સાંજનું કામ અત્યારે જ પતાવી આવું.

સુબંધુ: (ભીહાશથી) સારૂં કર્યું; મને એ ગમ્યું. [રસેશ કંઇક વિચારમાં પડ્યો હોય એવું દેખાડે છે.]

બોલ, રસેશ. મારૂં શું કામ હતું?

રસેશ: ઘણું જ જરૂરનું . . . .

સુબંધુ: પણ કયું?

રસેશ: અને ખૂબ જ ખાનગી.

સુબંધુ: (મશ્કરીથી) કોઇની સામે કાંઇ કાવત્રું . . .

રસેશ: ના, ભાઇ! ના.

સુબંધુ: ત્યારે સાચી વાત કરને?

રસેશ: (હળવે હળવે) જો, સુબંધુ, સાંભળ. હું વિચાર કરૂં છું કે કાલે મારે તારી સામે કુસ્તીમાં ઊતરવું.

સુબંધુ: જરૂર ઊતરવું.

રસેશ: પણ એ શા માટે; તેની તને ખબર નથી. જો; જીતવાની મને હોંશ નથી; મારે જીતવું યે નથી.

પણ મારે આપણા મિત્રોને દેખાડવું છે કે હું કુશ્તી કરી જાણું છું.

સુબંધુ: એ તો ઊતરીશ એટલે જાણશે જ.

રસેશ: પણ જો તું મને પહેલી પળે પછાડી દે તો મારી કિંમત કોડીની થઇ જાય. એટલે મિત્રના દાવે હું તારી પાસે માગું છું કે જરા વાર મને ટક્કર ઝીલવા દેજે. પછીથી તારે કરવું હોય તેમ કરજે. બોલ, આટલું કહ્યું કરીશ કે?

સુબંધુ: બસ?—હું તો ધારતો હતો કે કાંઇ ખરે-ખર જબરૂં કામ હશે. આમાં શું?

રસેશ: શાબાશ દોસ્ત! [સુબંધુ શાંત રહે છે.] અને સુબંધુ, ભૂલેચૂકે પણ કોઇને જ આ કહેવાનું નહિ, હોં.

સુબંધુ: ભલા, એવી ભૂલ તે કોઇ કરે, રસેશ? લે, વચન આપું છું. આ વિષે રજ જેટલી ચિંતા ન રાખીશ.

રસેશ: તો તો આભાર.

સુબંધુ: બોલ, બીજું કાંઇ?

રસેશ: ના; બસ, એટલું જ.

[રસેશ ઊભો થાય છે અને ઉ-ત્સાહપૂર્ણ પગલે પાછો ફરે છે]

સુબંધુ: રસેશ, આવજે.

રસેશ: આવીશ, અવશ્ય આવીશ.

[રસેશ જાય છે. સુબંધુ આગળ વાંચવા લાગે છે.]


## ચિત્ર બીજું

[જેવો રસેશ શોખીન છે તેવો શોખીન તેનો ઓરડો છે. લાંબા આયનાવાળુ નકસીદાર કબાટ, પોતાની પ્રતિકૃતિ દેખાય એટલું ઊજળું ટેબલ, એની આસપાસ ગોઠવેલી ભપકાભરી ખુરશીઓ, આસમાની રંગના પડદા-વાળી બારીઓ,—આ ને આવું બધુ આપણને ખાત્રી આપે છે કે રસેશ શ્રીમંત હશે અને શોખીન છે. ચારે દીવાલ પર લટકાવેલાં ચિત્રો પણ આપણી પાસેથી પ્રશંસા માગે એવાં છે. રાણા પ્રતાપ અને નેપોલિ-યનનાં ચિત્રો પ્રત્યે રસેશને ખાસ પક્ષપાત લાગે છે: કારણકે એ બેને આજુબાજુ ગોઠવીને પોતાની છબીને તેની વચ્ચે મૂકેલી છે.

આજે તારીખ પચીસમી છે.

રસેશ અત્યારે હર્ષોન્માદમાં જણાય છે.]

રસેશ: ફાવ્યો! મેં નહોતું કલ્પ્યું કે સુબંધુ આવો ભોટ નીકળશે! લાગ લઇ મેં એને ચિત્ત કરી નાખ્યો. એકઠાં થએલાં સૌ તો એ જોઇ જ રહ્યાં!



[અરુણ, જયમણિ અને મહાદેવ આવે છે.]

મહાદેવ: વાહ રસેશ! કાલે તો તેં કમાલ કરી!

જયમણિ: અરે! કોઇ સ્વપ્ને યે ન માને એવું તેં તો કરી દેખાડ્યું!

અરુણ: સાવ સાચી વાત. એ બાબત માનતા પહેલા તો મારે મને પોતાને ચૂંટી ખણવી પડેલી.

રસેશ: કારણ?

અરુણ: ખાત્રી કરવા કે હું તે જાગું છું કે ઊંઘુ છું!

[ચારે હસે છે]

રસેશ: (ખચકાતો) મેં નહોતું ધાર્યું કે સુબંધુ મારાથી હારી જશે.

મહાદેવ: ભાઈ, એની તો વાત જવા દે ને. બબ્બે વરસથી તારા જેવો કોઇ માથાનો નહોતો મળ્યો એટલે મદ ચડ્યો હતો.

રસેશ: ખરેખર?

જયમણિ: ત્યારે? એના મનમાં તો એમ જ રમી રહ્યું હશે કે આ સાલ જીતે એટલે કપ ઘરમાં આવે.

રસેશ: એમ?

અરુણ: એમ જ જાણે કે લાડવા ખાવાના ખેલ હશે?

[રસેશ સિવાય દરેકના મોં પર તિરસ્કારનું હાસ્ય છવાય છે.]

રસેશ: (ગંભીરતાથી) પણ અજબ જેવું તો એ કે સુબંધુ હાર્યો તો યે મને અભિનંદન આપવાનું ન ભૂલ્યો. એટલી એની ખાનદાની આપણે વખાણવી જોઇએ.

મહાદેવ: એ તો ઠીક છે, હવે. શું જોઇને એણે તારા સામે હાથ લંબાવ્યો હશે?

જયમણિ: અરે ! એમ કરતાં એને શરમ ન નડી?

અરુણ: એણે ડૂબી મરવું જોઇએ.

જયમણિ: હંઅ. શા મેળાનું શરીર ફૂલાવ્યે જાય છે?

મહાદેવ: અને પૃથ્વી ઉપર નાહકનો ભાર વધારે છે!

અરુણ: બિચારા શેષનાગની શી વલે?

[ચારે આનંદ અનુભવે છે.]

જયમણિ: અને રસેશ, એની આશ્ચર્યભરી એક બીજી હકીકત કહું.

મહાદેવ: તે એમાં રજા લેવાની કેવી?

અરુણ: કહી નાંખ, જલ્દી કહી નાંખ. ધર્મના કામમા ઢીલ શી.

જયમણિ: સાંભળો ત્યારે. સુબંધુ હાર્યો તે ખાતે જ્યારે હેડમાસ્તર દિલગીરી દેખાડવા લાગ્યા. . . .

રસેશ: (એકદમ) ત્યારે?

જયમણિ: ભાઇ કહે કે એમાં પોતાનો જ વાંક હતો.

રસેશ: (ચિંતાપૂર્વક) કઇ રીતે?

જયમણિ: એણે ખુલાસો કર્યો કે તું તેનાથી ખરેખર બળિયો છે.

રસેશ: (નિરાંતથી) જુઓ; હું કહેતો હતો તેમ તેનામાં ગોટાઇ તો છે જ.

મહાદેવ: ઉંદ. આમ કહેવું એ તારી મોટાઇ છે.

અરુણ: હંઅ. બાકી પહેલાં પોતે હારે અને પછી પોતાને બળિયો ગણાવે તો કોઇ એનું માનવાનું હતું?

જયમણિ: અરે! લોક ગાંડો ગણે.

મહાદેવ: એટલે જયમણિ, ભાઇ બધું મેળામાં બોલેલા.

અરુણ: એમ જ, એમ જ.

[ચારે જણ જરા વાર ચૂપ રહે છે]

પણ રસેશ, તારો ચન્દ્રક તો જોવા દે.

[તરત રસેશ ખમીસના ખીસામાંથી ચન્દ્રક કાઢી આપે છે.]

સુંદર!

જયમણિ: મઝાનો!

મહાદેવ: છાતીએ શોભે એવો.

જયમણિ: અરે! છાતી શોભાવે એવો.

અરુણ: (કરડાઇથી) સુબંધુને આ મેળવવાના મનોરથ હતા.

જયમણિ-મહાદેવ: હોયસ્તો.

રસેશ: (ફિક્કાશથી) પણ એની પાસે તો આવા અનેક હશે.

મહાદેવ: પણ રસેશ, લોભ બહુ ભૂંડી ચીજ છે.

અરુણ: કહેવત છે, લોભિયા હોય ત્યાં ધુતારા ફાવે.

[ધુતારા શબ્દથી રસેશનું દિલ ડંખ્યું જણાય છે. એ બીજી બાજુ ફરી જાય છે.]

રસેશ: (મનમાં) ધુ તા રા! હું યે એક રીતે. . .

અરુણ: રસેશ!

[રસેશ તેમના તરફ ફરે છે.]

મહાદેવ: અરુણે તને ધુતારો નથી કહ્યો હોં.

જયમણિ: ફક્ત સુબંધુને લોભિયો ગણ્યો છે.

[રસેશ જરા સ્વસ્થ થાય છે.]

મહાદેવ: પણ હવે આ સુબંધુ પુરાણ પડતું મૂકીએ.

અરુણ: બીજી કઇ વાત કરીશું?—આટલો રસ કઇ વાતમાં આવશે?

જયમણિ: (એક આંખ મચકાવી) ભૂલી ગયો?

અરુણ: (હસતાં) હા, હા. યાદ આવ્યું ખરું.

રસેશ: શું?

મહાદેવ: એ તો એમ કે તને ચન્દ્રક મળ્યો એનો અમને શો લાભ?

જયમણિ: બરાબર ગળ્યું મોં કર્યા વિનાં અમે ઓછા જ પાછા ફરવાના છીએ?

અરુણ: અને ગળ્યું મોં એટલે મોંમાં ગોળ એટલું જ નહિ, હોં.

રસેશ: એટલું તો હું સમજું છું.

મહાદેવ: બોલ, ત્યારે. શું શું ચખાડીશ?

રસેશ: મહાદેવ, હૈયે ટાઢક રાખજે. તમને કોઇને હું નિરાશ નહિ કરું.

અરુણ—મહાદેવ: શાબાશ!

રસેશ: પણ મારું એક કહ્યું કરશો? હું અહીં તૈયારી કરાવું તે દરમિયાન તમે સુબંધુને તેડી આવો. ગમે તેમ તો યે મને તેને માટે માન રહ્યા કરે છે.

અરુણ: જોયું, મહાદેવ? આનું નામ દાનો દુશ્મન.

જયમણિ: સુબંધુ અને રસેશમાં ફેર એટલો ફેર.

[રસેશના દિલમાં ડંખ લાગે છે.]

રસેશ: (મનમાં) પણ કેટલો ફેર?—એક આકાશ તો બીજો પૃથ્વી!

મહાદેવ: કેમ રસેશ, વળી શા વિચારમાં પડ્યો?

રસેશ: તમે બધા સુબંધુને બોલાવવા જાઓ છો ને?

અરુણ—જયમણિ—મહાદેવ: હા, હા.

રસેશ: તો જાઓ. એને જરૂર લાવજો. કદાચ હા-ના કરે તો મારી વતી આગ્રહ કરજો. પણ એના વિના ન આવશો.

[ ત્રણેનાં મોં જરાતરા બગડે છે.]

તમે મોં ન બગાડો. મારો કહેવાનો અર્થ એવો છે કે સુબંધુ સિવાય મને ગોઠશે નહિ. આપણે એક-બીજાને ઓળખતા નહોતા ત્યારે અમે મિત્રો હતા.

મહાદેવ: રસેશ, બસ કર. ભાષણ સાંભળવાની નવરાશ નથી. અમે તો આ ચાલ્યા સુબંધુને બોલાવવા.

રસેશ: મારે એ જ જોઇએ છે.

[ અરુણ, જયમણિ અને મહાદેવ જાય છે. રસેશ એકલો પડે છે. ઓરડામાં એ આમ-તેમ આંટા મારવા લાગે છે: પણ એનાં પગલાંમાં જોર જણાતું નથી. એના વદન ઉપર નિરાશાની વાદળી આવી વસી છે.]

આ લોકોને સુબંધુની સાચી કિંમત સમજાઇ નથી. મને પણ નહોતી ખબર કે એ આટલા વિશાળ હૃદયનો અને ઉદાર હશે. એની ઓળખાણનો એણે મને લાભ આપ્યો. મેં ગેરલાભ લીધો! અને તે યે કેવો!

[ રસેશ બોલતો અટકી પડે છે. હથેળી-માં આંખો ઢાંકી દે છે. પછી વળી—]

અને તો યે એ વીર મને અભિનંદન આપે છે! બીજાને યે મારી વિરૂદ્ધ એક અક્ષર કહેતો નથી. કહ્યું ત્યારે ઊલટું એમ કહ્યું કે હું ખરે-ખર બળવાન છું! અવધિ!

[ વિચારપ્રવાહમાં ફરી ઓટ આવે છે.]

આવા સ્વાર્થત્યાગીને મૂરખ માણસો લોભી કહી નિંદે છે! અને એ જ લોકો મારા જેવા મિત્રદ્રોહીને ધુતારો ગણી શકતા નથી! આશ્ચર્ય!

[ રસેશની નજર પ્રતાપ–નેપોલિયનનાં ચિત્રો પર ઠરે છે. પળવાર તેમનું મનન કરતો જણાય છે.]

આ મહાયોદ્ધાઓને મેં ઓળખ્યા નહિ. પ્રતાપ કોણ? અકબરને સાચી રજપૂતીનો સ્વાદ ચખાડનાર અમર રાણો. અકબરની કૈંક જીતો કરતાં આની હાર ગૌરવભરી છે. અને નેપોલિયન! વેલિંગ્ટને એને હરાવ્યો. તો યે અમર નરકેસરીઓની હારમાળામાં વેલિંગ્ટન શોધ્યો જડતો નથી અને નેપોલિયનને શોધવો પડે એમ નથી! આમની વચ્ચે હું શોભતો નથી, લજવાઉં છું.

[ પોતાની છબી ત્યાંથી કાઢી લઈ, ટેબલ પર ઊંધી મૂકી દે છે. ઘડીક વાર વિચાર-શૂન્ય જણાય છે. પણ એટલામાં—]

(ગભરાતો હોય તેમ) સુબંધુ હમણાં અહીં આવશે. કઇ જીભે હું એને આવકાર આપીશ?

[ ફફળાટ પામે છે.]

ત્યારે હું શું કરૂં?—એની માફી માગું?—ચંદ્રક એને આપી દઉં?

[ વિચારમાં પડી જાય છે.]


પણ સુબંધુ તે સુબંધુ. એની યે એ ચોખ્ખી ના પાડવાનો.

[ અસહાયતા અનુભવે છે.]

એવાને અહીં આવવાનું ન હોય. મારે જ એને ત્યાં જવું જોઇએ. અને તેને ત્યાં જાઉં. આવા અધમ વિજયને વળી આનંદના ઉત્સવ શા?

[મનમાં કંઇકંઇ ગણગણ્યે જતો રસેશ બહાર જવાની તૈયારી-માં ગૂંથાય છે. એના વદન ઉ-પરથી નિરાશાની વાદળી ખસી ગઇ છે.]

**યશવંત પંડયા**



# નેપથ્યમાંથી

'કુમાર'નાં પૂંઠાંઓની રચના દર મહિને જુદા પ્રકારની અને અવનવી જ હોય છે તથા તે એનું એક વિશિષ્ટ અંગ છે એ વાત તો કદાચ સૌ જાણે છે. પરંતુ તેની પાછળ લગભગ દર વખતે કંઇ ને કંઇ ઉદ્દેશ અથવા ધ્વનિ પણ રહેલો હોય છે. સામાન્યત: જે ઋતુનો અંક હોય તેને જ લગતું ચિત્ર અથવા તેની રંગરચના પૂઠા પર સૂચિત કરેલી હોય છે, અને આ ક્રમ આજ શત માસથી ચાલ્યો આવે છે. આ અંકના પૂઠા ઉપરના રંગો વસંતઋતુના સૂચક છે. વસંતની ચેતનાનો આછો કેસૂ રંગ; અને આમ્રપલ્લવનો ઘેરો લીલો.

卐

વાર્તાઓ, નાટકો, લેખો વગેરેનાં ચિત્રો સામાન્યત: પ્રસંગદર્શી કે પાત્રદર્શી હોય છે. તેમાં મોટે ભાગે કાં તો વસ્તુનો કોઈ પ્રસંગ આલેખવામાં આવે છે, અથવા અંદર આવતા પાત્રનો ફોટોગ્રાફ કે ચિત્ર આલેખીને મૂકવામાં આવે છે. પણ આ અંકમાંના નાટક 'પરાજય'નાં ચિત્રો જુદી જ ઢબનાં છે. એ ત્રણ ચિત્રોમાંનું એકેય કોઈ અમુક પ્રસંગને લગતું નથી, તેમ કોઇ ચોક્કસ પાત્ર પણ દર્શાવતું નથી. માત્ર નાટકના તત્ત્વની સંજ્ઞા કરતાં ધ્વનિચિત્રો તે છે. તેમાં ચોક્કસ પાત્રનિરૂપણ નથી તે માટે આકૃતિઓના ચહેરા કે હાથપગને સ્પષ્ટ રેખામાં ન બતાવતાં છાયાથી આવરી લઇ 'સિલ્હુટ' જેવાં કર્યાં છે. પહેલા ચિત્રમાં વ્યાયામનાં સાધનની ટોચે વિજયની સંજ્ઞારૂપ ગરુડ અને બે પડખે વિજયી અને પરાજિત બે હરીફો મૂકયા છે; બીજામાં, અરીસા સામે બેસાડેલી વ્યક્તિ વિજયલાલસાવાળા, શેખી-ગુમાની હરીફની મનોભાવનાને ધ્વનિત કરે છે; અને ત્રીજા ચિત્રમાં, અધમપણે મેળવેલી વિજયમાળાને ઘસડતી જતી પશ્ચાત્તાપ કરતી વ્યક્તિ આલેખી છે. નાટક વાંચી ગયા પછી આ ચિત્રાર્થ સ્પષ્ટ સમજાઇ આવશે. અને ઊંડો રસ લેનારને એ પણ જણાશે કે સામાન્ય પ્રસંગદર્શી ચિત્રો કરતાં આવાં ભાવ-ચિત્રો ગૂઢ હોવાથી વધારે મનોભાવી તથા અસરકારક લાગે છે.

卐

ચિત્રોની પેઠે કાવ્યના પણ વિવિધ રૂપપ્રકાર હોય છે. તે બધા વિષે તો નહિ, પણ 'કુમાર'માં મોટે ભાગે આવતા એક પ્રકાર 'સૉનેટ' વિષે ટૂંકામાં થોડી વિવેચના જરૂરની છે. અહીં તેની બારીક વિગતો અને તાત્ત્વિક નિરૂપણ છોડી દઇને માત્ર તેની રચના અને ભાવદર્શન સમજીશું. કોઇ પણ એક વિચાર, પ્રસંગ કે ભાવને સચોટપણે અને અસરકારક રીતે વર્ણવવાનું સારામાં સારૂં સાધન સૉનેટ છે. તે બહુ ટૂંકું ન હોવાથી જે કહેવું હોય તેને માટે ઠીક અવકાશ રહે છે; તેમ બહુ લાંબું ન હોતાં ચૌદ જ લીટીના તેના મર્યાદિત સ્વરૂપમાં લાંબા પિષ્ટ-પેષણ વિના સુઘટિત રીતે વિચારનિદર્શન થઇ શકે છે.

સૉનેટ ચૌદ જ લીટીનું હોય. તેના બે વિભાગ હોય. પહેલું આઠ લીટીનું અષ્ટક અને બીજું છ લીટીનું ષટ્ક. એ ષટ્કમાં પણ છેલ્લી બે લીટી મોટે ભાગે છૂટી પડીને સ્વતંત્ર ભાવદર્શક બની રહે છે. હવે આ રચનામાં નિયમ એવો હોય છે કે કાવ્યનો મુખ્ય વિચાર પહેલેથી શરૂ થઇ અષ્ટક આગળ પૂરો થાય, અથવા તો ચાલુ રહેવાનો હોય તો વિરામ લે; અને ષટ્કથી એ વિચાર ઝોક ખાઇને બીજું સ્વરૂપ લે, અથવા વધુ જોરદાર બને. ઘણીવાર તો ષટ્કથી નવો જોરદાર વિચાર જ શરૂ થાય. એટલું તો ખરૂં જ કે ષટ્કથી વિચારનો પ્રવાહ ઝોક ખાય તે વધારે જોરદાર અને મોટે ભાગે ભાવદર્શી હોવો જોઇએ.

એ વિચાર બે રીતે અંત પામે: કાં તો ષટ્કની ચોથી લીટીએ અંત પામી છેલ્લી બે લીટીમાં નવો ભાવ નિરૂપિત કરતો કાવ્ય પૂરૂં કરે; અથવા તો એ ચોથી લીટીએ વિરામ લઇ, છેલ્લી બે લીટીમાં વધારે જોર પકડી, સારદર્શી ચોટ મારી પૂરો થાય. પણ એટલું તો અનિવાર્ય કે છેલ્લી બે લીટીમાં કાવ્યના મુખ્ય ભાવની જોરદારમાં જોરદાર ચોટ આવવી જોઇએ, અને કાવ્ય પૂરૂં થતાંની સાથે, કોઈ ઉચ્ચ ભાવ કે ઉન્નત રસની સબળ, ચિરંજીવ છાપ વાચકના હૃદય પર અંકિત થવી જોઇએ. આમાં જો એ નિષ્ફળ નીવડે, ઊણું રહે અથવા મોળું પડે તો એનું સૉનેટપણું ઓછું; અને સૉનેટ કહેવાનું જ મન ન થાય.

卐

હવે આ દૃષ્ટિએ 'કુમાર'માં આવેલાં સૉનેટો વાંચી જજો. આ માળાના પહેલા હપ્તામાં જણાવ્યા પ્રમાણે, પ્રથમ ગદ્ય સ્વરૂપે તેનો અર્થ જાણી લઇ, ઉપરની દૃષ્ટિથી તેને તપાસી સમજવાનો પ્રયત્ન કરવાથી રસ પડશે. દાખલા તરીકે આપણે ગયા જ અંકમાં પહેલે પાને આવેલું 'આશિષ' વાળું સૉનેટ લઇએ. એ કાવ્યનો પ્રધાન ભાવ આશિષ માગતી પ્રાર્થનાનો છે. તેની પહેલી આઠ લીટીમાં આશિષની આકાંક્ષા પ્રકટ કરી છે; નવમી લીટીથી–ષટ્કની શરૂઆતથી–એ ભાવ પલટો ખાઇ-ને, અનંત વિશ્વની સરખામણીમાં માનવી કેટલો અણુતમ ક્ષુદ્ર છે તેની વિચારણામાં ઊતરી, અભિમાનના પ્રાયશ્ચિત્ત માટે તપસાધના ને ભકિતથી પ્રભુને સંતોષવાની ટોચ સુધી પહોંચે છે; ને પછી છેલ્લી બે લીટીમાં એ તુષ્ટતાના બદલામાં ખૂણીભરી વિનમ્રતાથી આશિષ માગી કાવ્યને પરાકાષ્ઠાએ પહોંચાડી દીધું છે. તેમાં છેલ્લી લીટીનાં અર્થભાર અને ચોટ છે તેટલાં ઉત્તમ ન હોય તો આખા કાવ્યની મહેનત નિરર્થક નીવડી તે મોળું પડી જાય, અને ધારી અસર ન પાડે.

卐

આ અંકને પહેલે પાને ત્રણ સૉનેટોના ગુચ્છથી બનેલું–બિલિપત્ર જેવું—એક કાવ્ય છે. એમાંની પ્રત્યેક સૉનેટ ત્રણ મહાન યુગદ્રષ્ટા કવિઓને ઉદ્દેશીને લખાએલી છે. પહેલી બે વાલ્મીકિ તથા વ્યાસને સંબોધીને છે; અને ત્રીજીમાં ભવિષ્યમાં અવતરવાના કોઈ 'ભરતકુલકવિ પ્રૌઢ વાચસ્પતિ' કવિનું આ-વાહન કર્યું છે. દરેક સૉનેટના શરૂઆતના અષ્ટકમાં તે તે કવિના ઉદ્ભવ સમયના સંસ્કાર અને સમાજની પરિસ્થિતિનું વર્ણન છે, અને ષટ્કથી એ સ્થિતિમાં કવિએ કેવી યુગદર્શી કૃતિઓ રચી તે દર્શાવી, છેલ્લી બે લીટીમાં એ વિચારને ટોચે પહોંચાડી, તેને આદરભાવપૂર્વક પ્રશસ્તિરૂપ સંબોધન કર્યું છે. વાલ્મીકિનો

ઉદ્‌ભવ થયો તે સમયે–સૃષ્ટિના બાલ્યકાળમાં જ્યારે 'સરલ શુભ સન્મંત્રો' સ્વયં ગુંજતા'તા તે સમયનું વર્ણન પ્રસાદભરી અસરકારક ભાષામાં કર્યું છે. એવે સમયે ક્રૌંચીની કરુણ ચીસથી કારુણ્યમૂર્તિ વાલ્મીકિના મૃદુ અંતરનો શોક શ્લોકત્વ પામ્યો અને રામાયણનો ઉગમ થયો. રામાયણ એટલે આદર્શ સમાજ-સ્થિતિનું ચિત્ર. 'એમાં' કવિ વાલ્મીકિને કહે છે કે, 'તેં રામસીતા ગાઇને જગકુલની શીળી મીઠી વ્યવસ્થાનાં મૂલ્ય માપ્યાં, માનવ-હૃદયનું ભવ્ય દૈવત્વ સ્થાપ્યું અને લોકોના હૃદયમાં ભદ્રદર્શી ભાવના જગાવી. તારી એ દિવ્ય ભાવાર્થભીની વીણા હજી યે હૃદયહૃદયમાં રણકે છે. યુગોથી વહી આવેલી એ કાવ્યગંગા જગતને પીયૂષપાનથી પોષતી આવી છે.' અને છેલ્લી બે લીટીને જોરદાર બનાવતાં પ્રશ્ન પૂછે છે કે 'તારે લીધે રામ કાવ્યમાં અમર થયા, કે એ મહાવીરને લીધે તારું કાવ્ય સર્જાયું?' અને પછી 'એ ગમે તેમ હો; પરંતુ તમે બંને વિશ્વમાં અમર છો.' એવી ચોટથી સૉનેટ પૂરી કરી છે.

જનવિચારની દિશાએ દિશાને આવરી ચૂક્યો છે. એનાં મોજાં સ્પર્શ્યાં ન હોય એવું જગતમાં કશું નથી રહ્યું. માનવ ઉરનો એક પણ ભાવ એવો નથી કે જે એમાં ન ગવાયો હોય. દુનિયામાં જે કંઇ છે તે બધું તારું એંઠું છે.'

અને ત્રીજી સૉનેટમાં છે, જે ત્રીજો કવિ અવતરવાનો છે તેનું આવાહન. અત્યારની જગતની સ્થિતિનું તેના શરૂઆતના અષ્ટકમાં વર્ણન છે: દુનિયાનાં બધાં રાજ્યો યુદ્ધના વંટોળથી ડગમગી રહ્યાં છે, આજની યંત્રવાદી દુનિયાની સંસ્કૃતિ પોતાને જ હાથે સેંકડો જખમો પામી મૂછિંત થઇ પડી છે; અને આ કરપીણ સ્થિતિ પ્રજાસત્તાક રાજ્યો જેવાં લોકશાસનો પણ અટકાવી નથી શક્યાં. એવે સમયે હિંદુસ્તાનમાં કેવળ પ્રેમ વડે જ કલ્યાણ સાધવાની જે નવી પદ્ધતિ–અમૃતની ગળતી વીરડી જેવી, પ્રકટી છે તેને વીણા ભરીને જગતના તળમાં વહવા, કોઇ એવા શાંતિના સ્વપ્નસ્રષ્ટા અને દિવ્ય દ્રષ્ટા કવિની જરૂર છે જે પ્રત્યેક માનવીના હૃદયમાંની માનવતા પરખે, દુનિયા આ-

## લેખકોને વિનતિ

આ પહેલી વાર નથી; અગાઉ ઘણીવાર થઈ ગઈ છે; છતાં ફરીથી આગ્રહપૂર્વક કરીએ છીએ કે જેઓ પોતાનો લેખ સ્વીકારાયા સંબંધેની માહિતી, અથવા તેવા કોઇ ખબર, કે તે ન સ્વીકારાય તો પાછો મેળવવા ઈચ્છતા હોય તેમણે તે માટેનું પોસ્ટેજ સાથે મોકલવું જ જોઇએ. દુનિયાભરના પત્રકારિત્વ સાથેના પત્રવ્યવહારનો એ માન્ય શિરસ્તો છે. જેની સાથે પોસ્ટેજ નહિ મળ્યું હોય તેવા કોઈપણ લેખ, કાવ્ય કે ફોટોગ્રાફ વિષેના કોઇપણ જાતના ખબર આપવાની અથવા તે પાછું મોકલવાની જવાબ-દારી અમારે શિર નથી. કેટલાક ભાઇઓ લખાણ સાથે કશું પોસ્ટેજ ન મોકલતાં છતાં તેની પહોંચ, અથવા તે ક્યારે છપાશે તેના ખબર, લખી જણાવવાની માગણી કરે છે; જ્યારે કેટલાક તો વળી, પોસ્ટેજ વિનાનો લેખ મોકલીને પછી આઠ દહાડે, પંદર દહાડે એમ વારંવાર પોતાની વસ્તુ માટે ઉપરા-ઉપરી પૂછપરછ કરનારા કાગળો લખીને ઘણું અઘટિત પોસ્ટેજ બગાડ્યા કરે છે, પણ ઉત્તર માટે ટિકિટ કે કાર્ડ બીડવાની કૃપા કરતા નથી! આ સૌ ભાઇઓને ઉપલા શિરસ્તાની ફરીફરીને યાદ આપીએ છીએ.

મહાકવિ વ્યાસે મહાભારત રચ્યું તે વળી કોઈ વિપરીત પરિસ્થિતિને પરિણામે. દેવદાનવોએ પ્રાચીન રત્નોને માટે મેરુનું મોટું વલોણું લઈ જલધિનાં જલ વલોવ્યાં હતાં તેવી રીતે એ સમયની ચડી આર્ય પ્રજાઓ પરસ્પરનાં નિર્દય યુદ્ધોથી વલોવાઇ રહી હતી અને આખા માનવકુલમાં હળાહળ ઝેર પ્રસરી રહ્યાં હતાં; એવે કાળે, એ મૃત્યુથી ઘેરાએલા વિનાશને સમયે, વ્યાસના કાવ્યરૂપી અમીકુંભ પ્રકટ્યો. એ કાવ્ય 'મહા-ભારત'માં માત્ર એ યુગના ઇતિહાસની ભવ્ય ગાથા જ નથી, પણ દેવ અને દાનવોના જેવાં મંથનો માનવીના આત્મામાં થાય, તથા માનવહૃદયમાં દાનવી ઝેર પ્રસરે ત્યારે આસુરી બળો સામે લડવાની શક્તિ દે એવાં કાવ્યનાં અમૃત છે અને પછી એ મહાભારતની અને કવિની પ્રશસ્તિ ભવ્ય શબ્દો અને કલ્પનામાં આપણા કવિએ કરી છે: 'તારું મહાભારત એ તો વિશાળ કાવ્યસિંધુ છે તે ઘોર ગર્જના કરતો સૃષ્ટિ અને

ખીનાં રાજ્યોનું ઐક્ય ગાય, એ વિવિધતામાં પણ અભેદ રચે ને પોતાની એવી અનુપમ કાવ્યવાણીથી વિશ્વભરમાં માંગલ્ય પ્રકટાવે.

ૐ

શ્રી મનઃસુખલાલ ઝવેરીનું કાવ્ય 'મનુજ આટલો વામણો' જે આ અંકના ૫૪મે પાને આપ્યું છે તે રૂપે અને ઘડતરે સૉનેટ ન હોવા છતાં સૉનેટના ગુણ તો ધરાવે છે. ૧૭ લીટીના એ કાવ્યની પહેલી નવ લીટીમાં 'મહા બળવાન માનવી'ની ભવ્યતાનો ખ્યાલ આપતા, 'જે ધરતી ને આભ ભેગાં કરી ત્રણે કાળને પણ વર્તમાનમાં ફેરવી નાખવા જેટલો શક્તિમાન છે, . . . . .' વગેરે કહીને, 'મહાબલ વિરાટ' માનવ માત્ર પોતાના જીવનપ્રશ્નની બાબતમાં જ આટલો વામણો–પામર, નાચીઝ–કેમ બની જતો હશે એવો પ્રશ્ન કર્યો છે; અને પછી ૧૮મી લીટીથી ઝોક લઇને એ પ્રશ્નના ઉત્તર રૂપે જ એની પામરતાને વર્ણવી બતાવી, છેવટે ઉપાલંભ રૂપ ચોટદાર પ્રશ્નથી છેલ્લી બે લીટીમાં કાવ્ય પૂરું કર્યું છે કે 'આવા માનવીની પેટની

ગુફા શું એવડી વિશાળ હશે કે જેમાં સ્વમાન, મતિ, બુદ્ધિ, સ્વાતંત્ર્ય ને આત્મા સુદ્ધાં ડૂબી જાય છે ?' પેટને ખાતર માનવી આ બધું વેચીને પામર બને છે ?! ખરેખર અસરકારક કાવ્ય છે.

ૐ

ટૂંકાં કાવ્યોનો, 'કુમાર'માં હમણાં હમણાં આવતો એક બીજો પ્રકાર તે સુભાષિતો અથવા મુક્તકો. સૉનેટની પેઠે તેને પણ ચાર (કે ક્વચિત્ પાંચ કે છ) લીટીની મર્યાદા હોય છે. તેમાં પણ, કોઇ એક નાનોસરખો વિચાર સુગ્રથિત રીતે પ્રકટ થઇ છેલ્લી લીટીની સાથે ચોટ મારતો પૂરો થાય એ તેનું ગુણલક્ષણ. 'સુભાષિતો' તેના અર્થ પ્રમાણે સુંદર ભાષામાં બોધક અને સારદર્શી કાવ્યકણ જેવા હોય, અને ચાર લીટીમાં ચૌદ લીટીનો સાર સારવીને ભર્યો હોય એટલાં અર્થભારવાળાં હોય. તેના બીજા નામાર્થને સાર્થ કરતાં તે ખરેખર કાવ્યનાં મુક્તકો જ હોય. મુક્તકો સામાન્ય રીતે પરલક્ષી-બીજાને ઉદ્દેશીને લખાએલાં હોય, અને ઘણી વાર તેમાં અન્યોક્તિ હોય; એટલે કહેલું હોય કોઇને ઉદ્દેશીને, પણ તે બીજી વ્યક્તિને અથવા સામાન્ય જનસમૂહને લાગુ પડતું હોય. આ અંકમાં પ્રકટ થએલું 'દાવાનળને' નામનું મુક્તક એ પ્રકારનું ગણી શકાય. કવિશ્રી દલપતરામનાં સાદી સચોટ ભાષામાં લખાએલાં અન્યોક્તિ અલંકારવાળાં સુંદર મુક્તકો ગુજરાતીમાં છે. આ યુગનાં મુક્તકો નવા વિચારપ્રવાહને અનુષંગી કોઇ ઊંડું સત્ય અથવા સંદેશ પ્રકટ કરતાં હોય. એવાં તેજસ્વી મુક્તકો શ્રી રતિલાલ શુક્લે હમણાં આપવા માંડયાં છે. 'કુમાર'ના આ અંકમાંના એમનાં બંને મુક્તકો વાંચી જજો. —ઈ. ત.



# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આજ સુધી—હરીફાઇઓમાં આવી સરસાઇ કરતો મોટો જથ્થો ભાગ્યે જ આવ્યો છે. આ વખતે આવેલા, હરીફાઇમાં શોભે એવા તથા એકએકથી જુદી ચિત્રદૃષ્ટિ બતાવતા ઘણા ફોટોગ્રાફો; અમને સંતોષ ને આનંદ આપે છે. જેઓ હરીફાઇમાં ભાગ લેતા નહિ હોય તેમને પણ એ જોઇને એક પ્રકારનું કુતૂહલ અને રસનો અનુભવ થયા વિના નહિ રહે.

પહેલા ઇનામને પાત્ર થએલું કુમાર શ્રી નટવરસિંહજી (મોગર)નું પાવાગઢની મસ્જિદનું ચિત્ર તેની ફોટોગ્રાફી, ઉઠાવ અને વાતાવરણથી ધ્યાન ખેંચે છે. આવું દશ્ય લેનાર સામાન્ય માણસ મકાનનો દરવાજો બરોબર વચમાં રાખી તેને સાધારણ ચિત્ર બનાવી દેત. પરંતુ આમાં એ ચિત્રદોષ નથી. વળી કૅમેરા પકડવામાં ભૂલ થાય તો મકાનની રેખાઓ વાંકીત્રાંસી થઈ જવાના દાખલા પણ ઘણા બને છે. એ બધાથી આ ચિત્ર બચીને સર્વાંગસુંદર નીકળવા પામ્યું છે અને ચિરંજીવ રહેવા લાયક બન્યું છે. તે પછી તરત જ ધ્યાન ખેંચે એવું બીજું ચિત્ર કાંસકી વેચનારી છોકરીનું છે. ભાઇ 'શ્રીદામ' ભટ્ટ (અમદાવાદ) ગરીબ પણ પ્રામાણિક મહેનત પર જીવનારી કોમમાંથી આ એક સુરસ ચિત્ર ઊપાડયું છે એમ લાગ્યા વિના રહેતું નથી. આવાં ચિત્રો ઘણી અગવડભરી રીતે લેવાતાં હોવાથી કૅમેરાનું અંતર કે તેના પ્રકાશદ્વારનાં માપ સાચવવામાં સહેજે ગફલત થઈ જાય છે, અને તેવા જ કારણે આ ચિત્રના અગ્રભાગમાં જોઈતી ઝીણવટ મળી નથી. છતાં પાત્રનિરૂપણ તેમજ ચિત્રવિધાન બંનેની કસોટી આપી શકે એવું તો આ ચિત્ર છે જ. ત્રીજું ઇનામ લેનાર ચિત્ર છગનલાલ જાદવ (અમદાવાદ)નું અંધ બિક્ષુક દંપતીનું દ્રાવક દશ્ય છે. જીવનની રંકમાં રંક દશા અને પતિની અપંગતા છતાં વૃદ્ધ પત્ની તેને સાથ આપી રહી છે અને નિર્વાહ માટે દોરી રહી છે. ચિત્રની પસંદગી, છાયાપ્રકાશની યોજના અને પાત્રોનો અભિનય ત્રણે સચવાયા છતાં ચહેરાઓ પર વધુ સ્પષ્ટ રેખાંકનની ઊણપ લાગ્યા વિના રહેતી નથી. આ બાબતમાં કદાચ કૅમેરાના લેન્સની મર્યાદા કારણભૂત થઇ હશે. આવાં ચિત્રો ઘણાં મોટાં બનાવી શકાય એવી તૈયારી કરવી જોઇએ. ડાકોરના ભાઇ એન. જી. ભટ્ટે પાડેલું પાવાગઢના શિખરનું ચોથા નંબરનું ચિત્ર બેશક નોંધપાત્ર ફોટોગ્રાફ છે, પણ તેમાં ચિત્રદૃષ્ટિથી આકર્ષક કરવાનો થોડો યત્ન થયો હોત તો ઠીક થાત એમ માનીએ છીએ વિવિધ રંગોના વર્ણભેદ પકડવાને ફિલ્ટરો તેમજ એવી પ્લેટો કે ફિલ્મોનો ઉપયોગ હવે અનિવાર્ય જણાય છે. અને તે રીતે આ ફોટોગ્રાફમાં આકાશની વાદળીઓ તેમજ પહાડની વનસ્પતી, ખડકો વગેરેની સ્પષ્ટતા વધી છે; છતાં અસલ વાતાવરણ ઉત્પન્ન કરનારી ચિત્રશક્તિનો અભાવ લાગે છે તેને તેમજ પાંચમા નંબરના ભાઈ જશવંત ઠક્કર (મુંબાઇ)ના પ્રતાપગઢના ચિત્રને પ્રોત્સાહક પારિતોષિક મળે છે આ બીજા ચિત્રમાં

ચિત્ર માટે યોગ્ય સ્થાન પસંદ કર્યા પછી ઉપર જણાવેલા ફિલ્ટર વગેરેમાંના કોઇ સાધનનો ઉપયોગ નહિ થવાથી પહાડી હવા અને વિશાળ દૃશ્યની છાપ ઊઠી નથી. 'તોફાન પછી' નામનું નંબર ૬ નું ભાઇ ગજેન્દ્ર ઠાકોર (કૅમ્બ્રિજ-ઇંગ્લંડ)નું ચિત્ર સારી ફોટોગ્રાફી રજુ કરે છે, પણ આંખને રૂચિ કરાવે તેવું આકારોનું સંયોજન એમાં નથી. નં. ૭ માં ભાઇ ઠા. લ. ગાંધી (રંગુન) સૂર્યાસ્ત લેવામાં સફળતા પામ્યા છે, પણ દૃશ્યની બીજી આકૃતિઓનો ઉઠાવ મેળવી શકયા નથી. આગળનું વૃક્ષ જરા ઘેરૂં ને સુસ્પષ્ટ રેખાઓવાળું બન્યું હોત તો એ અભિનંદનપાત્ર ચિત્ર થઇ રહેત. નં. ૮ નું ભાઈ હર્ષદ પંડ્યા (અમદાવાદ)નું 'કમળ' ચિત્રસંયોજનનો અચ્છો નમૂનો હોવા છતાં સુસ્પષ્ટતા ને ઉજ્જ્વલતાની ઉણપે પાછું પડે છે. અહીં ફરીવાર લેન્સ-ના શક્તિ અને પ્રકાશની ઉણપ આડાં આવે છે.

આ ઉપરાંત બીજા આવેલા ફોટોગ્રાફોમાં મોટી સંખ્યાના એવા છે કે જેમાં સારા ચિત્રના ઘણા ગુણો હોવા છતાં કંઇ ને કંઈ નાના કારણે પાછળ રહી ગયા છે. 'પાટણનો કનસડા દરવાજો' અને 'પાટણના પાદરે' એ બંને ભાઇ મણિલાલ મિસ્ત્રીએ અચ્છી ફોટોગ્રાફીમાં ઉતાર્યાં છે, પણ ચાલુ અવરજવરનાં દૃશ્યો સાવ જનશૂન્ય બતાવતાં તેની ખૂબી ઓછી થઈ જાય છે. એવી જ રીતે સુરતવાળા ભાઇ મનુ વખારિયાનું ગરુડેશ્વરનું દહેરૂં જોઇતા ભાગને ઉપાડી લેવાથી એક સંગ્રહપાત્ર દૃશ્ય બને તેમ છે. એ જ કોટિમાં આવી જતાં બીજાં બે ચિત્રો ભાઈ નરસિંહ પરમાર (બનારસ)નું 'આબ્યો રામ' અને ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર)નું 'જૂની કીર્તિ' છે. આ દરેકનાં ચિત્રો પાછળ અમારી સૂચના મૂકી છે. ભાઇ એસ. આઇ. પટેલ (જંબુસર)નો ચિત્રપ્રસંગ સારો હોવા છતાં તેઓ પ્રકાશ વિષે અને બીજાં ચિત્રવિઘાતક આકારો કેમ ઉઠાવવા અથવા દૂર રાખવા તે પર વિચાર કરે એવી સૂચના છે. વડો-દરાના ભાઈ એસ. એ. પટેલનું 'ગરીબનો મેવો' ચિત્ર સારૂં છે, પણ છાયાપ્રકાશની તીક્ષ્ણતા તથા સ્પષ્ટતા નથી આવી. ભાઇ ચંદ્રશંકર રાવળનું ચિત્ર અખંડ રચનાવાળું હોવા છતાં આકૃતિઓ હાલીને ધ્રૂજી લાગે છે એટલે બગડ્યું છે.



## સીનેમાનો સલાહકાર

મિ. જી. ક્રિગ્રિએટને કોડાક કંપનીએ સીનેમાના ધંધાના ઉસ્તાદ તરીકે રોકી લીધા છે. મિ. ક્રિગ્રિએટ ફ્રેંચ સીનેમા-સૃષ્ટિમાં આગેવાન કારીગર ગણાય છે અને અનેક સફળ ફિલ્મો ઉતારનાર તરીકે તેમનું નામ યુરોપ તથા અમેરિકામાં મશહૂર છે. સીનેમાના ધંધાનું બચપણ તેમણે જોયું છે. ૧૯૦૬માં તે પાથે કંપનીની લેબૉરેટરી સંભાળતા હતા. ત્યાંથી મિ. સેસિલ



હેપવર્થની જોડે કામ કરવા તે ઇંગ્લંડ ગયા અને પહેલી બોલતી ફિલ્મ વાઈવાફોનમાં ઉતારી, જે કેટલાંયે વર્ષો સુધી અઠવાડિયે બબ્બેના હિસાબે ચાલુ રહી હતી. યુરોપના મહાન યુદ્ધ પછી અમેરિકા સીનેમાના ઉદ્યોગમાં જંગી ફેરફાર કરવા મથી રહ્યું હતું ત્યારે મિ. ક્રિગ્રિએટ ત્યાં ગયા અને ત્યાંના મોટા મોટા સ્ટુડિયોમાં વારાફરતી કામ કરી બતાવ્યું. છેવટે 'ન્યૂ ઇરા' (નવ-યુગ) નામની જાણીતી ફિલ્મ તેણે એકલે હાથે ઉતારી, જે સીનેમાની પ્રગતિનો આંક દર્શાવનાર તરીકે ફ્રેંચ પ્રજાસત્તાકના પ્રમુખને બતાવવાને ખાસ પસંદ કરવામાં આવી હતી.

આ ગૃહસ્થ આજે હિંદુસ્તાનની ફિલ્મસૃષ્ટિને સલાહ, સહાય અને સૂચના આપવાને તૈયાર છે અને કોડાક કંપનીએ આ ઉદ્દેશથી જ તેમને પોતાના સ્ટાફ ઉપર લીધા છે.

## ફોટોગ્રાફી હરીફાઇને અંગેનો પત્રવ્યવહાર

કરવા ઇચ્છનારાઓએ પ્રત્યુત્તર માટે પોતાના પત્ર સાથે પોતાન નામઠામવાળું ટિકિટ ચોડેલું કવર મોકલવું જ જોઇએ. તે વિના ઉત્તર આપવાનું બની શકશે નહિ. કેટલાક ભાઇઓ હરીફાઇના ફોટોગ્રાફો સાથે પોસ્ટેજ ન મોકલતાં પાછળથી પોસ્ટેજ સાથે (અથવા ઘણીવાર તો તે વિના જ) પોતાના ફોટોગ્રાફો વિષે પૂછપરછ ચલાવે છે અથવા પાછા મંગાવે છે. આ પ્રકારની પૂછપરછ અમને ઘણી નિરર્થક મહેનતમાં ઉતારે છે; માટે સૌને વિનતિ છે કે હરીફાઇના જે ફોટોગ્રાફો પાછા મંગાવવા ઇચ્છા હોય **તેમની સાથોસાથ જ** અને નામઠામ લખેલું **પોસ્ટેજ ચોડેલું કવર જ** મોકલવું. છુટી ટિકિટો ન મોકલવા વિનતિ છે.

## હિમાલયની પુણ્યગાથા


# શિખરમણિ એવરેસ્ટ

આલ્પસનું ઊંચામાં ઊંચું શિખર બ્લૅંક ૧૬,૦૦૦ ફૂટ, જ્યારે એનાથી દોઢાં ઊંચાં એવાં એક નહિ, બે નહિ, પણ એક સો શિખરો હિમાલયની ગિરિમાળામાં અણનમ ખડાં છે. ૨૭,૦૦૦ ફૂટથી ઊંચાં તો છ શિખરો અજેય ઊભાં છે. પુરુષાર્થને હિમાલયના હમેશના પડકાર છે. સાહસને એ અનંતકાળથી નોતરી રહ્યો છે. જુવાનીઆઓને સદાની એની હાકલ છે. ફક્ત કમનસીબે એ હાકલધ્વનિ જે ઊંચાઇએથી નીકળ્યો છે તે ઊંચાઇએથી હિંદુસ્તાનમાં જ નથી સંભળાતો! દેશાવરના તો અનેક સાહસિક શિખરિણીઓએ એ સાંભળી હિમાલય સાથે હોડ માંડી છે. ૨૪૦૦૦ ફૂટ ઊંચા એનાં શતશિખરોમાંથી હજી બે-પાંચ જ જીતાયાં છે. સાહસ માટે વિશાળ ક્ષેત્ર હજી ત્યાં અણખેડ્યું પડ્યું છે. મુંબાઇથી પૂના વચ્ચે ૪૫ માઇલની માંડમાંડ સરેરાશ લાવવામાં મોટર દોડાવવાની બડાઇ હાંકનારાઓ, કે સાતઆઠ રાત લાગલાગટ આગગાડીમાં મુસાફરી કરનારા બહાદુરો અને નજીવી વાતમાં પૈસાનો વ્યય કરતા ધનિકોનો સાહસ–ખ્યાલ જરી વિશાળ થશે ખરો? કદાચ રડીખડી શોધખોળ, કે સાહસકર્તવ્યો હિંદીઓને હાથે થાય છે તો તેમનાં નામો જાણીજોઇને અવગણાઇ પરદેશીઓને નામે એ કીર્તિ ચડે છે. તે દુર્ભાગ્યમાંથી એ શોધ–સાહસ કીર્તિના અવશેષ બચાવી લેવાની પણ જે દેશના ધનિક વિદ્વાનોને સમજગરજ નથી, તેવા દેશમાં સાહસની લગની પ્રગટવાની અત્યારે બહુ આશા રાખવી એ પણ નિરાશાને નોતરવા જેવું છે. આવી સ્થિતિમાં તો એ પરદેશીઓને હાથે (પરદેશીઓને હાથે જ, નહિ તો આપણે માનીએ નહિ) ભૂલેચૂકે જ્યારેજ્યારે કીર્તિકળશ હિંદીને માથે મૂકવામાં આવ્યો છે તેની વાતો જાણીને જ સંતોષ લેવો રહ્યો. એમાં પહેલો આવે છે એક બંગાળી. એનું નામ સરખું નોંધવાની કોઇને તમા નથી.

ઇ.સ. ૧૮૫૨નું વર્ષ છે. કંપની સરકારનાં દફતરોમાં અનેક હિંદીઓ જુદાજુદા વિભાગોમાં કામગીરી ઉપર લાગવા શરૂ થઇ ગયા છે. હિંદી સરકારના આંકણી ખાતાના વડા સર એન્ડ્રુ વૉઘ પોતાની ઑફિસમાં બેઠા છે. એનો બંગાળી ચીફ ક્લાર્ક અચાનક દોડતો એની ઑફિસમાં ધસી આવે છે. હજી તો એણે શ્વાસોશ્વાસ પણ પૂરા નથી લીધા, અને એ બોલે છે: 'દુનિયાનું ઊંચામાં ઊંચું શિખર, સાહેબ, મેં શોધી કાઢ્યું.'

૧૮૪૯માં જ્યારે હિમાલયની આંકણી શરૂ થઇ ત્યારે એ શિખરને એ ગિરિમાળાનું ૧૫મું શિખર—જેમ K2 તેમ શિખર ૧૫ એમ—નોંધેલું. ગણત્રી કરતાં ત્રણ વર્ષ થયાં, અને શિખર ૧૫ની ગણત્રી ૨૯,૦૦૨ ફૂટ થઇ. જોકે ત્યારે આ માપણી ખોટી હતી. પાછળથી સુધરાઇને ૨૯,૧૪૫ ફૂટની ગણાઇ. એ બંગાળી યુવાનને શી ખબર કે જે શિખરની એણે ગણત્રી કરી એને સર કરવાને હજારો રૂપિયાનો ખર્ચ થવાનો છે; અનેક સાહસિકો એને ખોળે પોતાની શક્તિઓ અજમાવવાના છે; એ હજારો ફૂટ ઊંચે મનુષ્ય પ્રકૃતિ સાથે જીવસટોસટના જંગ ખેડવાનો છે! ઍન્ડ્રુ વૉઘે એ શિખરનું નામ, આંકણીખાતાના એ વેળાના વડા સર જ્યૉર્જ એવરેસ્ટની યાદમાં માઉન્ટ એવરેસ્ટ આપ્યું. ત્યારથી એ માઉન્ટ એવરેસ્ટ. મનુષ્યજીવન અને કુદરતનો કેવો સંબંધ? ક્યાંનો સંબંધ? શી રીતે બંધાતો સંબંધ?

વર્ષો પછી એ શિખર ચડવાને પહેલો કાફલો નેપાળ ગયો ત્યારે જ ખબર પડી કે એ શિખરનું એ પ્રજાએ આપેલું પ્રાચીન નામ તો બીજું જ છે, અને તે ચોમો લુંગ્મા. ચોમો લુંગ્મા એટલે નેપાળી ભાષામાં પૃથ્વીની માતા. કેટલું સુંદર નામ! અને કેટલું અર્થવાહી! વળી એ પ્રાચીન જમાનામાં કયાં સાધનો વડે કયાં ઓજારો વડે, કયાં યંત્રો વડે એ શિખરની ઊંચાઇ નેપાળી લોકોએ માપીને ગણત્રી કરી એને સૌથી ઊંચા પૃથ્વીની માતા બનાવી હશે? આખો હિમાલય કોણે ખૂંદ્યો હશે? અને તેમાં આ જ ઊંચામાં ઊંચું શિખર છે એ સૈકાઓ પહેલાં કોણે ગણ્યું હશે? શી રીતે માપ્યું હશે? એ અકસ્માત તો ન જ હોય. આખો હિમાલય ખૂંદાએલો, ૧૮૦૦ પહેલાં, એ ચોક્કસ. એ માપણી આંખ વડે જ કરેલી, પાસે જઇને, તે પણ ચોક્કસ. કેવા એ મુસાફરો ને કેવી એ આંખો! અને જાતે



કાળમીંઢ અને બરફના સંયોગવાળા આવા ખડકો-ની કમ્મર પર કીડીની પેઠે ચડીગડીને સાહસિક શિખરિણીઓ હજારો ફીટ ઊંચે પહોંચે છે.

અમર થવાની ભાવના સિવાય કેવું સુંદર આપેલું એ નામ! અંજતા–ઇલોરામાં બેનમૂન કળાના અવશેષો છે. કોણે કીધા એ? ક્યારે કીધા? કયા મહાતપસ્વી કળાકારોએ પીંછી ચલાવી? તેમનાં નામો નથી. તે જ પ્રમાણે આ શિખરનું નામ પાડનાર પોતાનું નામ નથી મૂકી ગયો. છતાં આજે આપણે એ નામને પણ નથી સંભારતા ત્યાં એ નામ પાડનારને તો ક્યાંથી જ સંભારીએ? નામના અને કીર્તિના લોભીઓની જ જગત સ્મૃતિ રાખે છે, એમ?

હું હિંદુસ્તાનનો રાજા, મહાઅમાત્ય કે પ્રમુખ હોઉં, કે થાઉં, તો એ શિખરને ફરી પાછું એ નામ આપું–ચોમો લુંગ્મા અથવા પૃથ્વીની માતા દેવી; અથવા દેવીમાતા, મહામાયા. અથવા જેમ નંદાદેવી (કેટલું સરસ લાગે છે એ?) તેમ માતા દેવી; અથવા હજી બીજું 'વ્યોમદેવી' અથવા 'ગગનગૌરી' અથવા 'ઉમાશિખર.'

પણ હજી વધુ છાતી ફૂલે એવી વાત જાણવાની તો હવે આવે છે.

૧૮૬૦માં કૅપ્ટન મૉન્ટગૉમરીએ કેટલાક હિંદી-ઓને આંકણી કરવાનાં યંત્રો કેમ વાપરવાં એ શીખવ્યું. વિજ્ઞાનનાં એ સાધનો જાણનારાઓને એણે 'શોધક પંડિતો' એવું નામ આપ્યું. પંડિતો નામ આપ્યું એટલે એ બધા હિંદુ જ હતા એમ નહિ; કેટલાક મુસલમાન પણ હતા. તેમાં ખાસ જાણીતો થએલો મુલ્લાં અત્તા-મહમ્મદ તો ઘણો હોશિયાર નીવડ્યો. એક ઇરાની હતો—મીરઝાં શુજા. મીરઝાં શુજાએ ઉત્તર અફઘાનિ-સ્તાન ને પામીરમાં જવાનો માર્ગ શોધી કાઢ્યો. જબરો, કદાવર, ખડતલ અને સાહસિક શિખરિણી એ. એનો અંત, ઘડપણમાં ઓખારામાં એ ઊંઘતો હતો ત્યારે, કોઇએ એનું કપટથી ખૂન કરવાથી આવ્યો. કેમકે એ જમાનામાં પર્વતો ઓળંગનારાઓને તે મુલકની વહેમી પ્રજા શકની નજરે જ જોતી. અને એ જ કારણે એનું ખૂન કરવામાં આવ્યું. મીરઝાં શુજા હતો ઇરાનીઅન (ઇરાની–એટલે તો પારસી કની?) અને પેલો મુલ્લાં અત્તામહમ્મદ. બધા 'પંડિતો' તરીકે જ ઓળખાતા. હિંદુ–મુસલમાન–પારસીનો કેવો સુંદર મેળ? એ પંડિ-તોએ કોમીવાદ માટે તકરાર નહિ કરી હોય? હિંદુ-મુસલમાન ઐક્યનો કેવો સરસ દાખલો!

કલ્યાણસિંગ અને હરિરામ એ બે જણે એવ-રેસ્ટ તરફના ડુંગરા ખૂંદ્યા હતા. એ બંને એવરેસ્ટની આસપાસના મુલકમાં જનારા પહેલા. તેઓ બંને છૂપે વેશે નેપાળમાં ભટકેલા. અને બ્રિટિશ સરકાર એ માટે એમને માસિક શો દરમાયો આપતી? ત્રીસ રૂપિયા! બંનેને અક્ષાંશ રેખાંશનો સારો અભ્યાસ હતો. યારકંદ ૭૭ અંશ પર છે તે પણ એ પંડિતોએ નક્કી કરેલું. મોટે ભાગે તો તેઓ નેપાળી સાધુ બનીને ભટકતા. નેપાળી સાધુઓ હાથમાં માળાને બદલે એક ચક્ર ફેરવ્યા કરે છે તે તો હવે ઘણી જાણીતી વાત છે. તેઓ એ ચક્ર ફેરવતા જાય, અને એ ચક્રની અંદર દાબડામાં નાના કાગળ પેન્સિલ રાખે. તેમાં વખત મળ્યે છૂપીરીતે ગણત્રીઓ નોંધતા જાય. ગળે મણકાની માળામાં નાનાંનાનાં હોકા-યંત્રો માદળીઆં તરીકે પહેરી રાખે. પાસે જે લાકડી






ઉપર: ચમતરીની ખીણ જે હજી સુધી અણખેડાએલી પડી છે. જમણી બાજુ: જૉન્સૅાગ શિખરના માર્ગમાં આવતા બરફના ખડકો.

રાખે. ને અંદરથી ખોલી. તેમાં જુઓ તો થર્મોમીટર અને બીજાં માપવાનાં યંત્રો હોય! વળી થોડીથોડી દવા વગેરે પણ સાથે રાખે ને આમ શોધ ચલાવે. ધર્મના ઓથા તળે આમ સાહસો કરનારાઓની હિંમત અને બુદ્ધિને ધન્ય નહિ? કેમકે એમાં જો પકડાયા તો ધર્મ-ઝનૂનીઓ એમના બાર જ વગાડી મૂકે.

દરેક પંડિત આવી એક કે બહુબહુ તો બે રખડપટ્ટી કરી શકતો. પાછા વળતાં એની તબિયત મોટે ભાગે લથડેલી જ હોય. એ વેળા કંઇ મુસાફરીમાં આજના જેટલા સાધન કે સગવડ ઓછાં જ હતાં? ચોર, લૂટારા, માંસાહારીઓ, જંગલીઓ, જનાવરો તો ખરા જ. વગર રસ્તે, વગર ભોમીએ, ટાઢ, તડકો, વરસાદ, તોફાન, વીજળી વગેરે સાથે બાથ ભીડતાં મુસાફરી કર્યા જ કરવાની. ગણતરી કરવાની, નિરીક્ષણ કરવાનું, અવલોકન કરવાનું, નકશા દોરવાના, આંકણી કરવાની. ખરેખર એ પંડિતોને ધન્ય છે. એમની એ સાહસ-કથા કોણે લખી છે? એમની મુસાફરીનો ઇતિહાસ કોણ જાણે છે? ફક્ત એમણે સંઘરેલું જ્ઞાન આજે આપણી પાસે છે, કે જેને પરિણામે જ ૧૯૨૪માં અને તે પછી એવરેસ્ટ પર ચડવાના પ્રયાસ શક્ય થયા. એ પ્રવાસીઓમાં એક પંડિત કિન્તુપનાં જે કંઇ સાહસો જરા-તરા નોંધાયાં છે, તે પણ રોમાંચક છે. તિબેટમાં સાંમ્પો નદી છે તે જ હિંદની બ્રહ્મપુત્રા છે એ નક્કી કરવાનું કામ એને સોંપવામાં આવેલું. કૅપ્ટન હરમને એને મોકલેલો. હરમન અને કિન્તુપની એવી સંતલસ કે હિમાલયની પૂર્વનાં વિકટ જંગલો પસાર કરતો એ નદીમૂળ તરફ ચાલ્યો જાય તેમતેમ એ અમુક જાતના લાકડાના ટુકડા નોંધ કરીને નદીમાં નાખતો જાય. હવે તમે બ્રહ્મપુત્રાનો પંથ જુઓ. બંગાળમાં ઉત્તરે ખૂણામાં કોઇ આગળ એ ટુકડા પર નજર રાખવાનું નક્કી કરવામાં આવેલું. બે વર્ષ સુધી એ તપાસ રાખવામાં આવી. પણ એકકે ટુકડો હાથ ન લાગ્યો. પછી કૅપ્ટન હરમન માંદો પડ્યો અને ઇંગ્લંડ ગયો એટલે પાછળથી તપાસ રાખવાનું બંધ થયું. સાથેસાથે કિન્તુપના પાછા આવવાની આશા પણ મૂકી દેવામાં આવી.

પણ પેલી બાજુ કિન્તુપને તો તિબેટની સરકારે કેદ પકડેલો. પછી એને ગુલામ તરીકે વેચવામાં આવ્યો અને એમાંથી એનો ચારે વર્ષે છૂટકારો થયો. અને પછી? એણે શું કર્યું ધારો છો? હિંદુસ્તાનમાં રાહ જોતા એના કુટુંબને મળવા એ પાછો દોડી આવ્યો? અરે, એ તો ચાલ્યો નદીમૂળ તરફ, સીધો ને આગળ. જંગલો આવ્યાં ને સંતલસ પ્રમાણે એ લાકડાના ટુકડા કાપીકાપીને




દાર્જીલિંગ આગળથી દેખાતાં કાંચનજંઘા વગેરે હિમશિખરો. (ફોટો · સેન)

નદીમાં ફેંકતો ગયો. પણ અહીં કોણ હવે એની તપાસ રાખવા નવરું હતું જે! બીજાં બે વર્ષ શોધખોળ કરી બહાદુર કિન્તુપ પાછો આવ્યો,—અનેક કિંમતી, ઉપયોગી માહિતી સાથે. એણે વેઠેલી મુસીબતો ને કરેલાં સાહસોથી તો આખું આંકણીખાતું દંગ થઇ ગયું. કેટલાક સાહેબોએ તો એની વાત જ ન માની. પણ ટૂંક મુદતમાં આંકણીખાતાને ચોકસી કરતાં એનો અક્ષરેઅક્ષર સાચો લાગ્યો. બ્રિટિશ સરકારે એને સી.આઈ.ઈ.નો ખિતાબ ને એક મોટા ગામડાની નવાજેશ કરીને ઘડપણમાં સુખે રોટલો ખાવાની સગવડ કરી આપી. ભૌગોલિક સભાએ એને માન આપ્યું. હજી આજે પણ એનાં સાહસો કલકત્તા ઑફિસના દફતરે નોંધાએલાં પડ્યાં છે. આપણા નિશાળીઆઓને જ્યાં સુધી આ બધું ન શિખવાય ત્યાં સુધી એમણે જાતે જ એ બધું તપાસવા વાંચવાનું મહાભારત કામ કરવુ પડવાનું છે.

પણ આપણે તો ઉમાશિખર—એવરેસ્ટ સાથે કામ છે. એ શિખરનું સંશોધન કરવા પંડિત હરિરામને મોકલવામાં આવ્યો હતો. છાનોછપનો એ નેપાળમાં ઘૂસી ગયો. ૨૨,૦૦૦ ફૂટની ઊંચી એક ખીણ પણ એણે પસાર કરી, અને એવરેસ્ટની પશ્ચિમે થઇ તિબેટ પણ પહોંચ્યો. પણ એવરેસ્ટની તળેટી સુધી એ પહોંચી ન શકયો. તે પછી તરત જ ઇ.૧૮૭૯માં એવરેસ્ટના સાન્નિધ્યના પ્રદેશમાં શ્રીયુત શરતચન્દ્ર દાસે પ્રવાસો કર્યા. એ તો છેક તિબેટના મુખ્ય શહેર લ્હાસા સુધી ગયો. લ્હાસા જવું એટલે ભેદી જગતમાં જવું. સાધારણ રીતે ત્યાં કોઈ જઇ જ નથી શકતું. એની મુસાફરીનાં વર્ણનો પણ રોમાંચક છે એટલાં જ આનંદદાયક પ્રેરણાત્મક અને સાહસપ્રેરક છે. મધ્ય તિબેટ અને લ્હાસાની મુસાફરી પર શરત્ચન્દ્ર દાસે એક પુસ્તક પણ પ્રગટ કર્યું છે. એના પછી ખટમંડુ થઇને કેટલાક રોમન કૅથૉલિક ધર્મગુરુઓ ગયા હતા અને ૧૯૦૪માં સર ફ્રાન્સિસ યંગહસબંડે એક લશ્કરી રસાલો મોકલ્યો ત્યારે કૅપ્ટન રૉલિંગ અને મૅજર રાઇડર બ્રહ્મપુત્રા પાસે થઇને ગએલા. એમણે પણ એવરેસ્ટની ઉત્તરે આવેલા ડિન્ગ્રી મેદાન વિષે કંઇ જ માહિતી મેળવેલી નહિ.

એટલે ઉમાશિખર–એવરેસ્ટની પૂર્વમાં થઇને શરત્ચન્દ્ર દાસે ને એની પશ્ચિમે થઇને હરિરામે—એ બે શિખરિણીઓએ જે કંઇ માહિતી મેળવેલી તે ઉપર જ એ શિખર સમીપ જવા માટે ગણત્રી કરવામાં આવી. બાકી શરત્ચન્દ્ર દાસની સાહસકથા પણ જેવીતેવી નથી. ૧૮૭૯માં એણે ૧૬,૭૭૩ ફૂટની ઊંચી ખીણ કાંગલા પહેલી પસાર કરી. જૉન્સૅાગ શિખર પાસે આવેલી જૉન્સોંગ ખીણ પણ એ ચઢ્યો, ૨૦,૨૦૦ ફૂટ. અગાઉ જણાવેલા પંડિતોમાં શરત્ચન્દ્રને સૌથી હોશિયાર પંડિત તરીકે હજી આજે પણ ગણવામાં આવે છે. અંગ્રેજોમાં જૉનસન ૧૮૬૦માં ૨૦,૦૦૦ ફૂટ ઊંચે ચડેલા. ૧૮૮૩માં ગ્રેહામ ૨૨,૦૦૦ ફૂટ, અને ૧૯૦૯માં એબ્રુઝીનો ઉમરાવ ૨૪,૬૦૦ ફૂટ ઊંચે કાશ્મીરમાં ગએલા. ત્યાં બ્રાઇડ્સ પીક ૨૫,૦૦૦ ફૂટ ઊંચું શિખર છે તે તેઓ ચડ્યા, પણ હવા ન મળવાથી ૨૪,૬૦૦ ફૂટ




નારસિંગ શિખર પર સૂર્યાસ્ત • નારસિંગ એ કાંચનજંઘાના પડખાંની જ શિખરમાળામાં છે.

ઊંચેથી પાછા ઊતર્યા. બ્રાઇડ્સ પીક એટલે વધૂશિખર. કેટલું સુંદર નામ! એટલી ઊંચાઇએ પહોંચ્યા પછી આ બાજુ એવરેસ્ટ–ઉમાશિખર જીતવા અનેક પ્રયત્ન થયા, થાય છે, થશે. નગાધિરાજ હિમાલયના એ ભવ્ય ગર્વશિખરનાં દર્શન કરવા હવે આપણે જઇએ.

માઉન્ટ એવરેસ્ટની ઊંચાઇ ૨૯,૧૪૫. કર્નલ બુરાર્ડની છેલ્લી ગણતરી પ્રમાણે ૨૯,૧૪૧. એ તો કાંચનજંઘાને ૨૮,૨૨૫ અને કેતુ શિખરને ૨૮,૧૯૧ ફૂટ ઊંચાં ગણે છે. એટલે કેતુ ૩૪ જ ફૂટ નીચે અને કંચનજંઘા બીજે નંબરે. યંત્રોમાં અવલોકનની ભૂલભાલ, વાદળ-ધુમ્મસોના આંતરા, સૂર્યકિરણોના પડવામાં ફેરફાર, થીજ્યા બરફમાં વધઘટ, એ બધાં અનેક કારણે સહેજસાજ ભૂલો તો ગણતરીમાં આવ્યા જ કરવાની. ગણતરીમાં કદાચ ભૂલ ન થાય, પણ અવલોકન અને માપણીમાં તો થાય. એટલે કાંચનજંઘા ને કેતુ શિખરની ઊંચાઇની સ્પર્ધા હમણાં ચાલ્યા જ કરવાની.

કાંચનજંઘા અને એવરેસ્ટ એ બેમાં ઊંચાઇમાં અલબત્ત એવરેસ્ટ વધે, પણ સૌંદર્યમાં–ભવ્યતામાં કાંચનજંઘા ચડિયાતું. પૃથ્વીના પટ પર પોતાનું સૌંદર્ય છટાથી દાખવનાર જો કોઇપણ હિમગિરિ હોય તો તે કાંચનજંઘા. એ વીર ગિરિ છે. આપણે એવરેસ્ટને ઉમાશિખર કહી શકીએ. એ શરમાળ છે, અનેક ઘુરખા રાખે છે. પણ કાંચનજંઘા ગૌરી નથી, ગૌરીનાથ છે; ગૌરીશંકર છે. એ દેવી નથી, દેવ છે—મહાદેવ છે. હજી આજે પણ કાંચનજંઘાને ગિરિપ્રદેશના મહાદેવ તરીકે પૂજવામાં આવે છે. હજી આજે યે દાર્જીલિંગમાં એક ખૂણે ઑબ્ઝર્વેટરી હિલ (શું નામ આપીશું એને? અવલોકનગિરિ કે નિરીક્ષણ કુંજ?) ઉપર સેંકડો વાવટીઓનો, અંજલિઓનો, અર્ઘ્યનો ઢગલો વધતો જ જાય છે. અહીં એ ગિરિદેવને પૂજા અર્પવામાં આવે છે. અને કોઇ પણ લામાને પૂછો, કોઇપણ ભૂતીઆને પૂછો,–કવિતામાં રૌદ્રરસ ને વીરરસ આલેખનારી ભલભલી જબાનને ભોંઠી પાડે એવી વાણીમાં એ લોકો કાંચનજંઘા ભગવાનની અનેક પ્રચંડ શક્તિઓનું વર્ણન કરવા મંડી પડશે. હજી આજે પણ સિક્કિમનો રાજા એ દેવને અર્ઘ્ય અર્પવા દર સાલ પૂજામહોત્સવ–કર્મકાંડ કરે છે. કોઇ વાર તો છેક લ્હાસાથી લામા ધર્મગુરુઓ એ ક્રિયા કરાવવા આવે છે. એ પૂજા ન થાય તો એ ગિરિપ્રદેશનો મહાદેવ ભાલા સમાન તીક્ષ્ણ વીજળીઓ વડે, મહા વિકરાળ ભયાનક સ્વરૂપની લાલભૂરી ચ-

મકતી તલવારો વડે, અનેક હિમશિલાઓ ઉછાળી ઉછાળી, ભીષણ ગર્જનાઓ કરી, વિશ્વમાં પડછંદા પડઘા પાડી, કાન ફાડી નાખે અને હિંમત હારી નાખે એવા મેઘનાદો વડે, વાદળસેનાના કાફલાઓ પર કાફલાઓ યોજી ઝંઝાવાતો, હિમપ્રપાતો, ધુમ્મસવંટોળો વડે મનુષ્યને હેરાન કરી નાખે એવી માન્યતા છે; એટલે એ દેવને શાંત કરવા દર સાલ બલિ અર્પવામાં આવે છે.

## મનુજ આટલો વામણો?

• પૃથ્વી •

મહાબળ મનુષ્ય જે ધરણી-આભ ભેગાં કરી
ત્રિકાળ પણ વર્તમાન મહીં ફેરવી નાખતો,
પડે, લડથડે, છતાં ઉપહસી ય વિઘ્નો બધાં
મહાનદ સમો ધપી અડગ એક આદર્શ પે
અગસ્ત્ય બની પી જતો ઉદધિ જ્ઞાનવિજ્ઞાનનો,
કરી વશ નિયોજતો પ્રકૃતિતત્ત્વ સૌ ગૂઢ, ને
હસન્મુખ ઊવેખતો કુદરતી બળો સામટાં; —
મહાબળ વિરાટ એ મનુજ આટલો વામણો
બની કયમ જતો હશે જીવનપ્રશ્નમાં એકલા?


અતાગ જળ તાગતો જીવનનાં જળે શે ડૂબે?
સદા અભય ગૂંજતો, જીવન પાસ શેણે ડરે?
નિગૂઢ જગ-પ્રશ્નને સરળ સહેજમાં જે કરે,
ઉકેલી કયમ ના શકે જીવનનું જ જાટિલ્ય એ?

અસીમ અવલોકતાં નયનની શું સીમા નહીં?
ભગીરથ પ્રયત્નની સકળ સિદ્ધિ શું ત્યાં વસી?
ગુફા ઉદરની હશે અતિ વિશાળ શું આટલી,
શમે જહીં સ્વમાન, આત્મ, મતિ, બુદ્ધિ, સ્વાતંત્ર્ય સૌ?

**મનઃસુખલાલ મ. ઝવેરી**

હિમાલય આખામાં કાંચનજંઘા જેટલો ક્રોધાગ્નિ બીજા કોઈ પણ શિખર પર નથી પ્રજ્વલતો. એણે આજ સુધીમાં ભોગ પણ કાંઈ ઓછા નથી લીધા. ક્રોધાગ્નિ શમતાં એનું શાંત દર્શન પણ તેટલા જ પ્રમાણમાં મનોરમ છે. કાંચનજંઘા હિમાલયમાં એક અનોખા પ્રકારની અદ્વિતીય ગિરિમાળ છે. આખા હિમાલયની પર્વતમાળામાં એ એક, પોતાનાં સ્વતંત્ર હવાપાણીથી માંડી આખા સૌંદર્યની સૃષ્ટિ સરજવાની શક્તિ ધરાવનાર કોઈ જુદી જ ગિરિસત્તા છે; પોતાની વ્યવસ્થા, પોતાના કાયદા, પોતાની રચનાવાળું એક સ્વતંત્ર રાજતંત્ર છે. કાંચનજંઘાની ગિરિમાળ ધારે તેવાં હવા ને વાતાવરણ રચી શકે છે, એટલું જ નહિ પણ આસપાસની બીજી ગિરિમાળ તેમજ ગિરિકંદરો પર પોતે ઉત્પન્ન કરેલી આબોહવાની પણ અસર કરી શકે છે. આખી પૃથ્વીમાં હિમસૌંદર્યમાં એ સૌથી મોખરે છે. એ રાજાધિરાજની આસપાસ વીસ પચીસ માઈલના અંતરમાં અનેક ખંડિયા રાજાઓ જેવાં સુંદર શિખરો આવી રહ્યાં છે, અને તેટલી જ સુંદર ખીણો છે. અરુણ ખીણ, ઋષિ ખીણ, રંજિત ખીણ અને સૌથી સુંદર તો એવરેસ્ટ અને કાંચનજંઘાની વચ્ચે આવેલી કામ ખીણ—ગંધમાદનવન—નું સૌંદર્ય અદ્ભુત છે. ટ્વિન શિખર–(યમલ શિખર)–સીમ્વુ, રામથંગ–(રામસ્થાન), લોહનક, કાંગબેચન, કબ્રુ, જૉનસંગ, વેજ (ફાચર જેવા આકારનું) શિખર, ટેન્ટ પીક (શિબિરશૃંગ) વગેરે અનેક ૨૦ ને ૨૫ હજાર ફૂટ ઊંચાં શિખરો એની આસપાસમાં છે. એ સૌ કાંચનજંઘાની હકુમત સ્વીકારી એની આજ્ઞા પ્રમાણે વર્તે છે.

કાંચનજંઘા પાંચ મહાન હિમભંડારોનું બનેલું શિખર કહેવાય છે. એ શિખર વિષે એક માસિકમાં સાત સૉનેટમાં એક કવિતા પ્રગટ થઈ ગઈ છે. સાધારણ રીતે છબીઓમાં ત્રણ અથવા પાંચ શિખરહારમાં શોભતી કાંચનજંઘાની ગિરિમાળ દેખાય છે. તો એ અંજલિ સાત સૉનેટોમાં શા માટે આપવામાં આવી હશે એવી સ્વાભાવિક શંકા થાય. પણ કાંચનજંઘાને જરા દૂરથી, એટલે આશરે વીસેક માઈલથી જોવામાં આવે તો એની સાત શિખરમાળ જણાય છે. બે બાજુનાં છેલ્લાં શિખરો જરા નીચાં છે, એકાએક દેખાતાં નથી. તે ઉપરાંત મધ્યશિખરને અને એ જ કેન્દ્ર ગિરિશૃંગને શિવસ્વરૂપ કહ્યો છે, પણ નેપાળ, ભૂતાન અને સિક્કિમમાં મનાતી માન્યતા પ્રમાણે તો કાંચનજંઘા તોફાનોના મહાક્રોધી મહાદેવ ગણાય છે. અને કુદરતમાં પ્રચંડ તાંડવ સર્જનાર મહેશ નહિ તો બીજો કોણ હોઈ શકે? એનો



**હિમાલયમાં એક સરોવર**

ક્રોધાગ્નિ, એની ભવ્યતા, એનું કલ્યાણદર્શન અનેરાં જ છે; હિમાલયમાં એ અનન્ય છે.

ત્યાંના ગામલોક માને છે કે એ શિખર પર બેઠો-બેઠો કાંચનજંઘ દેવ મનુષ્યનું ભાવિ ઘડી રહ્યો છે. એ કોપાયમાન થતાં સર્વને સંહારી શકે છે. એનાં આયુધો તીક્ષ્ણ અને વિઘાતક છે. મનુષ્યને મહાન કરવાની એની

શક્તિઓ અનેક છે, ને એથી આજ સુધી એ અજેય છે.

એ શિખર પર ચડવાના પણ પ્રયાસો થયા છે. એ પ્રવાસવાર્તાઓ ખૂબ રસિક અને પ્રેરક છે. છેલ્લો પ્રયાસ '૨૮માં થયો; અને લગભગ ૨૫,૦૦૦ ફૂટ ઊંચાઇ પરથી જ એ મહાશક્તિએ મનુષ્યને હંફાવ્યા. એકબે વજ્ર જેવા એના હિમપ્રપાત જ બસ હતા. પણ કાંચનજંઘા વિષે અહીં આટલું જ. એ ભવ્ય ગિરિદેવને વંદન કરી આપણે હવે ઉમાશિખરની ઘુમ્મટઝાલરો ઉકેલવા જઇએ.

**મા**ઉન્ટ એવરેસ્ટ! ઓગણત્રીસ હજાર ફૂટથી પણ ઊંચું! કેવું હશે? ત્યાં જઇ શકાય? માણસ ત્યાં પોતાની પગમ્હોર બેસાડશે? શી રીતે ત્યાં જવાય? કયા રસ્તે, કેવી રીતે, ક્યાંથી, શા સારૂ? કોણ કોણ ગયું, ક્યાંથી પાછા ફર્યાં, કેમ પાછા ફર્યાં? ત્યાં શું છે, રસ્તો કેવો, પ્રદેશ કેવો, સૃષ્ટિસૌંદર્ય કેવું?

કાંચનજંઘા જેમ નેપાળ અને સિક્કિમની બરાબર હદ પર છે, તેમ તેની પશ્ચિમે ને સહેજ ઉત્તરે, આશરે સવાસો માઇલ છેટે, નેપાળ અને તિબેટની સરહદ પર જ એ શિખરમણિ અનેક ગિરિમાળાથી, અનેક હિમહારોથી આચ્છાદિત ઊભો છે. નેપાળની સરકાર ત્યાં જવાને પરવાનગી આપતી નથી. એટલે અહીંથી હિંદુસ્તાનમાંથી સીધા નેપાળમાં જઇ આપણે એ શિખર પર નહિ ચડી શકીએ. એ મુસીબતને લીધે એ શિખર સર કરવા દાર્જીલિંગથી ખીણો ઓળંગી ઓળંગી છેક તિબેટ જઇ, પછી ત્યાંથી પાછા દક્ષિણે આવીને શિખર સર કરવું રહ્યું. વળી એ ગગનગૌરી પોતાની આસપાસ એવી એવી ગરબે ઘૂમતી સાહેલીઓ રાખી ઊભી છે કે એનાં તુરત તો દર્શન કરવાં દુર્લભ થઈ પડે છે. જેટલી એ શરમાળ છે તેટલી જ જાજરમાન પણ છે. ૨૭,૭૯૦ ફીટ ઊંચું માકાલુ. કંચનજંઘા ને માકાલુની વચ્ચે સીધી લીટીમાં આશરે દસ બાર માઇલ દૂર અને પછી માકાલુની ઉત્તરે ૨૫,૪૧૩ ફીટ ચોમો લાન્ઝો, ૨૩,૮૦૦ ખારટાશું, ૨૩,૪૨૦ ખારટા ચંગરી, ૨૫,૯૯૦ ગ્યાચુંગકાંગ, ૨૬,૮૬૭ ચો યુયો, ને એની બરાબર પશ્ચિમે ૨૩,૪૪૦ ગૌરશંકર, એમ ૨૦,૦૦૦ ફૂટ આસપાસનાં અનેક શિખરો એને ઘેરી રહ્યાં છે. મારૂં ચાલે તો એના આસપાસનાં એ શિખરોને દરેકના દેખાવ પ્રમાણે, ઘાટ પ્રમાણે, રૂપરેખા પ્રમાણે, સૌંદર્ય પ્રમાણે એકનું 'કરાંગુલી', બીજાનું 'ચિત્રા', ત્રીજાનું 'વ્યોમરેખા', 'આકાશિકા', 'શશિલેખા', 'સરસ્વતી', 'વિહારિણી', 'નાસિકા', 'મયૂરકા', 'પંચાંગુલી', 'ત્રિરાશિ', 'મેઘગર્ભા', એવાં સખીનામ આપું. અને એ ઉમાશિખરની પૂર્વમાં ૨૨,૧૬૨ ફૂટ ઊંચા 'ન્યોનોરી' શિખરને તો, (હું યે અંતે પામર જ કની? કાર્તિલોભી તો ખરો જ ને? અમર થઇ જવાની હોંસ વાળો! એટલે) એના પર ચાંદની ખૂબ જામતી હોવાથી 'ચન્દ્રવદન' નામ પણ આપું. પણ....

તિબેટ આખો એક ઉચ્ચપ્રદેશ છે: ૧૦થી ૧૨ હજાર ફૂટ ઊંચો. ત્યાં કાઠગોદામ અને અલ્મોડા થઇ માનસરોવરને રસ્તેરસ્તે પણ જઈ શકાય ને દાર્જીલિંગથી પણ જઈ શકાય; છેક પૂર્વમાં ચુમ્બી ખીણમાં થઇને પણ જઇ શકાય. તિબેટ થઇને એવરેસ્ટ ચડવાનું બીજી એક રીતે એમ પણ સુગમ છે કે હિમાલયની મોટા ભાગની નદીઓ બધી હિંદુસ્તાન તરફ વહે છે. હિંદુસ્તાનમાંથી સીધા જતાં એ બધી રસ્તામાં નડે છે. એટલે એક વખત તિબેટ પહોંચ્યા પછી એ નદી ઘોઘો ઓળંગવાનો અડચણ નડતી નથી. તિબેટ તરફથી ચડવામાં વળી ત્રીજો લાભ એ છે કે એ તરફનો ઢોળાવ ચડી શકાય એવો છે. નેપાળ બાજુથી એક તો એવો મોટો ચડાવ આવે છે, કે જે ચડવો લગભગ અશક્ય છે એવું ઘણાકોનું માનવું છે.

એવરેસ્ટની ચોપાસના ગિરિપ્રદેશનું ભૈગોલિક જ્ઞાન સંપાદન કરનારા એ વીરલાઓનાં નામ કદી ભૂલાવાનાં નથી. હિમાલયના ડુંગરાઓ ખુંદવા નીકળનારો દરેક જણ એમને અંજલિ આપ્યા વિના આગળ વધી શકતો નથી. તેમાંના એક ડૉકટર કેલ્લાસ. કેલાસ

### દાવાનળને

· પૃથ્વી ·


દવાનળ! જળી તમે વન વિષે જ પાછા શમો
અને કદી ન ખેલવા જનસમાજમાં કાં ભળો?
નથી શું અહીં વ્હેમનાં વન, અસત્યનાં કાનનો,
અરણ્ય અભિમાનનાં, છળપ્રપંચનાં જંગલો?

**રતિલાલ શુક્લ**



**દાર્જીલિંગમાંથી કાંચનજંઘાનું દર્શન**

કાંચનજંઘા (નેપાળી ભાષામાં કિન-ચુંગ-જાંઘ) હિમાલયનાં સર્વ શિખરોમાં સુન્દરતમ છે. એવરેસ્ટ ઊંચાઇમાં વધે, પણ સૌંદર્યમાં, ભવ્યતામાં કાંચનજંઘા અદ્વિતીય છે; એકલા હિમાલયમાં જ નહિ, પણ જગતભરમાં. એ વીર ગિરિ છે. આપણે એવરેસ્ટને કુમાશિખર કહી શકીએ. એ શરમાળ છે, અનેક બુરખા રાખે છે. પણ કાંચનજંઘા ગૌરી નથી, ગૌરીનાથ છે; મહાદેવ છે. કોઇ તેજોમય મહાન યોગીશ્વર જેવું લાગતું એ શિખર દાર્જીલિંગના ગમે તે ભાગમાંથી સાવ નજીક જ હોય તેમ દેખાયાં કરે છે. તેની ઊંચાઈ ૨૮,૧૪૫ ફીટ છે. ૨૪,૦૦૦ ફીટથી વધુ ઊંચાઈ વાળાં કુલ ૭૫ શિખરો હિમાલયમાં છે, જેમાંનાં ૩૨ તો નેપાળની હદમાં જ છે અને નરી આંખે દેખી શકાય છે. કાંચનજંઘાના પડખામાં દેખાતાં શિખરો ડાબી બાજુથી જોતાં જનુ ૨૫,૩૦૦, કબ્રુ ૨૪૦૧૫ અને પંડિમ ૨૨,૦૨૦ ફૂટનાં છે. આ પ્રચંડ હિમશિખરોનો દેખાવ દાર્જીલિંગથી બહુ ભવ્ય લાગે છે. ત્યાંથી તે એટલાં તો નજીક લાગે છે કે ત્યાં જાણે એક દિવસમાં પહોંચી જઇએ. પણ સીધી લીટીએ તે ૪૦ માઇલ દૂર છે.



**ફોટોગ્રાફીમાં ચિત્રદૃષ્ટિ**

આજ સુધીની ફોટોગ્રાફી હરીફાઈમાં આવી સરસાઈ કરતાં ચિત્રો અગાઉ ભાગ્યે જ આવ્યાં છે. આ વખતે આવેલા ઘણા ફોટોગ્રાફો એકબીજાની સ્પર્ધામાં ઊતરે એવા, સારી ગુણમત્તાવાળા તથા અવનવી ચિત્રદૃષ્ટિ ધરાવતા જણાયા છે, અને જેઓ હરીફાઈમાં ભાગ નહિ લેતા હોય તેમને પણ એક નવા પ્રકારના કુતૂહલ તથા રસનો અનુભવ કરાવે તેવા છે. વિવેચના માટે આ અંકમાં હરીફાઈનું પરિણામ વાંચો.

નહિ, પણ **Kellas** અને બીજો મૅલરી (Mallory). એ ઉપરાંત સર ફ્રાન્સિસ યંગહસબન્ડ, જનરલ બ્રૂસ, હાવર્ડબરી, કૅપ્ટન નોએલ વગેરે અનેક શિખરિણીઓની બુદ્ધિમત્તા, સાહસપ્રવાસો ને અવલોકન પ્રમાણોની પણ મદદ છે. પરંતુ પહેલા બંનેની વધારે. અને તેમાં યે જો જગતના શિખરિણીઓ કોઈને પણ માથું નમાવતા હોય, અર્ઘ્ય આપતા હોય, તો તે મૅલરીને. એનાથી ઊંચી મૃત્યુશય્યા હજી કોઈ મનુષ્યે કે જીવજંતુએ સ્વીકારી નથી. ૨૮,૦૦૦ ફુટ ઊંચે એ ગગનગૌરીને ખોળે એનો દેહ હજી યે હિમાચ્છાદિત એમનો એમ કદાચ પડ્યો હશે !

ડૉ. એ. એમ. કેલ્લાસને હિમાલય ઉપર કોઈ અજબ ભક્તિ અને આકર્ષણ હતાં. ગંગાનાં દર્શન કરવાનું, ગંગાકિનારે લીલા વિસ્તારવાનું જેમ ભટ્ટ મૅક્સ મુલરને મન, તેમ ડૉ. કેલ્લાસને હિમાલય સાથે તાદાત્મ્ય સાધવાનું મન. અસલ એ સ્કૉટલંડનો વતની. લંડનમાં મિડલસેક્સ ઑસ્પિટલમાં ધંધો કરે. દર રજામાં ડૉક્ટર કેલ્લાસ સ્ટીમરમાં બેસી મુંબાઈ ઊતરી સાધો દાર્જીલિંગ દોડે, અને મળે એટલો વખત હિમાલયમાં ગાળે.

જગતની સારામાં સારી, બહાદુરમાં બહાદુર, કસાએલી ટેવાએલી, ખડતલ, પ્રામાણિક, વફાદાર પહાડી જાત તે શેરપા;—જેમની મદદ વગર કોઈ યુરોપીઅન હિમાલય નહિ ખૂંદી શકે, નથી જ ખૂંદી શક્યો. વજ્ર જેટલા સખત ને કુસુમ જેવા સરળ દિલના એ ભરવાડો સાથે ડૉક્ટર કેલ્લાસે દોસ્તી બાંધી. જનરલ બ્રૂસ જેમ ગુરખાનો ગુરુ, તેમ કેલ્લાસ શેરપાનો મિત્ર. એમના આખા જીવનમાં વણાઈ જઈને, એમની મદદ વડે, પોતાનાં અટકળ, અવલોકન, બુદ્ધિ અને સાહસબળે એણે કૈં કેટલાં યે શિખરો સર કર્યાં. પણ સૌથી અજબ જેવી વાત તો એ કે ડૉક્ટર કેલ્લાસની આ પ્રવૃત્તિની કોઈને જાણ નહિ. એને કોઈ ઓળખે પારખે પણ નહિ. તેમ પોતાની આ પ્રવૃત્તિનાં નગારાં વગાડી

## શી ખોટ ?

· સ્રગ્ધરા ·

તારે જો બેસવાને જનસમહ વિષે એક ખૂણો ય લાધે,
ગાવા બેચાર ગીતો ઘડીક પણ મળે તાલ વ્હેતા ઝરાનો,
સૂવાને ગોદડી જે મહીંથી નિરખવાં ઘૂમતાં વ્યોમચક્રો,
ખાવાને રોટલા બે, જીવનમહીં પછી ખોટ શી ભાઈ! તારે
કે તું ના વહાવે જીવનરસ દુઃખો સૃષ્ટિનાં ફેડવાને ?

**રતિલાલ શુકલ**

જાહેરાત કરવાની એને પરવા પણ નહિ. રજા પડે કે લેબોરેટરીમાંથી એ ક્યાં ગૂમ થઈ જાય તે કોઈ જાણે નહિ; ન છાપાવાળા જાણે ! ન સગાંવહાલાં જાણે. રજા પડે કે તરત છાનોમાનો સટકી જઈને હિમાલયની જટાઓમાં એ એકલો એના શેરપા નોકરો સાથે ઘૂમતો હોય. કાંચનજંઘાની આસપાસનો પ્રદેશ પણ એણે જ નોંધ્યો. ૨૨,૩૬૦નું સીમ્બુ, ૨૨,૮૦૦નું લૅંગ્પો, ૨૧,૧૪૦નું સેન્ટીનલ (સંત્રી) એટલાં શિખર તો ૧૯૧૦ પહેલાં એણે સર કર્યાં. શેરપા અને ભૂતીઆ નોકરોનાં દિલ જીતવામાં એ ઉસ્તાદ હતો. એણે કરેલી અનેક વૈજ્ઞાનિક, ભૌગોલિક શોધો અમૂલ્ય છે. એવરેસ્ટ પહોંચવાના માર્ગનું એનું જ્ઞાન અગાધ હતું. એવરેસ્ટના સુંદરમાં સુંદર ફોટોગ્રાફોનો એની પાસે થોક હતો. હિમાલયના વાતાવરણ વિષે, ત્યાંના હિમપ્રતાપો, બરફની નદીઓ, ધોધ, ધુમ્મસ, વરસાદ વગેરે વિશે એની માહિતી ઘણી કિંમતી હતી. એવરેસ્ટ સહેલાઈથી પહોંચવાનો ટોકટોક લા, અને લાંગમા લાનો ખાણરસ્તો પણ એ જ જાણતો. એણે નિયત કરેલા રસ્તા ચોક્કસ અને પ્રમાણમાં સરળ હતા. એણે ખૂંદેલા ડુંગરો, એણે ઓળંગેલી ખીણો, એણે સર કરેલાં નાનાંમોટાં શિખરોનો સરવાળો ઘણો મોટો છે. એથી નિપજેલા લાભ પણ અનેક છે.

એવરેસ્ટ સર કરવાના **૧૯૨૧**ના પહેલા પ્રયાસમાં એને સરદારી આપવામાં આવી. જૂનમાં સૌ ચુંબી ખીણ પસાર કરી ગયા. ડૉક્ટર કેલ્લાસે પોતાનાં જ્ઞાન અને સિફારશના બળે ફારી ગામમાં તિબેટના સિક્કા રૂપિયાને બદલે બદલ્યા. એનું પ્રમાણ પણ જાણી લેવા જેવું છે. તિબેટનો સોનાનો સિક્કો સરશંગ. એક સરશંગના રૂપિયા ૩૩. અને ત્યાંનો રૂપાનો સિક્કો ટૂંકા. એવા ૪॥ રૂપાના ટૂંકાનો એક રૂપિયો.

૧૯૨૧ની ચોથી જૂને ૭ વાગ્યે ડોંગીમાં ઊંચકાઈને એ આગળ વધ્યો. મરડો એકાએક વધ્યો. જોડીદારો જરા આગળ નીકળી ગયા હતા અને કંપાજૅાંગ તરફ

ચાલ્યા જતા હતા. એટલામાં તેમને એક નોકરે રડતાં-રડતાં આવીને ડૉ. કેલ્લાસના હૃદય બંધ પડવાથી ગુજરી જવાના સમાચાર કહ્યા. આસપાસનાં પાહુનરી, કાંચરીઓ અને ચોગીઓએ, ત્રણે શિખરોને સર કરનાર ડૉકટર કેલ્લાસે ત્યાં બરફમાં જ પોતાની કબર કરી લીધી. એ કબર આગળથી ૧૧૨ માઇલ દૂર માઉન્ટ એવરેસ્ટની સહેજ ટોચ અલપઝલપ દેખાયા કરે છે.

ડૉ. કેલ્લાસના અવસાનથી તેમના સાથીદારોની ટોળી, એમના જેવા અનુભવી અને વીર નાયક વિના લગભગ આંધળી બની ગઇ. પણ સાહસિકો એવું થતાં યે કદી પાછા ફરતા નથી. એ તો એની દફનક્રિયા કરી વધ્યા આગળ, કુદરત હંફાવી ન નાખે ત્યાં સુધી લડવાના મનોબળ સાથે.

પછી તો કર્નલ હાવર્ડ-બરીની સરદારી હેઠળ મૅલરી, બ્લૉક, મૉરશેડ વગેરેએ ઝંપલાવ્યે રાખ્યું. તડકાતાપમાં નીરસ મુસાફરી કરતાં કરતાં મૉરશેડે ૫૦ માઇલના નવા નકશા દોર્યા; લામાઓ સાથે સહચાર સાધ્યો ને દોસ્તી બાંધી; દલાઇ લામા જેવા મહાન ધર્મગુરુના આશિર્વાદ મેળવ્યા. એની મદદ લઇને એના ભોમિયાઓ સાથે રૅંગબક ખીણ સુધી ટોળી પહોંચી, અને પહેલી વાર મૅલરીએ એ રૅંગબક ખીણથી એક હજાર ફૂટ ઊંચે જઇને એવરેસ્ટનાં દર્શન કર્યાં. એ વેળા એના હૃદયમાં થએલા આનંદમંથનનું વર્ણન હું શું કરી શકું?

લામાઓ સાથે દોસ્તી બાંધવામાં કુનેહ, તિબેટની પ્રજાની રહેણીકરણી,લગ્નપ્રથા તથા વહેમ વિચાર, ત્યાંના સાધુજીવનની, ચિંતનમગ્ન જીવનની, એકાંત જીવનની સાર્થનરસી તેમજ સાચીખોટી વાતો, આચાર વ્યવહાર અને ખાણીપીણી વગેરેની રસિક વાતો તો વળી અનેક છે.

આટલો આ નાનકડો લેખ જો એ હિમબોમ માટે રસ ઉપજાવવામાં કંઇક સફળ થયો હોય તો, એ રસવૃત્તિ પોષવા જિજ્ઞાસુ વાચકને એ સંબંધી પુસ્તકો તેમજ બીજી માહિતી મેળવતાં વાર નહિ લાગે.

ડૉ. કેલ્લાસ રજાઓમાં હિમાલય ખૂંદવા છેક ઇંગ્લંડથી અહીં આવે. જ્યારે આપણે ત્યાં? આપણો મહાન અને વિદ્વાન કૉલેજીઅન ૨૦–૨૫ ફિલ્મો વધારે જુએ કે પોતાના ગામમાં જઇને શહેરી જીવનની બડાઇઓ હાંકે! બહુબહુ તો માથેરાન–મહાબલેશ્વરની સ્પૉર્ટ જોવામાં કે કદીક અરધા ફર્લાંગની રેસ દોડવામાં ભાગ લેવામાં તો હદ થઇ ગઇ! કેટલાક વળી ધનસંપત્તિની મકરકુદીવાળાઓ સ્ટીમરની ઘોંચલીમાં પૂરાઇ, નેપલ્સ, બ્રિન્ડિસી, કે માર્સેલ્સ ઊતરી રેલની ડબ્બીમાં ગોંધાઇ લંડન દોડે . . . ને બસ. પાછા રજા પૂરી થતાં, એ ફિલ્મ ફૅન કે પિકચર શોની વાતો, કે વેલ્સની કે ઓપેનહામની નવલ વિશે ચર્ચા; શેવાલીયેની છેલ્લા ગીત રેકૉર્ડની સરાસરી કે શહેરોમાં ગેરહાજર રહેતાં ગિસ થએલી સારી ફિલ્મ ટૉકી માટે વલોપાત! સાતપૂડાનું સૌંદર્ય, ગિરનારની ભવ્યતા, આબુનું ગૌરવ, મહી, તાપી ને નર્મદાકાંઠાની મોહિની, કે ખંભાત કિનારાનો સમુદ્રઉછાળ, ચાંદોદકરનાળીનો અનુપમ ત્રિવેણી સગમ, ગુજરાતનાં હરણ, મોર ને સારસ; જામનગરના હુન્નર ને રંગાટ, મહુવાનાં રમકડાં, ખંભાતના અકીકનો હુન્નર, ડાંગના જંગલો ને એ વગડાકિનાર પરની ગિરિમાળ, સંજાણના ડુંગરાઓ, દાહોદની બાજુનો ભીલ મુલક. . . . કેટલું ગણાવીએ? પાર ન આવે એટલું. એ બધું આપણા ભણેલા, વિદ્વાન, ગુજરાતી યુવાનોએ ક્યારે, કોણે, કેટલાએ જોયું તપાસ્યું છે?

(ચાલુ)

**ચન્દ્રવદન મહેતા**

## સૂર્યોદય

- શિખરિણી -

અમે જુદાજુદા તિમિરમહીં તારા ચમકતા,
પ્રકાશી બિંદુઓ ભ્રમણ કરતા આત્મરમણે;
અસંતોષે, રોષે, ઉર સળગતાં તો ય સહુનાં
રહ્યા વાંછી, ક્યારે તિમિર દગથી આ દૂર ખસે.

અધીરી વૃત્તિથી મથન કરતા કોટિ કરથી,
હતા કોટિ તો યે પૃથક, નવ યત્નો સફળતા
જરા પામ્યા; અંતે દીન બની નિશાનાં કદમમાં
રહ્યા મુખે મૂગે પડી નભ વિશાળે અબલ શા!

ઉષા આવી ત્યાં તો નૂતન–યુગ–સંદેશ વહતી,
હજારો આત્માના ક્રૂર પતન દશ્યે ગઇ દ્રવી;
વિખૂટાં જ્યોતિના કણ સકલનું ઓજસ હરી,
મધુરા ભાવિનું દૂર વિલસતું હાસ્ય ઝડપી,
પ્રતાપી એકાગ્રા રચી દીપ્ર પ્રભાગોલક નભે!
અને તેને સૌએ નમન નમી 'સૂર્યોદય' કહ્યો.

**અમૃતલાલ છ. પારેખ**

# રશિયાની સફર

## §૩ મૉસ્કો

શહેરની વચ્ચે મસ્કવા નદી વહે છે અને તેની પાસે એક ટેકરી છે. બે સૈકા પહેલાં ઝારે ત્યાં મહાલય બાંધ્યો. મસ્જિદના ઘુમ્મટ જેવા ત્રણ દેવળો પરના સોનેરી ટોપ ત્યાં ચળકયા કરે છે, ને તેની આસપાસ ક્રેમ્લિનની લાંબી, સીધી, કાંગરાવાળી લાલ દીવાલ છે.

ઝારોના એ ભૂતકાળના નિવાસસ્થાનના એક ભાગમાં હાલ સંગ્રહસ્થાન છે, જેમાં કલાની ચીજો, ઝવેરાત, ભપકાદાર કપડાં, શસ્ત્રોનો ઇતિહાસ વગેરે ગોઠવવામાં આવેલાં છે. બીજો ભાગ સૉવીએટની કારોબારી સમિતિ પોતાના કામમાં લે છે.

ટેકરી પર ચડીએ ત્યારે મસ્કવાનો પટ અને તે આસપાસ જાગી ઊઠતું મૉસ્કો દેખાય છે, અને ક્રેમ્લિનની પાસે જ, તેને આંજી દે તેવી, કોઈ એક કુટુંબ કે દેશને માટે નહિ પણ સમગ્ર વિશ્વને માટે બંધાતી સૉવીએટ–આલયની વિરાટ ઇમારત ઊઠતી દેખાય છે.

મુખ્ય રસ્તા પર જ્યાં ક્રેમ્લિનની દીવાલ સીધી સપાટી પર રહી આકાશ આડો પડદો કરે છે ત્યાં જંગી 'રેડ સ્કૅવર' લાલ ચોક આવેલો છે, અને એ પશ્ચાદ્‌ભૂની આગળ, કારોબારીની ઑફિસની સામે, લાલ આરસનું કંઇક કબરના આકારનું અપૂર્વ ચોકઠું છે. તેના કાળા આરસનાં ચળકતાં બંને દ્વાર પાસે બે સંતરી ઊભેલા દેખાય છે. હમેશાં ત્યાંથી ઘણી વાર અમે પસાર થતાં એના પર નજર ઠરી રહેતી. તેના પર માત્ર પાંચ અક્ષર રશિયનમાં કોતરેલા છે: LENIN

પણ લેનિનની કબર ગમે ત્યારે જોઇ શકાતી નથી. દિવસમાં બે કલાક જ અંદર જઇ શકાય છે, અને ત્યારે પણ સેંકડો લોકોની 'ક્યૂ' (હાર) રાહ જોતી ઊભી જ હોય છે. આટલાં વરસ થયાં છતાં હજુ યે રોજના હજારો માણસો લેનિનને નમન કરવા આવે છે. જાણે નવું યરુશલેમ કે કાશી ન બંધાતું હોય!

ચાર વાગ્યે અંદર જવાનો સમય પૂરો થાય, અને ચારમાં દસ મિનિટ બાકી હશે તથા અમે અર્ધોએક માઇલ દૂર હોઇશું ત્યારે અમારી મંડળીએ ત્યાં જવાનું ઠરાવ્યું! સ્ત્રીપુરુષ બધાંએ ભર રસ્તે દોટ મૂકી અને બેત્રણ મિનિટ બાકી હતી ત્યાં દરવાજામાં પેઠાં. એકદમ ગતિ મંદ થઇ ગઇ. શાંત અને ભરેલે હૈયે અંદર જનારની હારમાં અમે સૌ ઊભાં થઇ ગયાં. ઊપડતો શ્વાસ થંભાવી દેવો પડ્યો.




મૉસ્કોમાં લેનિનની કબર

પગથિયાં ઊતરતાં ગયાં તેમ અંધારૂં વધતું લાગ્યું. એક શબ્દ પણ નીકળતો નહોતો. એ ગાઢ શાંતિમાં શ્વાસ પણ સંભળાતો હતો, અને કયારેક જોડાના ઠરૂડ્ ઠરૂડ્ અવાજ. કબરની ઠંડક નજીક ને નજીક લાગતી હતી.

છેલ્લો વાંક વળ્યા અને જાણે શ્વાસ પણ થંભી ગયો! ઝાંખા પ્રકાશમાં, કાચનાં ચોકઠાં નીચે, લેનિનના શરીરની ઝાંખી થઇ. સાદા સિપાહીના ખાખી પોશાકમાં તેને સૂવાડ્યો છે. આંખો બંધ છે. દૃઢ નિશ્ચય બતાવતું મોં બીડેલું છે. જિંદગીભર લડીલડી થાકેલા હાથ નિશ્ચલ પડ્યા છે અને મોં પર ભવ્ય શાંતિ છે.

ત્રણ બાજુથી તેને નિહાળી, સામેથી બહાર નીકળાય ત્યાંસુધી સહુની નજર એ નિશ્ચલ પણ મૃત્યુમાં અમર દેહ પર ચોંટેલી રહી . . . . . . અને પાછા બહાર નીકળ્યા એટલે ગરમી, ઉજાસ, ઘોંઘાટ અને જીવન!

મુમતાઝની કબરને લોકો વિસ્મય અને આનંદથી જુએ છે. અકબરની યે સાદી, સૌમ્ય પણ મૃત્યુના સ્પર્શ વિનાની લાગે છે. વેસ્ટમિન્સ્ટર કે મિલાનનાં કબ્રસ્તાનમાં સ્મરણોનો હુમલો મૂંઝવી દે છે. નેપોલિયનની કબર અમાનુષી ઠઠેરો બતાવે છે. પણ લેનિનની કબર નિરાળી જ છે. લોકોનો એ આજન્મ નેતા મૃત્યુમાં યે નેતૃત્વ લે છે. તેના દેહમાં જુદાઇ કે ભિન્નતા જેવું નથી લાગતું. તેનું શરીર જોઇ શકાવાથી જાણે હજુ યે એ આપણી વચ્ચે હોય તેમ લાગે છે; ને તેનો જીવ તો સૉવી-



લેનિન

એટમાં છે, એણે જ સરજેલા સ્વર્ગમાં છે, એમ લોકોની માન્યતા છે. તે જુદી દુનિયામાં નથી એ પાઠ મોટો છે.

સાદી, સૌમ્ય, અદ્‌ભુત સ્થળે મૂકાએલી લેનિનની એ કબર સ્થાપત્યની પણ એક શ્રેષ્ઠ કૃતિ છે.

આવા વિચાર ત્યાંથી પસાર થવાની થોડી ક્ષણમાં આવ્યા. પણ લેનિનના દેહ પર નિરંતર પહેરો કરનારા અંદરના બંને સિપાઇઓ કોણ જાણે શા યે વિચાર કરતા હશે! ક્ષણભંગુરતાના કે સનાતનતાના વિચારો તેને આવતા હશે? કે તે તો માત્ર પેલી પાંચવર્ષી યોજનાના તર્ક કરતા હશે? વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાના કે સામાજિક એક-જીવનના? કે ત્યાંથી નીકળી કોઇ ગ્રામગોરી સાથે મસ્કવામાં નહાવા જવાના મનોરથો સેવતા હશે? કોણ જાણે?

દરેક જોનારને જુદાજુદા વિચારો આવે. ત્યારે બધા શું એક જ જુએ છે કે જુદુંજુદું જુએ છે?

કોલાહલે તર્કમાળાને તોડી નાખી. સૌ પોતપોતાના કૅમેરા ને બીજી ચીજો સંભાળવા લાગ્યા અને ભૂખના અગ્નિથી પીડાતા હૉટેલ તરફ જોરથી ચાલવા લાગ્યા. શ્વાસની ધમણ પાછી શરૂ થઇ. વાચા છૂટી. મોટરનાં ભૂંગળાં સંભળાયાં.

પછીનું ચિત્ર તે ખાવાની રકાબીઓ, પૅક થતા સામાન, પેટીઓની હારમાળા, હૉટેલનાં લેબલો, પાસપૉર્ટ, મોટરબસ, તવારિશો, ગાઈડ, દરેકના નામોચ્ચાર, કોઈની શોધખોળ માટે દોડાદોડી, ચીડ ને ગુસ્સાના શબ્દો, હાસ્યના અવાજો, મોટર એન્જિનના અવાજ, ભૂંગળાં ને ખડખડાટ, ટ્રામ ને ટ્રેઈનના ગડગડાટ, વગેરે દશ્ય ને શ્રાવ્યનું સામટું ભેળાઈ ગએલું ચિત્ર છે; પણ તેની વચ્ચે એક જ સ્પષ્ટ ને નીતરતું ચિત્ર ઊઠી રહે છે: જુદાં ન પાડી શકાય તેવાં રેતીનાં ભૂખરાં પરમાણુઓમાં, સ્વચ્છ લાલ માણેક ચમકી રહે તેવી, વિશાળ ચોગાનમાં સીધી, લાંબી, કાંગરાવાળી ઊંચી દીવાલના મધ્ય ભાગમાં વિરાજતી, લેનિનની કબર.

## ૬૪ ખાર્કોવ

રશિયાની સફરમાં નવાં જોવાનાં શહેરોમાં આ છેલ્લું હતું. તેની ફળદ્રુપતા માટે વિખ્યાત યુક્રેઈનનું એ મુખ્ય શહેર છે. અને કેટલાંક નવાં મકાનો ત્યાં બહુ સરસ બંધાયાં છે, જેમાં પ્રથમ સ્થાન Palace of Industry (ઉદ્યોગ-મહાલય)ને જાય છે. આધુનિક કલાના નમૂના રૂપ મકાનોની હારોથી એક વર્તુલ રચાઈ રહ્યું છે, જેમાં ઑફિસો, હૉટેલો, લેબૉરેટરીઓ અને એવાં મકાનો હજુ થનાર છે. અત્યારે ઑફિસોનાં જે ત્રણચાર મકાનો છે તે પણ ખૂબ જ આકર્ષક છે.

રશિયામાં થોડાં વરસ પર રઝળતાં છોકરાંનો પ્રશ્ન બહુ મોટો હતો. પણ તેનો ઉકેલ 'સ્ટેઇટે' તેમને માટે 'ઘર' બનાવી આબાદ રીતે આણ્યો છે. એવું એક ઘર અમે સાંજના જોયું. ત્યાં તેઓને રહેવા-ખાવા ઉપરાંત ભણવાનું મળે છે એટલું જ નહિ, પણ અમુક ધંધાની તાલીમ મળે છે તથા આનંદનાં પણ પુષ્કળ સાધનો હોય છે. ત્યાં એ લોકો વીજળીને માટે કામ લાગે તેવાં હથિયારો વગેરે બનાવે છે; અને બાર પંદર વરસનાં છોકરાં પણ ચલાવી શકે તેવા ખીલા, નકૂચા વગેરે બનાવવાના સંચા છે. સર્વત્ર લેનિન, સ્ટાલિન અને ગૉર્કીનાં ઉત્તેજક વાક્યો મોટા અક્ષરે લખેલાં દેખાય છે. છોકરા ને છોકરી નિરંકુશ રીતે હળેમળે છે અને સરખાં જ કામ કરે છે. નાટક કે સીનેમાના કાર્યક્રમો ખૂબ હોય છે અને તેમનું જ એક સરસ બૅન્ડ છે. આ રીતે તોફાની અને સમાજવિરોધી થતા જતા ખૂબ શક્તિશાળી એ વર્ગને રાજ્યે પોતાની ગોદમાં લઇ પોતાના જોરમાં ખૂબ વધારો કર્યો છે.

રાતના અમે વિહારોદ્યાન (પાર્ક ઑફ ઍમ્યુઝમેન્ટ ઍન્ડ કલ્ચર)માં ગયા. ત્યાં પણ સંગીત અને રમતગમતની વચ્ચે નવી યોજનાઓ અને યંત્રોની સમજૂતીનાં સાધનો હતાં. અમને એક નાટક પણ બતાવવામાં આવ્યું, પણ એક અંક પૂરો થતાં અમે તો સમજ નહિ પડવાથી ચાલ્યા ગયા.

બીજે દિવસે અમે એક 'જ્યુઇસ કમ્યૂન' જોવા ગયા. ત્યાં બસોથી ત્રણસો ગરીબ કુટુંબો રાજ્યની મદદ વડે જમીન, ઢોર, વગેરે લઇ સાથે મળી રહે છે અને ઘણી વધારે સારી રીતે ગુજરાન ચલાવે છે, એટલું જ નહિ પણ બાળકોના ઉછેર માટે તથા શિક્ષણ માટે વધારે ધ્યાન આપી શકે છે. ત્યાંની ગૌશાળા, ઘોડાર, ડેરી તથા બાળકોને ખાવા-રમવાનાં સ્થળો સુઘડ ને આકર્ષક હતાં; અને મૂળ જગ્યા પણ લીલોતરી તથા ટેકરીઓથી ખૂબ રળિયામણી થએલી હતી.


બપોરે અમે એક કારખાનું જોયું, જ્યાં રોજનાં પચાસ ઉપર ટ્રૅક્ટરો બનાવવામાં આવે છે. મોટાં કામો મરદો કરે ને નાનાં સ્ત્રીઓ. કામ કરનારની ટુકડીઓ વચ્ચે સામાજિક હરીફાઇઓ ચાલે છે અને એથી કામમાં વધારે ઉત્તેજન મળે છે. કામગારો માટે સભાનાં સ્થળો તો હોય જ. પણ તેમના ખોરાક બનાવતું રસોડું પણ સાથે જ હતું. બે વિશાળ ખંડ ખાવાના ખંડ તરીકે વપરાય છે. વળી નહાવાની સગવડ પણ હતી. લેનિનગ્રાડ અને મૉસ્કોમાં તો ખાસ કારખાનાંનાં રસોડાં અલગ હોય છે, જ્યાંથી તૈયાર ખોરાક ઘણાંખરાં કારખાનાંમાં પહોંચાડાય છે અને કામગારને નજીવી કિંમતે તે મળે છે.

એક ખાસ સ્થળ જોયું. તે, અમુક ઉદ્યોગોમાં કામ કરતાં અમુક રોગો થાય કે શારીરિક ઇજાઓ થાય તેના અટકાવ તથા ઉપાય માટે શું કરવું તેનાં સાધનોનું સંગ્રહસ્થાન. કારખાનાં ને ખાણોમાં, ધાંધાટ કરતાં યંત્રો ચલાવવામાં વગેરેમાં કેવાં કપડાં પહેરવાં, શી શી બાબતોનું ખાસ ધ્યાન રાખવું વગેરેની ખાસ સમજૂતીનાં ચિત્રો ઉપરાંત તેને લગતાં ભાષણો પણ અહીં અપાય છે. એ અમને બહુ જ ઉપયોગી સંસ્થા લાગી.

સાંજના કામગારોની ક્લબ—જ્યાં રમતગમત, નાટકો, સીનેમા, વિવેચનો, ભાષણો, વાચનાલયો ને નિશાળો બધું જ મળી આવે છે તે—ની લાક્ષણિક સંસ્થા જોઇ અને રાતોરાત પાછા મૉસ્કો જવા ઊપડ્યા. ત્યાં




કારખાનાંઓમાં કામ કરતા કારીગરોનાં બાળકોની સંભાળ, તથા તેમના શિક્ષણ અને આરોગ્યની કાળજી રાજ્ય, સંઘ અથવા કારખાના તરફથી લેવાય જ છે. એવા બાળગૃહનો એક ઓરડો. નીચે : બાળગૃહની સાથે બગીચાનો આનંદ પણ તેઓ માણે છે.





સોવીએટ રાજ્યના 'યંગ ગાર્ડઝ'



કામકાજ ઉપરાંત ઊગતી પ્રજાને રાજ્ય તરફથી મફત શિક્ષણનો પણ પ્રબંધ કરેલો હોય છે. અહીં કેટલાક છોકરાઓ મૉસ્કોની મશિન ફૅક્ટરીમાં મશિનરીનું પ્રાથમિક શિક્ષણ લેતા જણાય છે.



તાહજિકિસ્તાનમાં આધુનિક ઢબનું વૈદકીય જ્ઞાન રાજ્ય તરફથી આપવાની સગવડ થઇ છે.

રાત રોકાઇ રાત્રે પાછા લેનિનગ્રાડ જવા ઊપડ્યા.

## § ૫ રશિયા છોડતાં

**મૉ**સ્કો છોડ્યા પછી નવું જોવાનું થોડું જ હતું. મૉસ્કોમાં એક જંગી યુદ્ધ-વિરોધી સરઘસ નીકળવાનું હતું; પણ જેમ ઘણીવાર ત્યાં બને છે તેમ એટલું મોડું નીકળ્યું કે અમારી ગાડી (જે અજાયબ રીતે એટલી મોડી ન હતી) ઊપડી ત્યાંસુધી દેખાયું નહિ.

અમારી તરુણ, વિચક્ષણ અને સૌનો સ્નેહ સંપાદન કરી ચૂકેલી 'ગાઈડ'થી અહીં છૂટાં પડતાં બધાંનું દિલ ભરાઇ આવ્યું. લગભગ દસ દિવસ સુધી લાગલાગટ એ મૅરીઆ મંચોવાના સાથમાં અમારા બધાનાં ખૂબ દિલ મળી ગયાં હતાં અને તેને પણ સારો આનંદ પડ્યો હતો. અમારામાંના કેટલાકે કંઇ કંઇ નાની ચીજ તેને સ્મરણ માટે આપી ને અમે લેનિનગ્રાડ પહોંચ્યા.

અમે ત્રણ જણ સ્ટીમરમાં જવાનાં નહોતાં. અમારે સાંઝે હેરિંસિગફોર્સ જતી ટ્રેઇન લેવાની હતી અને ફીનિશ (ફિન્લૅંડનો) વીસા (પાસ્પોર્ટ) કઢાવવાનો હતો. ખૂબ ધમાલ અને દલીલો પછી, ઇન્ટૂરિસ્ટ પાસેથી ખાસ ગાઇડ ને ખાસ મોટર લઇ, અમે ફીનીશ એમ્બસી (એલચીખાતા)માં પહોંચ્યા. ફોટા પડાવ્યા અને ઑફિસ બંધ થાય તે પહેલાં 'વીસા' મેળવ્યા. એ આખી ઘટના સીનેમાની છેલ્લી રીલમાં બને છે એટલી મારમાર ઝડપથી અને સ્વભાવથી થએલી તેનું ચિત્ર કદી નહિ ભૂલાય. સાંઝના પાછી એક ખાસ મોટર અને ગાઇડની મદદથી અમે 'ફીનિશ' સ્ટેશન પર પહોંચ્યા.

સામે જ લેનિનનું પૂતળું છે. ક્રાન્તિ વખતે આ જ સ્થળેથી દાખલ થઇ, જે સ્થળે તેણે પહેલું ભાષણ કરેલું એ જ સ્થળે એ જ છટાથી ઊભું કરેલું છે. એ ઘટનાને પંદર વરસ વીતી ગયાં, પણ તેણે આદરેલું કામ આગળ ચાલે છે. ઠેરઠેર તેની છબી સૌને તેના કામની યાદ આપ્યા કરે છે, અને લોકોને તેમના પોતાના કામની યાદ આપે છે. અને આ કાંઇ નાનુંસૂનું નથી.

જે રીતે બાળકોનું જીવન ત્યાં ઘડાય છે, જે સ્વાતંત્ર્ય અને સહાનુભૂતિથી તેમનું જીવન સચવાય ને રચાય છે, આખા સમાજમાં સરખા હક્ક ભોગવતી વ્યક્તિઓની જે ભાવના પોષાઇ છે, સ્ત્રીઓને જે સ્વા-





ઉપર: અજ્ઞાનને સમાજના નીચલામાં નીચલા થરમાંથી અને જડમૂળથી દૂર કરવાનું જબ્બર કાર્ય રશિયાએ કર્યું છે. ઉંમરે પહોંચેલાં વૃદ્ધ માનવજનોને પણ ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનાં દૂરબીનોથી આકાશદર્શન કરાવી ખગોળનું જ્ઞાન આપવામાં આવે છે. જમણી બાજુ: ઉત્સવો, સરઘસો અને રાષ્ટ્રીય તહેવારોને પ્રસંગે પુરુષો ને સ્ત્રીઓ સરખા જ ઉત્સાહ ને આનંદથી ભાગ લે છે.

તંત્ર અપાયું છે, કામગારોનાં કામ માટે તો સગવડ હોય પણ તેમના આરામ માટે, વિહાર માટે અને સ્વાસ્થ્ય માટે જે વ્યક્તિગત સંભાળ ત્યાં લેવામાં આવે છે, એ બધું જોતાં એક અદ્‌ભુત પ્રયોગનું અદ્‌ભુત આચરણ થઇ રહેતું દેખાય છે; અને એ સકળ સફળતાઓ એ પ્રયોગને જ વરે છે. અત્યારની ખોરાકની, અવરજવરની ને સાખની અનેક મુશ્કેલીઓમાંથી તે જ્વલંત રીતે બહાર આવે ને સંસ્કૃતિ ને કલાનો અવનવો ફાળો આપી પૃથ્વીને રહેવા લાયક બનાવે એ ઇચ્છા દિલમાં આપોઆપ લાગી જાય છે.

## §૫ ફિન્લૅંડમાં

રશિયાનું છેલ્લું સ્મરણ એની 'ફ્રંટીઅર' (સરહદ)નું છે. દેશ છોડતી વખતે 'કસ્ટમ્સ' જેવી તપાસ ત્યાં જ થાય છે, કેમકે ત્યાં તો આવનાર ને જનાર સહુનો ભય. જર્મન, અંગ્રેજી ને રશિયન મિશ્રિત ભાષામાં વાત કરતા એ અફસરો ઘણા ખુશમિજાજ હતા. થોડી મિનિટમાં બીજી તપાસ પૂરી થઇ, એટલે અમે કેટલા પૈસા લાવેલા અને કેટલા લઈ જઇએ છીએ તેની તપાસ કરી. અમે થોડા 'રુબલ્સ' બ્રેડ અને ફળ માટે રાખેલા, પણ 'બુફે' (Buffet) બંધ હોવાથી એ છ સાત રુબલ્સ (લગભગ એક પાઉંડ) અમારે 'બેરાન'માં આપી દેવા પડ્યા; (આબુ જતા હતા ત્યારે મહમદ છેલ જાદુ બતાવી દસ રૂપિયાની નોટ 'બેરાન'માં ઉડાવી ગએલો તે અહીં યાદ આવ્યું) અને સ્મરણ તરીકે બેચાર નાના સિક્કા રાખી અમે ફીનિશ ટ્રેઇનમાં ચડ્યા.

અને ફેર લાગ્યો. ડબામાં ગરદી ન હતી, ધૂળ ન હતી ને વખતસર ગાડી ઊપડી. ચળકતાં પાટિયાં સાફ ને આકર્ષક હતાં. પાંચ મિનિટ થઇ ત્યાં ગાડી ઊભી રહી. સ્ટેશને અમે બહાર નીકળ્યા. કપડાંનો ને સ્ટેશનનો હડેરો શરૂ થયો. તરત જ અમે થોડા ફીનિશ સિક્કા લીધા અને 'બુફે'માં કૉફી વગેરે લઇ રસ્તાના ભાથા તરીકે પાઉં ને ફળો પણ લીધાં, બિસ્કિટો લીધાં. વીસ દિવસથી હાથ બંધાઇ રહેલો તે છૂટી ગયો અને ફીનિશ કરન્સી ઘણા નાના સિક્કા રાખે છે એટલે ખરચતાં બહુ સારૂં લાગ્યું એક પાઉંડના બદલા ઉપર માર્ક મળે!

ગાડી વખતસર ઊપડી, પણ પાંચ મિનિટ થઈ અને ઊભી રહી. સ્ટેશન! અને એમ દર પાંચ પાંચ મિનિટે લોકલની માફક ઊભી રહે. નવાં માણસો





ઉપર : રશિયાઇ તુર્કસ્તાન જેવા ચુસ્ત મુલકમાંથી પર્દો દૂર થયો છે એટલું જ નહિ પણ કેળવણીનો પ્રચાર પણ વધ્યો છે અને સ્ત્રીઓ પોતાના હક સમજતી થઇ છે. સોવીએટ કૉંગ્રેસમાં કાઝકસ્તાન તરફથી આવેલી સ્ત્રી-પ્રતિનિધિઓ. ડાબી બાજુ : સમરકંદનાં રાજમંત્રીઓની સભા.

આવવા લાગ્યાં. અમારી સામે કુતૂહલથી જુએ, (એથી ગભરાવાનું તો અમે છોડી દીધું હતું) અને ખુશ થાય. વળી ટિકિટ પણ દર પાંચ મિનિટે જોવા આવે. આમાં ઊંઘાશે કેમ એ સવાલ થયો. પણ અમે તો ઓવરકોટ ઓઢી લંબાયા અને ઘસઘસાટ ઊંઘી પણ ગયા. માત્ર પાટિયાં પર લંબાવેલા પગ પાસેથી ટિકિટ તપાસનાર જાય ત્યારે રબ્બરની જેમ પગ છટકે અને જાગી જવાય.



સમરકંદમાં લેનિનની મૂર્તિ. મધ્ય એશિયાના રશિયાઇ તુર્કસ્તાનમાં મસ્જિદના મિનારા પરથી જેમ મુએઝિનની બાંગ સંભળાતી તેમ આજે લેનિનનો સંદેશ ફેલાઇ રહ્યો છે.

સવારમાં તો હેલ્સિંગફોર્સ આવી લાગ્યું. ડબામાં જ અમે હજામત, મોં ધોવાનું વગેરે પતાવી લીધું અને સ્ટેશનમાં જ સામાન મૂકી નગરચર્યા કરવા નીકળ્યા. ફિન્લૅંડના પાટનગરની બહુ સગવડભરી ખૂબી એ છે કે ત્યાંનું સૌથી સરસ મકાન સ્ટેશન જ છે અને બીજાં જોવાલાયક સ્થાનો ત્યાંથી દસ દસ મિનિટને અંતરે જ છે; એટલે બપોર સુધીમાં અમે ત્યાંનું સુંદર ને ભપકાદાર પાર્લમેન્ટનું મકાન, એ મ્યૂઝીઅમ, બંદર, એક સુંદર બાગ અને યુનિવર્સિટી એટલું જોઇ નાખ્યું.

ત્યાં ફળો ખૂબ સરસ, ખૂબ પ્રમાણમાં ને ખૂબ સસ્તાં મળે છે, એટલે એ અચ્છી તરેહસે ઉડાવ્યાં અને ખૂબ સરસ લંચ બહુ જ સસ્તામાં લઇ શક્યા.

મોતી જેવા નાના ને સુંદર એ હેલ્સિંગફોર્સનું સ્મરણ ઘણું જ આહ્લાદક રહ્યું છે. થોડી જગ્યા રોકતું, માંડ લાખેકની વસ્તીવાળું, અત્યંત સ્વચ્છ, નાની ટેકરી પર વસેલું, નાના, ઊંચાનીચા જતા રસ્તાવાળું, નાનાં મકાનોવાળું, તેમ છતાં દુનિયામાં ભાગ્યેજ ગણીજે હશે એવા ભવ્ય સ્ટેશનવાળું હેલ્સિંગફોર્સ જેવું નાજુક તેવું જ રમણીય હતું.

ત્યાંથી ચાર કલાકને રસ્તે આબો. ત્યાંથી સ્ટૉકહોમ જનારી સ્ટીમર સાંજના સાત વાગ્યે લેવાની, એટલે બપોરે હેલ્સિંગફોર્સ છોડ્યું. ટ્રેનનો રસ્તો પણ મઝેનો હતો. લીલી ટેકરીઓ, ઠેરઠેર નાનાંનાનાં તળાવો, સરૂનાં ઝાડો ને ભૂરૂં આકાશ. અને એવું ચારે કલાક સુધી.


આબોમાં બંદર સિવાય કંઇ જોવાયું નહિ, કેમકે અમે તો સીધા જ સ્ટીમર પર ચડી ગયા અને દસેક મિનિટમાં તો એ ઊપડી.

# અરુણનું અદ્ભુત સ્વપ્ન




**પ્રકરણ ચોથું**
**આંગ્લદેશ-લંડન**(ચાલુ)

આમ વાતોમાં ને વાતોમાં અમારૂં ભોજન ખલાસ થયું અને અમે ઊઠ્યા. બહાર નીકળીને જોઇએ તો ખરેખર જ વાતાવરણ બધું બદલાઇ જ ગયું હતું. ધુમ્મસ તદ્દન ઓછું થઇ ગયું હતું અને સૂર્ય-નારાયણ પોતાનો પ્રભાવ નમાવતા હતા. લંડનમાં, ગીરદી પુષ્કળ હોય ત્યાં રસ્તો ઓળંગવાને ભોંયરાઓની યોજના કરવામાં આવી છે. અમે ભોંયરાં વાટે રસ્તો ઓળંગી સામી બાજુએ નીકળ્યા અને એક બસમાં બેઠા. ન્યૂ યૉર્કમાં બધી બસો લીલા રંગની હતી; લંડનમાં બધી લાલ રંગની જ જોઇ. થોડે દૂર ગયા ત્યા તો એક ઊંચો સ્તંભ અને સ્તંભના ઉપર એક પૂતળું જોયું. ગરુડરાજે કહ્યું કે 'સો સવાસો વર્ષ પર જ્યારે ફ્રાંસનો બાદશાહ નેપોલિયન આખા યુરોપને ધ્રૂજાવી રહ્યા હતો



લંડનને મધ્યભાગે આવેલો આ ટ્રફાલ્ગર સ્કવેર જેની વચ્ચોવચ એકસો સડસઠ ફૂટ ઊંચા લોખંડના સ્તંભ ઉપર નૌકાધિપતિ લૉર્ડ નેલ્સનની મૂર્તિ છે.

તે અરસામાં ટ્રફાલ્ગર આગળ ફ્રેંચોની સાથે અંગ્રેજોને એક મોટું નૌકાયુદ્ધ થએલું. એ યુદ્ધમાં અંગ્રેજ નૌકાધિપતિ લૉર્ડ નેલ્સનની મોટી જીત થઇ. એ વિજયના સ્મારક તરીકે આ લોખંડી કીર્તિસ્તંભ ઊભો કર્યો છે. આ જગ્યાનું નામ પણ ટ્રફાલ્ગર સ્કવૅર રાખ્યું છે. (લંડનમાં સ્કવૅર અને સરકસ (ચોરસ અને વર્તુલ ઘણા છે.) આ સ્તંભની ઊંચાઇ એકસો અડસઠ ફીટ છે. એના પર સત્તર ફીટ ઊંચી લૉર્ડ નેલ્સનની પ્રતિમા છે.' લૉર્ડ નેલ્સન વિષે મારી ચોપડીમાં પણ પાઠ હતો. એ નાના બાળક હતા ત્યારે બીક તે શું તે જાણતા જ નહોતા વગેરે વગેરે. આ સ્તંભની આજુબાજુ પુષ્કળ લોક એકઠા થયા હતા અને કંઇ ભાષણો ચાલતાં હતાં. સામે રસ્તા પર જબરજસ્ત પોલીસની ટુકડી રસ્તો રોકી ઊભી હતી. પોલીસ ઘોડેસવારો પણ જોવામાં આવતા હતા. મેં કુતૂહલથી ગરુડરાજને પૂછ્યું કે 'આ બધા લોકો અહીં ભેગા કેમ થયા છે અને આ પોલીસો રસ્તો રોકી કેમ ઊભા છે?' ગરુડરાજે કહ્યું કે 'આ લોકો બધા બેકાર છે. અહીં એકઠા થઇ સરઘસ રૂપે નીકળી વડા પ્રધાનના ઘર પર હલ્લો લઇ જાય એ બીકે પોલીસ રસ્તો રોકી ઊભા છે.' 'બેકાર એટલે શું?' મેં પૂછ્યું. 'બેકાર એટલે કામધંધા વિનાના' ગરુડરાજે જવાબ આપ્યો. 'યુરોપની યાદવાસ્થળી પછી એ આખા ખંડમાં બેકારી વધી ગઇ છે. દેશો પાસે પૈસો નથી, અને પૈસો નથી એટલે બધા ઉદ્યોગો મંદ પડી ગયા છે, અને ઉદ્યોગો મંદ પડ્યા છે એટલે લોકો કામ વિનાના થયા છે, અને કામ વિના લોકો ભૂખે મરે



ટાવર બ્રિજ: લંડનની ટેમ્સ નદી ઉપરનો વિખ્યાત જંગી પુલ. તેની રચના બતાવતા ચિત્રમાં મૂકેલા અક્ષરોની સમજણ નીચે મુજબ છે: A લોખંડી થાંભલાઓ અને માળખાં અંદર લઈને કરેલું મિનારાઓનું ચણતરકામ; B બંને બાજુના C પુલના ભાગને તથા એ મિનારાઓને જોડતા વચ્ચેના D માર્ગને ધારણ કરી રહેલી લોખંડની મજબૂત ઝુલાસાંકળો; E વહાણોની આવજા વખતે ઊંચાનીચા કરી શકાય તેવા પુલના ભાગ, જે અત્યારે ચિત્રમાં ઊંચા કરેલા દેખાય છે; F પુલના એ ભાગને ઊંચાનીચા કરનારૂં સાંચાકામ; G મોટરો તથા H એ સાંચાકામ ચલાવનારાં બને બાજુનાં મકાનો.

છે.' 'હિંદુસ્તાનમાં તો કેટલા યે લોકોને કામ વિનાના બેકાર જોઉં છું. ત્યાં કેમ આવા હુલ્લડનો ભય નથી?' 'તમારા દેશમાં તો ભીખ માગવી એ ધંધો જ થઈ બેઠો છે. ત્યાં લોકોને ધંધા વિનાના કેમ કહી શકાય? આ દેશમાં તો ભીખ માગવી એ ગુનો છે. બીજું, આ દેશમાં સગાંવહાલાંને આધારે રહેવાનો પણ રિવાજ નથી, અને ત્રીજું, આ દેશના લોકો સમજે છે કે લોકોની બેકારી ઓછી કરવી એ સરકારની પહેલી ફરજ છે. તમારા દેશના તો ભણેલાઓ પણ એ ફરજ સમજતા હોય એમ લાગતું નથી.'

જેમતેમ ગરદી વટાવી અમારી બસ આગળ ચાલી. પોલીસે બસને જવાનો રસ્તો કરી આપ્યો. ઇંગ્લંડના પોલીસ બહુ રૂઆબદાર લાગે છે. કાળી ટોપ (હેલમેટ) અને કાળા પોષાકમાં સજ્જ, બધા જ લગભગ છ ફૂટ જેટલી સરખી ઊંચાઈના, આ પોલીસો ઠીક ભવ્ય લાગે છે. ગરુડરાજે મને કહ્યું કે 'આખી દુનિયામાં સૌથી ચાલાક અને દેખાવે ભવ્ય લંડનના પોલીસ છે' અમારી બસ એક મોટા સરિયામ રસ્તા પર દોડતી હતી. ગરુડરાજે મને કહ્યું કે 'આ રસ્તાનું નામ પાર્લમેન્ટ સ્ટ્રીટ. આપણે દુનિયાના બહુ જ જાણીતા ભાગમાં છીએ. જમણા હાથ પર વ્હાઇટ હૉલ આવે છે. એક વખત એ રાજાઓને રહેવાનો મહેલ હતો. ઇંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સને શૂળીએ ચઢાવ્યો તે તું અંગ્રેજી ઇતિહાસમાં શીખ્યો હોઇશ. વ્હાઇટ હૉલના જમવાના ખંડની બહાર જ શૂળીનું લાકડું ઊભું કર્યું હતું! આજે તો એ રાજમહેલ તરીકે વપરાતો નથી, પણ સરકારી કચેરીઓ ત્યાં બેસે છે. ઇન્ડિયા ઑફિસ પણ એમાં જ બેસે છે. છ હજાર માઇલ દૂરથી હિંદુસ્તાનનું રાજ્યતંત્ર સેક્રેટરી ઑફ સ્ટેટ્સ અહીંથી ચલાવે છે.' 'આટલે દૂરથી શી રીતે રાજ્ય ચલાવી શકાય?' મેં પૂછ્યું. 'અંગ્રેજો બડા હોશિયાર છે.' ગરુડરાજ બોલ્યા. 'હિંદી પ્રજા એક એવી સંતોષી ને આદર્શ પ્રજા છે કે એના પર હકુમત જ્યાંથી ચલાવવી હોય ત્યાંથી ચલાવી શકાય! કોણ હકુમત ચલાવે છે એ પણ પ્રજાને જાણવાની કશી જરૂર નહિ. દાખલા તરીકે ઇશ્વરને ઓળખનાર ભાગ્યે જ દુનિયામાં કોઇ હશે; તે છતાં દુનિયાનું તંત્ર તો ચાલે જ છે ને?' ગરુડરાજ મશ્કરીમાં બોલતા હતા કે ખરેખરૂં તે જાણવું અઘરૂં હતું.

વ્હાઈટ હૉલથી આગળ કેટલાંએક ભવ્ય મકાનો વટાવી અમારી બસ એક મજાના પુલ પર જઇને ઊભી. અમે બસમાંથી નીચે ઊતર્યા. 'આ પુલ તે પ્રખ્યાત વેસ્ટમિનિસ્ટર બ્રિજ. નીચે વહે છે તે લંડનનો ઉદ્ધાર કરનાર ટેમ્સ નદી. આ જમણા હાથના કિનારા પર ભવ્ય મકાનો દેખાય છે તે પાર્લમેન્ટનાં મકાન. તેની પાસે જે મકાન છે તે વેસ્ટમિનિસ્ટર ઍબી. ઇંગ્લંડના રાજાઓનો રાજ્યાભિષેક આ ઍબીમા થાય છે. તે ઉપરાંત રાજ્યનાં મોટાં સ્ત્રી પુરુષો—ખાસ કરીને પુરુષો જ—પંડિતો, કવિઓ, રાજપુરુષો વગેરે ગુજરી જાય ત્યારે એ જ ઍબીમાં દાટવામાં આવે છે. જે સ્ત્રી અથવા પુરુષને ત્યાં દાટવામાં આવે છે તેને મોટું માન મળ્યા બરોબર ગણાય છે. આ પાર્લમેન્ટનું મકાન પણ એક વખત રાજાઓના નિવાસ તરીકે વપરાતું. આજે ત્યાં ઇંગ્લંડની વડી ધારાસભા--પાર્લમેન્ટ બેસે છે. એ પાર્લમેન્ટના પણ બે વિભાગ છે: દીવાને ખાસ અને દીવાને આમ—'હાઉસ ઑફ લૉર્ડ્સ' અને 'હાઉસ ઑફ કૉમન્સ.' ખરેખરી સત્તા તો દીવાને આમ—હાઉસ ઑફ કૉમન્સ—માં છે. દીવાને આમના પ્રતિનિધિઓની ચૂંટણી પ્રજા કરે છે; એટલે ઇંગ્લંડનું રાજ્ય-



ટેમ્સને કિનારે આવેલાં પાર્લમેન્ટનાં મકાનો

તંત્ર પ્રજાના હાથમાં છે એમ ગણી શકાય.'

'ત્યારે અહીંના રાજાનું શું?' મેં અવશ્ય પ્રશ્ન કર્યો. ગરુડરાજ હસ્યા: 'રાજાને અહીં કોઈ ખાસ અધિકારો નથી. ચૂંટણીના મતનો પણ નહિ. એના કરતાં તો પ્રજાસત્તાક રાજ્યોના પ્રમુખોની સત્તા વધારે હોય છે. ખરી સત્તા અહીં વડા પ્રધાનની છે. તે જ આખા રાજ્યતંત્રની વ્યવસ્થા ચલાવે છે. શિષ્ટાચારને ખાતર અમુક મહત્ત્વની બાબતો પર રાજાની પરવાનગી લે એટલું જ. દીવાને ખાસમાં બેસવાનો હક્ક રાજ્યના દરેક ઉમરાવને જન્મસિદ્ધ છે. દીવાને આમ પ્રજાના છસો પ્રતિનિધિઓનું બનેલું છે. આ પ્રતિનિધિઓને પ્રજાના પુખ્ત ઉમરના, એટલે એકવીસ વર્ષ અને તેની ઉપરનાં, સ્ત્રીપુરુષો ચૂંટે છે. સ્ત્રીઓને મતનો અધિકાર યુરોપના મહાભારત યુદ્ધ પછી જ ઇનામ તરીકે આપવામાં આવ્યો. તે પહેલાં એ અધિકાર એમને નહોતો. તે માટે એમણે ઠીક લડત ચલાવેલી. આવી, મતને માટે લડતી સ્ત્રીઓ સફ્રેજેટ તરીકે ઓળખાતી. પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા આ દેશમાં વધારે છે એટલે સ્ત્રીઓને મતનો હક્ક આપવાથી કદાચ ધારાસભામાં સ્ત્રીઓની બહુમતી થઈ જાય એ બીકે સ્ત્રીઓને મતનો અધિકાર આપતાં રાજપુરુષો અચકાતા હતા. પરંતુ યુદ્ધ વખતે સ્ત્રીઓએ દેશમાં રહીને પણ એટલો સુંદર ફાળો આપ્યો કે નાછૂટકે પારિતોષિક તરીકે આ હક્ક એમને આપવામાં આવ્યો.

દીવાને આમ પોતાના બહુમતી પક્ષમાંથી એક પ્રધાનમંડળ (કૅબિનેટ) ચૂંટે છે, અને રાજ્યનો બધો વહીવટ, વડા પ્રધાન, જે એ મંડળના પ્રમુખ બને છે તે, એ પ્રધાનમંડળની સહાયથી ચલાવે છે.' રાજકીય બાબતનો તો હું કક્કો પણ શીખ્યો નહોતો, એટલે ગરુડરાજનું ભાષણ અરધુંપરધું જ સમજ્યો. હું તો નદીમાં ચાલતી સ્ટીમલૅંચો તેમજ મછવાઓ જોઈ રહ્યો હતો. નદીનાં પાણી સાધારણ તો નિર્મળ અને પવિત્ર ગણાય. પણ ટેમ્સનાં પાણી એ જગ્યાએ તો બહુ જ કાળાં અને મલિન લાગ્યાં. ત્યાંનું બધું જ કાળું હતું કે શું એ વિચાર મારા મનમાં સ્ફુર્યો. 'આ નદીને કાંઠે કાંઠે રસ્તો છે તે વિક્ટોરિયા એમ્બૅન્કમેન્ટ તરીકે ઓળખાય છે.' ગરુડરાજ આગળ બોલ્યા: 'આપણે એ તરફ ચાલતા ચાલતા ચૅરિંગ ક્રૉસ લગી જઈએ. અમે તો નદીને કિનારે કિનારે ચાલ્યા. એક બાજુ નદી અને બીજી બાજુએ મોટાં મકાનોની હાર હતી.

ચૅરિંગ ક્રૉસ આગળ એમ્બૅન્કમેન્ટ છોડી અમે અંદર વળ્યા ને એક ગરદીવાળા રસ્તા પર જઈ પહોંચ્યા. 'આ સ્ટ્રૅન્ડ' ગરુડરાજ બોલ્યા. 'અહીંથી બસમાં બેસી લંડનનો કેટલોએક જૂનો ભાગ જોતા જોતા આપણે જઈશું.' એક બસમાં બેસી અમે આગળ ચાલ્યા. ખાસ જાણવા જેવું હતું તે ગરુડરાજ બતાવતા ગયા. ભીડને લીધે બસ એકાએક સેવૉય હોટેલ આગળ જઈને અટકી. ગરુડરાજે મને સમજાવ્યું કે લંડનની ફૅશનેબલ હોટેલોમાંની એક સેવૉય હોટેલ ગણાય. અસલ એ ઇંગ્લંડના ઉમરાવ ડ્યૂક ઑફ સેવૉયનો રહેવાનો મહેલ હતો. એની બીજી બાજુ એમ્બૅન્કમેન્ટ–એટલે નદી–પર પડે છે. આવા ઉમરાવોના અસલના મહેલો આ રસ્તા પર ઘણા છે. આગળ સમરસેટ હાઉસ આવે છે તે પણ ડ્યૂક ઑફ સમરસેટનો રહેવાનો મહેલ હતો. આજે ત્યાં સરકારી કચેરીઓ છે.' ચાલતી બસમાં બેસી રસ્તા પર આવેલી દુકાનો જોવાની મને ખૂબ મજા પડી. જાતજાતની દુકાનો. પણ મારું ધ્યાન તો સૌથી ફૂલોની દુકાનોએ ખેંચ્યું. જાતજાતનાં રંગબેરંગી ફૂલો! થોડે દૂર ગયા એટલે વળી બસ અટકી. ગરુડરાજ કહે, 'આ લત્તો "ટેમ્પલ"ના નામે ઓળખાય છે. કાયદાની અદાલતો તથા જ્યાં બૅરિસ્ટરો એમનાં "ડિનર્સ" ખાવા આવે તે "ગ્રેઝ ઇન", "લિંકન્સ ઇન", "મિડલ ટેમ્પલ" વગેરે આ લત્તામાં આવ્યાં. તમારા દેશના વિદ્યાર્થીઓ અહીં ખૂબ એકઠા થાય છે. બીજું કંઈ ન કરે તોપણ બૅરિસ્ટરની પદવી લઈને હિંદુસ્તાન પાછા ફરે છે!' ટેમ્પલ



જગતનાં મોટાં દેવળોમાંનું એક. લંડનનું સેંટપૉલ કૅથેડ્રલ

છોડી અમે એક સીધા સરિયામ રસ્તા પર જઈ પહોંચ્યા. 'આ વિશ્વવિખ્યાત રસ્તો ફ્લીટ સ્ટ્રીટ.' ગરુડરાજ બોલ્યા. લંડનનાં બધાં અખબારો ને વર્તમાનપત્રોની ઑફિસો આ રસ્તા પર આવી. આ દેશનો ખરેખરો વહીવટ પાર્લમેન્ટ નહિ પણ આ ફ્લીટ સ્ટ્રીટ ચલાવે છે.' 'કેવી રીતે?' મેં પ્રશ્ન કર્યો. 'આ દેશમાં લોકમત પર છાપાંઓનો કાબુ એટલો બધો છે કે ન પૂછો વાત. અહીં લોકોમાં ટ્રેન, ટ્રામ કે બસ જ્યાં જુઓ ત્યાં દરેકના હાથમાં છાપું તો હશે જ. અને છાપામાં આવ્યું એટલે સોળ આના ખરૂં એવી માન્યતા જ સાધારણ લોકમાં બંધાઇ ગઈ છે. આ કારણથી છાપાંના માલિકો લોકમતને જે તરફ વાળવો હોય તે તરફ વાળી શકે છે. જનતાના અજ્ઞાનનો આ રીતે લાભ લેવાય છે. લોકોને ફરજિયાત કેળવણી આપી લખતાંવાંચતાં તો શીખવ્યું, (આ દેશમાં પ્રજાનો નજીવો ભાગ નિરક્ષર હશે) પણ એમને ખરૂં જ્ઞાન તો આપી શકાયું નથી જ. એટલે છાપાંનાં સાચાંજૂઠાંની અસર લોકોના મન પર સારી રીતે થાય છે. અમુક પ્રશ્નનું મહત્ત્વ વધારવું હોય તો છાપાંઓ એને ખૂબ જાહેરાત આપે છે. તે જ પ્રમાણે અમુક પ્રશ્નનું મહત્ત્વ ઓછું કરતાં પણ છાપાંઓને આવડે છે. એટલે જે ઘણાં છાપાંઓનો માલિક બની શકે છે તેના હાથમાં ખૂબ જ મોટી સત્તા હોય છે એમ કહી શકાય. રાજ્યતંત્રને જેમ ઉથલાવવું હોય તેમ એ ઉથલાવી શકે છે. પ્રધાનો અને પ્રધાનમંડળો પણ એનાં નચાવ્યાં નાચે છે. સાધારણ રીતે મૂડીવાળા જ આવાં છાપાંઓ ચલાવી શકે, એટલે દેશનું રાજ્યતંત્ર મૂડીવાદીઓના હાથમાં છે એમ કહીએ તો ખોટું ન ગણાય. તમારા દેશ વિષે પણ અહીંની પ્રજા અજ્ઞાત છે તેનું કારણ પણ આ દેશનાં છાપાંઓ.' 'હિંદુસ્તાનનાં છાપાંઓ આટલી સત્તા નથી ધરાવતાં?' મેં સવાલ કર્યો. 'હિંદુસ્તાનમાં છાપાંઓ છે જ ક્યાં?' ગરુડરાજ બોલ્યા: 'અને હોય તો પણ એમના ઉપર કાયદાનાં એવાં બંધન છે કે તે નહિ જેવાં જ ગણાય.'

ફ્લીટ સ્ટ્રીટ વટાવી થોડે દૂર ગયા તો એક મોટા ગોળ ઘુમ્મટવાળું મકાન આવ્યું. 'આ વિખ્યાત સેન્ટ પૉલનું દેવળ' ગરુડરાજ બોલ્યા: 'એનો ઘુમ્મટ બહુ મોટો ગણાય છે અને ખાસ તો એની "વ્હિસ્પરિંગ ગૅલેરી" જોવા જેવી છે. એ ગૅલેરીમાં ભીંત આગળ ધીમે અવાજે બોલ્યા હોઇએ તો દૂર બીજે છેડે ઊભેલો પણ ભીંતે કાન લગાડીને એ સાંભળી શકે. અજ્ઞાન લોકો તો આને ચમત્કાર જ ગણે. તમારા દેશમાં બીજાપુરમાં તો આનાથી યે મોટા ઘુમ્મટવાળું મકાન છે. એ "ગોળ ગુમ્બજ"ને નામે ઓળખાય છે. ત્યાં પણ આવી "વ્હિસ્પરિંગ ગૅલેરી" છે.

હવે આપણે લંડનના "ઇસ્ટ એન્ડ" (પૂર્વ લત્તા) તરફ જઇએ છીએ. લંડનના આ પૂર્વના ભાગની વસ્તી બધી ગરીબ છે. પૈસાદાર લોકો પશ્ચિમ તરફ જઇ વસ્યા છે. આ પૂર્વ ભાગમાં લંડનના બંદરની જુદીજુદી ગોદીઓ આવેલી છે. લંડન વેપારનું મોટું મથક છે એટલે દેશપરદેશનાં વહાણો અહીં લાંગરે છે. આ ગોદીમાં કામ કરનારા મજૂર વગેરે આ તરફ પૂર્વ ભાગમાં જ રહે છે; એટલે લંડનનો કામગારવર્ગ "ઇસ્ટ એન્ડ"માં રહે છે એમ કહી શકાય.'

ગરુડરાજની ઊંડીઊંડી વાતો સાંભળીને કે પછી બસમાં લાંબો વખત બેસીને થાક લાગવાથી મને તો ખૂબ ઝોકાં આવવા લાગ્યાં. હું તો ઊંઘી જ ગયો હોઇશ, કારણ જ્યારે અચાનક જાગ્યો ત્યારે જાણ્યું કે અમે ઊંચે હવામાં ઊડતા હતા. નીચે અદૃશ્ય થતો ઇંગ્લંડનો કિનારો જણાતો હતો અને ઈંગ્લિશ ચૅનલ એક નાનકડા તળાવ જેવી જણાતી હતી.

(ચાલુ) **હંસા મહેતા**

# ભેદી ટાપુ

(ગયા અંકને અનુસંધાને ચાલુ)

નામકરણવિધિ પૂરો થયા પછી સૌએ ફ્રાંક્લિન પર્વત ઉપરથી નીચે ઊતરવાનો આરંભ કર્યો. હાર્ડિંજનો વિચાર નવે રસ્તેથી ચીમનીમાં જવાનો હતો. પાછા ફરતાં તેમને 'લેઈક ગ્રાન્ટ' બરાબર જોઈ લેવું હતું.

વનમાં હિંસ્ર પશુઓ હોવાની શંકાને લીધે સૌ સાવચેત રહી આગળ ચાલવા લાગ્યા. સૌની આગળ ટૉપ, તેની પાછળ હર્બર્ટ ને તેની પાછળ નેબ તથા પેન્ક્રૉફ્ટ. હાર્ડિંજ અને સ્પિલેટ સૌની પાછળ ચાલવા લાગ્યા. સ્પિલેટ દરેક વિષય તેની નોટબુકમાં નોંધી લેતો હતો. હાર્ડિંજ રસ્તામાં જે કાંઈ ખનિજ પદાર્થ મળે તે ખીસામાં મૂકતા હતા.



નદીના મુખ ઉપર જંગલી હંસો, જળકૂકડાં, જાડી ચાંચનાં બગલાં વગેરે ઘણાં પક્ષીઓ હતાં.

દસ વાગ્યાને શુમારે સૌ પર્વતની તળેટીએ પહોંચ્યા, ત્યાં તો હર્બર્ટ એકદમ દોડતો પાછો આવ્યો. પેન્ક્રૉફ્ટ ને નેબ હતા ત્યાં જ એક ખડકની પાછળ જઈ ભરાયા. હર્બર્ટે હાંફતાંહાંફતાં કહ્યું, 'ત્યાં ધુમાડા દેખાય છે. જરા આગળ જતાં પર્વતમાંથી ધુમાડા નીકળે છે.'

હાર્ડિંજે શાંતિથી કહ્યું, 'એમ? ત્યારે તો સાવચેતી રાખવી જોઈશે ને સંતાઈને ચાલવું પડશે. કદાચ આ દ્વિપમાં બીજા લોકો પણ રહેતા હોય! બધા કરતાં મને એનો વધારે ભય છે. વારુ, ટૉપ ક્યાં?'

'ટૉપ તો આગળ ગયો છે.'

'ત્યારે એ ભસતો કેમ નથી? આ તો નવાઈની વાત લાગે છે! તેને પાછો બોલાવવો પડશે.'

તરતજ હાર્ડિંજ, સ્પિલેટ અને હર્બર્ટ પણ નેબ તથા પેન્ક્રૉફ્ટની પેઠે મોટા પથ્થરો પાછળ સંતાતા આગળ ગયા. ધુમાડાના ગોટેગોટ હવે સ્પષ્ટ દેખાતા હતા. હાર્ડિંજે ટૉપને પાછો બોલાવ્યો. થોડીવાર પછી સૌને કશાકની ખરાબ વાસ આવવા લાગી.

વાસ પરથી સૌને જણાયું કે તે ગંધકની વાસ હતી, એટલે આસપાસ કોઈ ઠેકાણે ગંધકનો કુંડ હોવો જોઈએ એમ ધારી ભય છોડીને સૌ તે ધુમાડા તરફ ચાલ્યા. જઈને જોયું તો ખરેખર ત્યાં ગંધકનો કુંડ જ હતો ને તેમાંથી ગંધકનો પ્રવાહ ચાલતો હતો. હાર્ડિંજે તેમાં આંગળી બોળી જોઈ તો તે સાધારણ ગરમ હતો. આ પ્રવાસીઓને એ કુંડ કશા ખપનો નહોતો, તેથી તેઓ આગળ જંગલ તરફ વળ્યા.

વનની સીમા પર જઈને જોયું તો લાલ માટીની ભેખડો વચ્ચે થઈ નદીનું ચોખ્ખું પાણી ખળખળ વહ્યું જતું હતું. એ માટીની સાથે લોઢું મળેલું હોવાથી તેનો રંગ લાલ હતો. નદીનું નામ 'રેડ ક્રીક' રાખ્યું.

પહાડનાં અનેક ઝરણાંઓ મળીને આ નદી થઈ હતી ને લગભગ દોઢ માઈલ સુધી વહીને એક મોટા ધૂનામાં પડતી હતી. ચીમની કરતાં આ ધૂનાની પાસે

રહેવાનું સારૂં સ્થળ મળે તો કેવું એમ સૌને થયું !

રાની નદીને કિનારે, જે માર્ગેથી આ યાત્રીઓ ચાલતા હતા ત્યાંથી લગભગ સો ફૂટ નીચે દેવદાર અને યૂકૅલિપ્ટસનાં મોટાં મોટાં ઝાડ છાયા પસારીને ઊભાં હતાં. મહાસાગરમાં આવેલા બેટોમાં સાધારણ રીતે નાળીએરીનાં ઝાડ ઘણાં હોય છે, પણ દુઃખની વાત એ હતી કે આ બેટમાં એક પણ નાળીએરી દેખાતી નહોતી. જો હોત તો નાળીએરનો સુંદર ખોરાક થાત.

નદીતીરે વિધવિધ જાતનાં પક્ષીઓ વૃક્ષોની ડાળીઓ પર બેસીને કલ્લોલ કરતાં હતાં. તેમાં કેટલાક પહાડી કૂકડા પણ હતા. નેબ ને પેન્ક્રૉફ્ટે લાકડીના ઘાથી બે-ચાર કૂકડા મારી સાંજના ભોજનની વ્યવસ્થા કરી લીધી.

આ વખતે સૌને બંદુકની ખોટ જણાઇ. થોડે દૂર જતાં તેઓએ જોયું કે કેટલાંક જનાવરો તો બહુ ઝડપથી ભાગતાં જણાયાં.

પેન્ક્રૉફ્ટ: 'આ જનાવરોનું માંસ કેવું લાગતું હશે?'

સ્પિલેટ: 'સારી રીતે પકાવવાથી એનું માંસ હરણ કરતાં પણ વધારે સારૂં લાગે છે.'

પેન્ક્રૉફ્ટ ને નેબ એ કાંગારૂની પાછળ પડ્યા. હાર્ડિંજે બહુ યે પાછા બોલાવ્યા, પણ સાંભળે ? પાંચેક મિનિટ પછી બંને થાકીને પાછા ફર્યા. કાંગારૂનો શિકાર કાંઇ સહેલો હતો ? ટૉપને પણ નિરાશ થઇને પાછા ફરવું પડ્યું.

પેન્ક્રૉફ્ટ: 'કૅપ્ટન, જુઓ છોને ! બંદુક વિના કેવી હાડમારી છે ! બંદુક હોત તો કાંગારૂ નાસી જવા ન પામત. આપણે બંદૂક ન બનાવી શકીએ ?'

હાર્ડિંજ: 'ભવિષ્યમાં કદાચ બનાવી શકીશું. પરંતુ હાલ તુરત તો તીર કામઠાંનો ઉપયોગ કરવો જોઇએ. મને લાગે છે કે થોડા દિવસમાં જ તમે એ સાધનથી સારો શિકાર કરતાં શીખી જશો.'

પેન્ક્રૉફ્ટ તુચ્છકારથી બોલ્યો: 'તીરકામઠી ! એ તો બાળકોની રમત! એનાથી તે શિકાર થતા હશે ?'

સ્પિલેટ: 'બંદૂક તો તમારી હમણાં થઇ. દુનિયા આજ સુધી તો ધનુષ્બાણ જ વાપરતી ને ? યુદ્ધનું મુખ્ય અસ્ત્ર પણ એ જ હતું. એ વડે શું ઓછી લડાઇઓ લડાઈ છે ?'

ત્યાં તો ટૉપ એકદમ દોડીને એક ઝાડીમાં પેસી ગયો ને થોડી જ વારે કરડ કરડ અવાજ આવવા લાગ્યો. નેબે જઇને જોયું તો ટૉપ એક જાનવરને મારીને ખાય છે, ને બે મરેલાં પડ્યાં છે. નેબે તે ઉપાડી લીધાં. આ પ્રાણી સસલાની જાતનાં હતાં.

પેન્ક્રૉફ્ટ ખુશ થતો બોલ્યો: 'વાહ, શિકાર તો સરસ મળી ગયો છે. હવે ઘેર પહોંચીએ એટલી વાર.'

આગળ જતાં નદી ધીમેધીમે પહોળી થતી જતી હતી. હાર્ડિંજ સમજી ગયા કે હવે આ નદીનું મુખ આવશે. એકાદ ગીચ ઝાડી વટાવીને પાર જતાં જ નદીનું મુખ દેખાયું તે વખતે સૌ લેઇક ગ્રાન્ટને પશ્ચિમ કિનારે ઊભા હતા. સ્થળ સુંદર હતું. નદીના મુખ ઉપર જંગલી હંસો, જળકૂકડાં અને 'પેલિકન'—પહોળી ચાંચનાં ટૅંક બગલાં વગેરે ઘણાં પક્ષીઓ ફરતાં હતાં. સરોવરનું પાણી સ્ફટિક જેવું ચોક્ખું અને સ્વાદિષ્ટ હતું. અંદર માછલાં પણ ઘણાં હતાં.

સ્પિલેટ: 'સરોવર બહુ સુંદર છે. આની પાસે જ આપણું રહેઠાણ રાખ્યું હોય તો કેવું સારૂં !'

હાર્ડિંજ: 'બરોબર છે; અહીં જ આપણે ઘર બનાવી લેશું.'

હાર્ડિંજનો ઇરાદો સરોવરનું પાણી ધોધરૂપે પડીને જ્યાં સમુદ્રને મળતું હતું તે સ્થળ જોવાનો હતો, કેમકે ધોધની મદદથી ઘણાં કામ લઇ શકાય એવું હતું. એટલે સૌ સરોવરને કિનારે કિનારે જ ચાલ્યા, પરંતુ દોઢેક માઇલ સુધી જવા છતાં યે ધોધનો પત્તો લાગ્યો નહિ.

તે વખતે સાડાચાર થયા હતા અને સાંજનું ભોજન હજી તૈયાર કરવાનું હતું એટલે સૌને ચીમનીમાં પાછા ફરવું જ વ્યાજબી લાગ્યું. આખરે મર્સી નદીની જમણી બાજુને કિનારે કિનારે ચાલી સૌ ચીમનીમાં આવ્યા.

પેન્ક્રૉફ્ટે અને નેબે ખાવાનું બનાવ્યું. રાંધી જમી સૌ સૂવાની તૈયારી કરતા હતા ત્યાં હાર્ડિંજે રસ્તામાંથી ખીસામાં ભરી લીધેલી બધી ખનિજ વસ્તુઓ કાઢી સૌને દેખાડી કહ્યું: 'જુઓ, આ લોઢું છે, આ માટી, આ ચૂનો, અને આ છે કોલસો. પ્રભુએ આ બધી વસ્તુઓ અહીં સંપડાવી છે. આને ઉપયોગે લગાડવાનું કામ આપણું છે. કાલથી આપણે તે કામની શરૂઆત કરીશું.'

બીજે દિવસે સવારે પેન્ક્રૉફ્ટે હાર્ડિંજને પૂછ્યું 'કૅપ્ટન, આપણે કામની શરૂઆત કેવી રીતે કરીશું ?'

હાર્ડિંજ: 'આપણે મૂળથી જ શરૂઆત કરવાની છે.' હાર્ડિંજે સાચું જ કહ્યું હતું. આ ઉજ્જડ બેટમાં એમની

પાસે કશું જ સાધન નહોતું. બધું હાથે બનાવી લેવાનું હતું. અસ્ત્રશસ્ત્ર બનાવવા માટેનાં કશાં સાધનો નહોતાં. ખનીજ વસ્તુઓ પણ કામમાં લઈ શકાય એવી સ્થિતિમાં નહોતી. કેટલીક વસ્તુઓ તો એવી હતી કે જેના વિના ચાલે જ નહિ. પણ હાર્ડિંજ બુદ્ધિશાળી હતા ને તેના સાથીઓ પણ કાંઇ મોળા નહોતા. ગમેતેમ કરીને પણ તેમને ઉપયોગી વસ્તુઓ બનાવી લીધા વિના છૂટકો નહોતો. ભાગ્યની સાથે યુદ્ધ કરવા આ પાંચે જણ તૈયાર હતા.

હાર્ડિંજ: 'બેટમાં લાકડાં ને કોલસાની ખોટ નથી. એટલે પહેલાં તો આપણે એક ભઠ્ઠી બનાવી લઇએ. તેમાં પહેલાં તો માટીનાં વાસણ બનાવીને પકાવીએ.

'પણ ભઠ્ઠી શાની બનાવશું?'

'ઇંટની.'

'પણ ઇંટો જ ક્યાં છે?'

'કેમ વળી? કાદવની ઇંટો કરી લઇશું.'

હાર્ડિંજે સૌને કામ કરવા તૈયાર થવા કહ્યું. એમ ઠરાવ્યું કે જે જગ્યાએ બધાં સાધનો સાથે મળી શકે તેમ હોય ત્યાં જ કારખાનું બનાવવું, એટલે ઘણી મહેનત બચી જાય. નેબ ખાણું બનાવીને આપી જશે; રાંધવા માટે અગ્નિની ખોટ તો પડવાની નથી.

સ્પિલેટ: 'પણ હથિયારના અભાવે ખોરાક મેળવવામાં કદાચ મુશ્કેલી પડશે તો?'

પેન્ક્રૉફ્ટ: 'કોઇની પાસે એકાદ છરી હોત તો યે તીરકામઠું બનાવી લેત; કે શિકાર કરવા તો ચાલે.

સાઇરસ હાર્ડિંજ એકલા એકલા જ કાંઇક બોલવા લાગ્યા. 'બરાબર, બરાબર; એકાદ ધારદાર છરી હોત તો બહુ કામ આવત.' ત્યાં તો એકદમ તેમની નજર ટૉપ પર પડી અને તેમના મુખ ઉપર ઉત્સાહ જણાયો. તેમણે તરત જ ટૉપના ગળામાંથી લોઢાની પટ્ટી કાઢી તેના બે ટુકડા કરી નાખ્યા. અને પેન્ક્રૉફ્ટને કહ્યું: 'ચાલો, બે છરીની તો સગવડ થઇ પણ ગઈ!'

પેન્ક્રૉફ્ટના આનંદનો પાર ન રહ્યો. સાઇરસના ભેજામાં ન આવે એવી કોઇ વસ્તુ જ તેને ન લાગી. પથ્થર પર ઘસીઘસીને ધાર કાઢી તેની છરીઓ બનાવી લીધી.

આગલે દિવસે સરોવરને પશ્ચિમ કિનારે હાર્ડિંજે જ્યાં પુષ્કળ માટી જોઇ હતી ત્યાં જવા સૌ તૈયાર થયા. મર્સીને કાંઠેકાંઠે પ્રૉસ્પેક્ટ હાઇટ પાર કરી લગભગ પાંચ માઇલ ચાલ્યા પછી સૌ ખુલ્લા મેદાનમાં આવ્યા. લેઇક ગ્રાન્ટથી એ સ્થળ સોએક ફૂટને અંતરે જ હતું.

માર્ગમાં હર્બર્ટે એક ઝાડની ડાળ કાપી તેમાંથી દક્ષિણ અમેરિકાના મૂળ જંગલી વતનીઓ વાપરતા તેવું ધનુષ બનાવ્યું અને તે જ ઝાડની લાંબી ડાળમાંથી પેન્ક્રૉફ્ટે જુદી જ જાતનું ધનુષ બનાવ્યું. ધનુષની દોરી એક જાતના ઝાડની છાલની બનાવી—બહુ મજબૂત; તાંત કરતાં પણ. હવે તીર જોઇએ. તે જ ઝાડની એક સીધી ડાળ કાપી તેનું તીર બનાવ્યું. હવે જરૂર હતી તીરના છેડા પર બાંધવા માટે લોઢાના ફળાની. પણ લોઢું લાવવું ક્યાંથી?

પેન્ક્રૉફ્ટે કહ્યું, 'આટલે સુધી મળી રહ્યું છે ત્યારે લોઢાની સગવડ પણ પ્રભુ જરૂર કરી આપશે.'

સૌ માટી વાળી જગ્યાએ આવી પહોંચ્યા. સાધારણ રીતે તો લાકડાના ચોકઠામાં ગારો નાખી ઇંટ બનાવવામાં આવે છે. પણ આંહીં ચોકઠું ક્યાંથી મળે? એટલે હાથથી જ ઇંટો બનાવવી શરૂ કરી. બે દિવસની પૂરી મહેનતને અંતે ત્રણ હજાર ઇંટો માંડ થઇ શકી. આ ઇંટોને ભઠ્ઠી તૈયાર થાય ત્યારે તેમાં પકવવાની હતી; એટલે હમણાં તો ઇંટો સૂકાવા મૂકી દીધી અને ભઠ્ઠી માટે એ બે દિવસ સૌએ લાકડાં ભેગાં કરવા માંડ્યાં.

હવે તેમને શિકાર માટે તો ચિંતા રહી નહોતી. કેમકે પેન્ક્રૉફ્ટે સુંદર તીર બનાવી લીધું હતું. એક દિવસ ટૉપ એક શાહુડી મારી લાવેલો, એનાં અણીદાર પીંછાંનો ઉપયોગ તીરની અણીની જગ્યાએ કરીને સંખ્યાબંધ તીરો બનાવી લીધાં હતાં. અને સ્પિલેટ તથા હર્બર્ટ તો હોશિયાર તીરંદાજ પણ બની ગયા હતા. ચીમનીની આસપાસમાં વનમૃગો, તેમજ કબૂતરો વગેરે પક્ષીઓની ખોટ નહોતી. પણ સૌથી વધારે પક્ષીઓ તો મર્સી નદીની ડાબી બાજુના વનમાંથી તેઓને મળતાં. તે વનનું નામ જેકામાર વન રાખ્યું હતું, કારણકે હર્બર્ટ અને પેન્ક્રૉફ્ટે પહેલે જ દિવસે એ વનમાંથી જેકામાર પક્ષીનો શિકાર હાથ કર્યો હતો. શિકાર કરવા માટે ઇંટ બનાવવાને સ્થળેથી વધારે દૂર કોઇ જતું નહિ.

(ચાલુ)

મોંઘીબેન

# કાગડાએ ચીબરીને મારી નાખી

બા ળ વિ ભા ગ



ચીબરી પીંપળની ડાળ પર બેઠી હતી. ત્યાં કૉક કૉક કરતોક ને એક કાગડો જરા દૂર આવી તે જ ડાળે બેઠો. કૉક સાંભળી બીજો આવ્યો ને બેઠો. ત્રીજો આવ્યો, ચોથો આવ્યો. ઘણા આવ્યા ને ચીબરીની ફરતા ગોળ બેઠા. ચીબરી ફરતો રીતસર ઘેરો ઘાલ્યો.

ચીબરી દેખતી ન હતી; પણ કાનથી તેણે જાણ્યું કે કા કા કરતા કોણ ભેગા થયા છે. એટલે બિચારી ચીવર કરતીક ઊડીને ભાગી. કાગડાનું ટોળું તેની પાછળ ગયું. ચીબરી અને કાગડા દેખાતા બંધ થયા.

થોડીવારે ચીબરી ફરી પાછી તે જ ડાળ પર આવીને બેઠી. વળી કાગડા વ્યૂહ રચીને બેઠા. બધા બેસી ગયા. કૉ કૉનો અવાજ બંધ થઈ ગયો. એક કાગડે ધીમેથી પાસે આવીને ચીબરીને ચાંચ મારી. ચીબરી પાછી ઊડી. આગળ ચીબરી ને પાછળ કાગડા. વળી ચીબરી ને કાગડા પેલીમેર ન દેખાય તેમ ચાલ્યા ગયા.

ત્રીજી વાર ચીબરી પીંપળ- [illegible] ત્યાં રસ્તામાં જ તે થાકી ગઈ અને જમીન પર બેસી ગઈ.

કાગડા જમીન પર ગોઠવાયા. રીતસરની લશ્કરી ગો- [illegible] બીજો, તેની પાછળ ત્રીજો, એમ બધા બેસી ગયા. પછી એક કાગડે ચાંચથી ચીબરીનો પગ પકડ્યો. ચીબરી બિચારી ઝટકો મારીને નાસી છૂટી. કાગડા વળી પાછળ પડ્યા.

એક ચીબરીએ મકાનની પાંખ નીચે બેસી ગભરાએલી ચીબરીને બોલાવી. પણ ચીબરી તે તરફ ઊડી છતાં ત્યાં જઈ ન શકી. અવાજની દિશા તરફ બંધ આંખે જવું મુશ્કેલ પડ્યું હશે.

વળી પાછી ચીબરી ને કાગડા દૂર દૂર ચાલ્યા ગયા લાગ્યા.

એટલામાં કાગડાનો કૉ કૉ અવાજ આવ્યો. બાકી રહેલા વધારાના કાગડા અવાજ તરફ ગયા. ત્યાં કેમ થયું હશે તે તો કોણ જાણે, પણ થોડા વખતમાં લૂંટ કરીને હરખાતા હરખાતા કાગડા દરિયા તરફ ઊડ્યા જતા હતા. એકની ચાંચમાં ચીબરીનો પગ હતો અને ચીબરી ઊંધે માથે લટકતી હતી.

ગિજુભાઈ

# ટીટોડી અને સાગર



સાગરને તીર એક ટટળે ટીટોડી, ચીરી આકાશ એની ઊઠે છે ચીસ;
'સાગર ગોઝારા હો ઈંડાં મારાં દે' ટટળી કળેળતી કાઢે છે રીસ.
મસ્તીના ઘેનમાં ગાજે મેરામણોઃ 'છોને ટીટોડી રાંક ટટળી મરે,
ડુંગર શાં જહાજ મેં કૈં કૈં ડુબાવ્યાં, ઈંડાં ભૂંડાં તારાં પાછાં ફરે ?'
[illegible]
ઈંડાં ટીટોડીનાં પાછાં અપાવવા પંખીની સેન ત્યાં આવી ચડી.
ચાંચે સમાણું જે તરણું કે કાંકરો, પાણો પથ્થર સૌ પંઝે લઈ,
માંડ્યો સાગરને પંખીએ પૂરવા દરિયાની ઊંઘ ત્યાં ઊડી ગઈ.
સાતે પાતાળનાં સળક્યાં પાણીડાં, દરિયાને પેટ આગ ભડકી રહી,
દરિયો ત્યાં હારિયો, કરગરતો આવિયો, ઈંડાં ખોબામાં પાછાં લઈ.
સાગરને તીર ત્યાં હરખે ટીટોડી, મોતી શાં ઈંડાં પાછાં લઈ:
'સૌને ડુબાડતો દરિયો મેં ડારિયો' એના સૌ ભેદ મેં જોયા જઈ.

સુન્દરમ્

# જાદુઇ ચોરસની ગોઠવણ



['કુમાર'ના છેલ્લા પાનામાં ને કેટલીકવાર 'માધુકરી'માં અમે અવારનવાર જાદુઈ ચોરસો આપ્યા કર્યા છે. પરંતુ અમારો ઇરાદો તો એવો હતો કે કેવળ કુતૂહલ ખાતર એવા ચોરસો આપવા કરતાં વાચકોને તે જાતે બનાવી લેવાની પદ્ધતિ પણ બતાવવી જોઇએ, જેથી જ્ઞાનાર્જનના આનંદ ઉપરાંત તેનું રહસ્ય વધુ સમજાય અને મનોવિનોદનું નિરંતરનું સાધન તેમને મળી રહે. આ ઇરાદાથી તેને લગતું કેટલુંક સાહિત્ય પણ અમે એકઠું કરી રાખેલું હતું. એવામાં આફ્રિકાનિવાસી શ્રી મગનભાઇ ર. પટેલે તેને લગતો એક લેખ અમને મોકલી આપ્યો. તેને અમારા ગણિતજ્ઞ મિત્ર શ્રી મોહનલાલ પંચોળીની સહાયથી જરા વધારે સરળ તથા વિસ્તૃત રૂપે આ નીચે આપીએ છીએ. આ વિષયમાં આગળ વધુ હપતા આપવાની આશા રાખીએ છીએ. -તંત્રી]

ચોરસ આકૃતિમાં, આડી અને ઊભી હારમાં એકસરખાં ખાનાં પાડી, તેમાં અંકો એવી રીતે ગોઠવવા કે એની આડી, ઊભી કે ત્રાંસી હારમાં ગોઠવાએલા અંકોનો સરવાળો સરખો થાય, આને અંકોની જાદુઇ ગોઠવણવાળો ચોરસ કહે છે.

આવા ચોરસો જે એકી સંખ્યાનાં ખાનાના બનેલા હોય તેમાં ક્રમિક સંખ્યા ગોઠવવાની રીત વધારે સહેલી છે; જ્યારે આડાંઊભાં બેકી સંખ્યામાં ખાનાં જેમાં આવતાં હોય એવા ચોરસોમાં ક્રમિક સંખ્યા ગોઠવવાની રીત જરા મુશ્કેલ છે. એ બીજી રીત બીજા પ્રસંગ ઉપર મુલતવી રાખીશું.

એક પછી એક સળંગ ચાલી આવતી સંખ્યાઓ તે ક્રમિક કહેવાય છે: જેમકે ૧, ૨, ૩, ૪. ૫, વગેરે; ૨૬, ૨૭, ૨૮, વગેરે.

હવે દાખલો લઇને તેની પદ્ધતિ સમજીએ. બાજુએ બે ચોરસ આપેલા છે. પહેલો ત્રણ ખાનાંનો (એટલે એકંદરે નવ ખાનાંનો) ચોરસ છે. બીજો પાંચ (એટલે પચીસ) ખાનાંનો છે. આવાં એકી સંખ્યાનાં ખાના વાળા ચોરસમાં ક્રમિક અંકો ગોઠવી જાદુઇ ચોરસ બનાવવાની પદ્ધતિ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૮ | ૧ | ૬ |
| ૩ | ૫ | ૭ |
| ૪ | ૯ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | ૨૪ | ૧ | ૮ | ૧૫ |
| ૨૩ | ૫ | ૭ | ૧૪ | ૧૬ |
| ૪ | ૬ | ૧૩ | ૨૦ | ૨૨ |
| ૧૦ | ૧૨ | ૧૯ | ૨૧ | ૩ |
| ૧૧ | ૧૮ | ૨૫ | ૨ | ૯ |

(૧) ક્રમિક સંખ્યાનો પહેલો અંક ચોરસની સૌથી ઉપલી આડી હારના વચલા ખાનામાં મૂકો.

(૨) હવે, એ મૂકેલા અંકવાળા મધ્ય ઊભી હારમાં છેક નીચે આવી જમણી તરફના ખાનામાં બીજો ક્રમિક અંક મૂકો.

(૩) એ બીજા અંકથી ત્રાંસી હારમાં ત્રીજો, ચોથો એમ અંકો, જ્યાં સુધી એ ત્રાંસી હાર પૂરી થાય ત્યાં સુધી, મૂકયે જાઓ.

(૪) આ રીતે ગોઠવતાં જે અંક છેડે આવે તેની તરતની ઉપલી હારના ડાબી તરફના છેક પહેલા ખાનામાં હવે તે પછીનો ક્રમિક અંક મૂકી, વળી ત્રાંસી હારમાં એ જ પ્રમાણે ક્રમિક અંકો મૂકતા જાઓ.

(૫) આ પ્રમાણે ત્રાંસી હારમાં ગોઠવતા જઇ, ફરીથી જે ખાનાથી આગળ જઇ શકાય તેમ ન હોય તે ખાનાથી તરતજ નીચેના ખાનામાં આગળનો અંક મૂકી ફરી પાછા ત્રાંસા ચાલો.

(૬) એ પ્રમાણે કરતા જઇને છેવટે જ્યારે ચોરસની છેક ઉપરની હદ પર આવેલા ખાનામાં અંક ગોઠવાઇ જાય ત્યારે પછી તે જ ખાનાની ઊભી હારમાં એકદમ નીચે જઇ જમણી બાજુના પહેલા ખાનામાં તે પછીની સંખ્યા ગોઠવો.

હવે ફરી પાછી નંબર ત્રણથી શરૂ થતી સૂચનાઓ મુજબ અંકો ગોઠવતા જાઓ. અને આ પ્રમાણે બધાં ખાનાં ભરાય ત્યા સુધી ગોઠવ્યે જાઓ.

ઉપરની પદ્ધતિ જો બરોબર સમજાઈ ગઇ હોય તો હવે નીચે મુજબના બે બીજા દાખલા આપમેળે પ્રયત્ન કરી જોઈ મેળવી લો: **(૧)** ૨૦થી શરૂ કરીને તે પછીની ૯ ક્રમિક સંખ્યાઓને જાદુઇ ગોઠવણમાં મૂકો. **(૨)** ૧૧ થી પછીની ૨૫ ક્રમિક સંખ્યાઓને જાદુઇ ગોઠવણમાં મૂકો.

| | | |
|---|---|---|
| ૨૭ | ૨૦ | ૨૫ |
| ૨૨ | ૨૪ | ૨૬ |
| ૨૩ | ૨૮ | ૨૧ |

આ ગોઠવણ બરાબર છે કે નહિ તેનો તાળો મેળવવા માટે નીચેની બે બાબતો તપાસી લેવી; એટલે ભૂલ હશે તો જણાઇ આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | ૩૪ | ૧૧ | ૧૮ | ૨૫ |
| ૩૩ | ૧૫ | ૧૭ | ૨૪ | ૨૬ |
| ૧૪ | ૧૬ | ૨૩ | ૩૦ | ૩૨ |
| ૨૦ | ૨૨ | ૨૯ | ૩૧ | ૧૩ |
| ૨૧ | ૨૮ | ૩૫ | ૧૨ | ૧૯ |

(૧) ગોઠવવાની સંખ્યાનો પહેલો ને છેલ્લો અંક ઊભી વચલી હારની છેક ઉપર અને છેક નીચે આવેલો હોવો જોઇએ. (૨) ક્રમિક સંખ્યાના વચલા બધા અંકો ચોરસના ડાબી બાજુના નીચલા ખૂણાથી ઉપર જમણી તરફ જતી ત્રાંસી હારમાં ગોઠવાઈ ગએલા હોવા જોઇએ.

હવે દરેક હારમાં ગોઠવાએલા અંકોનો સરવાળો કેટલો થાય તેનો પણ તાળો મેળવવાની રીત છે ક્રમિક સંખ્યાના પહેલા અને છેલ્લા અંકના સરવાળાને ૨ વડે ભાગવાથી જે ભાગાકાર આવે તેને, જેટલાં ખાનાંનો ચોરસ હોય તેટલા વડે ગુણવાથી જે જવાબ આવે તેટલો સરવાળો એ ચોરસની દરેક લીટીનો થવો જોઇએ જેમકે ઉપરના નંબર (૨)ના ચોરસમાં વચલી લીટીમાં મથાળે ૧૧ અને છેડે ૩૫ છે. એટલે ૧૧+૩૫÷૨×૫=૨૩×૫=૧૧૫ થાય. આ રીતે નંબર (૧)ના ચોરસને પણ તપાસી જાઓ.

**મોહનલાલ પંચોળી**



# માધુકરી

ભલે જલધિના મહા વમળમાં જઉં હું શમી,
અને તિમિરમાં ભૂલી પથ રહું વને આથડી,
વિરામહીન તપ્ત હું રણમહીં ચહું ચાલવું,
પરંતુ નવ 'દીનતા' શબ્દ ઉરથી ઉચ્ચરૂં.

—પ્રહ્‍લાદ પારેખ

(નવચેતન)

## અમેરિકાનો આજનો યુગપુરુષ ફ્રાંક્લિન ડી. રૂઝવેલ્ટ

અમેરિકન પ્રજાસત્તાકના નવા પ્રમુખ તરીકે ફ્રાંક્લિન રૂઝવેલ્ટ ચૂંટાયો છે. એ આગળ થઇ ગએલા પ્રસિદ્ધ પ્રમુખ રૂઝવેલ્ટનો છઠ્ઠો પિત્રાઇ થાય. ગયા નવેમ્બરની ૪થી તારીખે તે અમેરિકન પ્રજાની વધુમતીથી પ્રમુખસ્થાને વરાયો.

પ્રેસિડેન્ટ ફ્રાંક્લિન ડિલાનો રૂઝવેલ્ટ. ઊંચો, દેખાવડો, પહોળાં જડબાં અને ભૂરી આંખો વાળો એ આદમી આજ જગતની નજર ખેંચી રહ્યો છે. પક્ષાઘાતની ત્રાસજનક અપંગતા પર વ્યાયામથી વિજય મેળવનારો એ વીરનર દુનિયાદારીની લડાઇમાં પણ સાફદિલ બહાદુર યોદ્ધો જણાયો છે. કુમાર વયમાંથી જ તેના શરીરનાં નીચેનાં અંગોને બનાવટી ટેકા આપી ચાલતા રાખવાની તેને જરૂર પડી છે. છતાં પાણીમાં તરવાની અને હોડી હંકારવાની વખતે તે ભારે બળવાન મનુષ્ય બની જાય છે.

પહેલેથી જ તે જીવનની સીડી પર ઝપાટાબંધ ચડતો આવ્યો છે અને આજે અમેરિકન પ્રજાને મન જે ઊંચામાં ઊંચું પદ ગણાય તે મેળવવા પામ્યો છે. તેના જ શબ્દો છે કે 'વિજયપદ પર પહોંચવાને પગ કરતાં મનોબળ અને હૃદયબળ જરૂરનાં છે.'

તેણે ન્યૂ યૉર્કમા બેરિસ્ટરી કરીને ઠીક દોલત મેળવી હતી. તે પછી તે રાજપ્રકરણમાં પડ્યો અને ન્યૂ યૉર્ક પરગણા તરફથી સીનેટર તરીકે ચૂંટાયો અને દરિયાઇ ખાતાનો મંત્રી બન્યો.

૧૯૨૦માં તે વાઇસ પ્રેસિડંટના પદની હરીફાઇમાં ઊતરેલો. પણ તેમાં તેને સખતમાં સખત પીછેહઠ લેવી પડી હતી

છતાં તેના ચહેરા પરનું હાસ્ય તો ચિરંતન રહ્યું હતું.

૧૯૨૦માં તે ન્યૂ યૉર્કનો ગવર્નર થયો એ દરમિયાન અગાઉના કોઇ પણ ગવર્નર કરતાં તેને જાહેર બળવાઓ સામે ઝૂઝવું પડ્યું હતું. એમાં તેની ખૂબ આકરી કસોટીઓ પણ થઇ હતી અને ફ્રાંકિલન કેવો કુશળ યુદ્ધનિપુણ છે, તેની ખરેખરી ખબર તેના વિરોધી જીમી વૉકરને પડી ગઇ. જીમી વૉકર એક વખત તેનો મિત્ર હતો એ વાતે પણ ફ્રાંક્લિનને કર્તવ્યવિમુખ થવા ન દીધો; લોકો કહેતા કે જીમી વૉકરને છેડવાથી પ્રમુખપદ મેળવવાના માર્ગમાં વિઘ્ન આવશે. પણ લોકો ભૂલ કરતા હતા.

આજ ૫૦નો આંક તેનો જીવનમણકો છે. પ્રમુખપદ માટે તો એ વય જુવાન ગણાય. એમ છતાં શરત તેના પક્ષે ઊતરી છે.

બધા માને છે કે તે બીજો રૂઝવેલ્ટ નીવડશે.

ફ્રાંકલિન રૂઝવેલ્ટને કામ કરવાના ઓરડામાં જુઓ તો મેંહોગની લાકડાના એક મોટા ટેબલ આગળ કોઇ પણ કાગળિયાના પથારા વિના બેઠેલો નજરે પડશે. ટેબલ પર હશે એક ચોખ્ખો બ્લૉટિંગ પેપર પાથરેલો, અને જુદાંજુદાં ખાતાં સાથે સંબંધ રાખતી ઘંટડીઓ મારવાનાં બટનોની હાર માત્ર.

સવારના સાડાઆઠ કે નવ વાગ્યેથી કામ શરૂ થઇ જાય.

એના ઓરડાની દીવાલો ચોપડીઓની અભરાઇઓથી ભરેલી છે. તેમાં મોટો ભાગ સરકાર અને કાયદાને લગતી.

પણ એક ખૂણામાં દરિયાઇ સાહિત્ય જ ભર્યું દેખાય છે. એ તેનો ખાનગી પુસ્તકસંગ્રહ છે. તેના પગ આબાદ હોત તો તે પક્કો વહાણવટી બન્યો હોત એમ છતાં તે 'લોંગ આઇલંડ સાઉન્ડ' નામની પોતાની હોડીમાં બહુ લહેર માણે છે. તોફાની પવનોમાં પણ તે પ્રવાસ કરે છે. રૂઝવેલ્ટને મન તોફાન કોઇ ચીજ નથી

તરવાનો પણ તેને પારાવાર શોખ છે અને જેટલી ફુરસદ મળે તે બધી દરિયામાં કે કાંઠે પસાર કરે છે.

રોજની એકબે કલાકની એની કસરત તો ખરી જ.

તેની બીજી મોજ નાટ્યગૃહ છે. 'બ્રૉડવે' મા આવતા કોઇ પણ નાટકની પહેલી જ રાત્રે તે હોય. ગવર્નર તરીકે તે દાખલ થતો ત્યારે પ્રેક્ષકો ઊભા થઇ તેને માન આપતા.



કપડાં માટે તે ખૂબ ચીવટ રાખે છે. સ્કૉટિશ કે નૉર્થ ઇંગ્લંડનું જ કાપડ તે વાપરે છે અને ન્યૂ યૉર્કમાં વસતા અંગ્રેજ દરજીઓ પાસે એ સિવડાવે છે. અમેરિકન રાજપુરુષોના દાંત વચ્ચે ઘણે ભાગે સીગાર હોય છે; પણ ફ્રાંકિલનને ચૂંગીનો શોખ છે.

ડચેસ જિલ્લામાં હાઇપાર્કમાં તેનું જૂનું ધામ છે ત્યાં તેને બહુ ગમે છે. ઘરમાં તો એ ઘરનો જ આદમી બની જાય, ને પોતાનાં પૌતરાં જોડે ખૂબ ખેલેરમે ત્યારે જ તેને ચેન પડે.

ફ્રાંકૂલિન 'દારૂબંધી'નો વિરોધ કરે છે. અને તેની રાજદ્વારી સત્તામાં તે એક મજબૂત ટકાવ બની રહ્યો છે. 'દંભી ઠરાવો કશા જ કામના નથી' એમ કહી તે કોઇ પણ માણસ જેટલો જ ઊછળે છે.

તેનો ખોરાક સાદો છે. ઠાઠમાઠવાળાં ભોજન તેને ગમતાં નથી. રાજદ્વારી માણસોમાં રાખી શકાય એટલી પ્રામાણિકતા તે સાચવે છે. એપિસ્કોપીલીયન શાખાનો (ખ્રિસ્તી) ધર્મ તે પાળે છે અને ચુસ્તપણે તેનાં બાલબચ્ચાંઓ સાથે તે પ્રાર્થના-મંદિરમાં બેસવા જાય છે. પણ ત્યાં યે તેનો આડંબર નહિ. પ્રાર્થના પતે કે ગુપચૂપ બહાર નીસરી જાય.

જાહેર ભાષણમાં સાહેબનું બહુ દીપતું નથી. લખેલું જ વાંચી સંભળાવે. મહાન વક્તાની ધગશ કે આતુરતા બેમાંથી એકે તેનામાં નથી જ. પણ સાફ દિલનો હોવાથી કોઈ કટાક્ષોની તેના પર અસર થતી નથી.

જોકે એના રાજદ્વારી હરીફો કંઇ બાકી રાખતા નથી. તેના અપંગપણા ઉપર ક્રૂર મજાકો કરવામાં આવે છે. અદેખાં પત્રો તેના હૃદયમાં મલિનતા બતાવી ન શકે એટલે એના પગની ખોડ પર દાંતિયાં કરે છે. પણ ફ્રાંકલિન તરફથી તો જવાબમાં મજેનું હાસ્ય. તેનું એ હાસ્ય તો તેનીજબરીસમૃદ્ધિછે.

તેના આગલા પિત્રાઇ રૂઝવેલ્ટનું હાસ્ય તો કર્કશ કરડાકી-ભર્યું લાગતું તેવું એનું નથી. એનું તો છે પ્રકાશમય, ઉલ્લાસ-ભર્યું દરિયાવ દિલનું.

અને નવેમ્બરની ૪થી તારીખથી એ હાસ્ય વધુ વિસ્તર્યું છે.

('પાસિંગ શો' ઉપરથી)

## કડેટ નેણશી હીરજી વિકમશી.

મૅટ્રિક, બી. એ. કે એવી બીજી આજની કેળવણી લીધા પછી 'શું કરવું?'ના પ્રશ્નોથી મૂંઝાતા અને નોકરી માટે વલખાં મારતા યુવાનો આગળ ભાઇ નેણશી હીરજી વિકમશીએ એક નવો જ માર્ગ રજુ કર્યો છે.



પિતાના સ્વર્ગવાસ પછી કુટુંબની સાધારણ સ્થિતિને લીધે તે પોતાના વતન રાણપુર (કચ્છ)થી બાળવયે મુંબાઇ આવ્યા અને ત્યાં કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડિંગમાં રહી અભ્યાસમાં જોડાયા. બાબુ પન્નાલાલ હાઇસ્કુલમાં અંગ્રેજી પાંચમા ધોરણમાં હતા ત્યારે—૧૯૩૦ના જાન્યુઆરીમાં—તેઓ માત્ર ૧૫ વર્ષની વયે I. M. M. T. S. 'ડફરિન' પર નૌકાશાસ્ત્રના અભ્યાસ માટે જોડાયા; અને આજે ચાલુ વર્ષના બેસતે મહિને ('૩૩ના જાન્યુઆરીમાં) એનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરીને તેઓ સમસ્ત જૈન કોમ અને કચ્છભરમાં પહેલા કડેટ (Cadet=નૌકાકાર્યના ઉમેદવાર) તરીકે બહાર પડયા છે, અને હવે નૌકાશાસ્ત્રના આગળ અભ્યાસ માટે બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમ નૅવિગેશન કંપનીની સ્ટીમર 'ગારમોલા' પર ચોથા ઑફિસર (Fourth Officer)ની જગ્યાએ જોડાયા છે.

ગુજરાતનાં વહાણો એક વખત સાત સાગરોનાં પાણીમાં ઘૂમતાં અને ગુજરાતના વેપારીઓ તથા નાવિકોને મન દૂરદૂરના મુલકોના કાંઠા આંગણાં જેવા હતા. આજે એની તવારીખ અને સ્મરણોના અવશેષ પણ ભૂલાઈ–ભૂંસાઇ ગયા છે એ સમયે ગુજરાતના જુવાનો એનું સાગરજીવન ફરી જાગૃત કરે એ આદર અને અભિમાનનો વિષય છે.



## આંબો

આંબાને સંસ્કૃતમાં આમ્ર તથા હિંદીમાં આમ કહે છે. એ ગરમ દેશનું વૃક્ષ છે. આપણે ત્યાં આંબાનાં ઝાડ ઘણે ઠેકાણે જોવામાં આવે છે બીજા બધા દેશો કરતા હિંદુસ્તાનમાં આંબા વધારે ઊગે છે

આંબાનું ઝાડ એકંદરે ઠીક મોટું હોય છે. દૂરથી એ વૃક્ષ ઘટાદાર લાગે છે. કોઈકોઈ ઝાડની ડાળીઓ તથા પાન ઘણાં જ નીચાં જમીન તરફ ઢળેલાં હોય છે. બગીચા તથા ડુંગરાળ પ્રદેશમાં આંબાનું ઝાડ ઠીક પ્રમાણમાં ઊગે છે. તેની ઘેરી શીળી ઘટાને લીધે બંગલાની આસપાસના 'કમ્પાઉન્ડ'માં ઘણા લોકો આંબા વાવે છે. ખરી રીતે તો આંબો ખેતરનું વૃક્ષ ગણાય. એની જેમ બરદાસ સારી થાય તેમ તે ફળ પણ સારાં આપે. સારાં ફળ માટે એને ખાતર નાખવું પડે છે.

કેરીના ઘણા પ્રકાર આવે છે. કલમી, આફુસ, પાયરી, મલગુબ્બા વગેરે એનાં જુદાં જુદાં નામો છે. આંબાની કલમો કર્યા પછી તેને ફરી રોપે છે ને એવી રીતે ઉછેરવામાં આવતા આંબાને કલમી આંબા કહે છે.

કેરી એ ફળ એવું છે કે જે દરેકને ભાવે છે. એની કિંમત સૌને પોસાતી હોવાથી ગરીબથી માંડી તવંગર સુધી સૌ એનો સારો ઉપયોગ કરી શકે છે. કેરીમાં રસની અને કાપીને ખાવાની એમ બે જાત આવે છે કેરી પચવામાં તદ્દન હલકી ને શરીરમાં નવું શુદ્ધ લોહી લાવનાર તરીકે બહુ ગુણવાળી ગણાય છે.

આંબાનું ઝાડ દર વર્ષે એકવાર ફળે છે પણ વરસોવરસ આંબો એકસરખો ફળતો નથી. કોઈ વર્ષે ઓછી કેરી આવે છે તો કોઈ વર્ષે વળી ખૂબ કેરીઓ બેસે છે. એ ઝાડ ઘણાં વર્ષો સુધી ટકે છે અને ફળ્યા કરે છે. આંબો આપણે ધારીએ છીએ તેના કરતાં ઘણો ઉપયોગી છે. કોંકણ તરફ તો ગરીબ વર્ગ એ ઋતુમાં એના ફળ પર જ જીવન ગાળે છે. આંબાનું લાકડું મકાન બાંધવાના કામમાં પણ આવી શકે છે.

કાચી નાની કેરીઓ મરવા કહેવાય છે. કાચી કેરીની ઘણી વસ્તુઓ બને છે. કેરીનું અથાણું તથા મુરબ્બા તો સૌએ ખાધા હશે મુરબ્બો ખાવાથી શરીરમાં તાજું લોહી આવે છે. ગોળીઆં, મેથીઆં વગેરે અથાણાની જુદી જુદી જાતો તો જાણીતી છે. કાચી કેરી અને કાંદાને છીણી અંદર ખાંડ તથા મીઠું નાખી છુંદો પણ બનાવવામાં આવે છે.

ઘણા લોકો કાચી કેરીને છોલી નાખી પછી તેના કટકા કરી સૂકવે છે. સૂકાયા બાદ આમલીને ઠેકાણે ખટાશ માટે તેને વાપરે છે. આવા કટકા આંબોળીઆં કહેવાય છે અને આમલીને બદલે આવાં આંબોળીઆં વાપરવાં વધુ ફાયદાકારક છે.

આંબાના ગોટલામાં જે ગોટલી હોય છે તેને આપણામાંના ઘણા લોકો શેકીને ખાય છે. એ ગોટલી પ્રથમથી શેકી રાખી તેમાંથી થોડી ભાંગીને પાણીમાં ભીંજવી રાખ્યા બાદ ખવાય છે. કોંકણમાં આંબાનો ઉછેર ઘણા સારા પ્રમાણમાં હોય છે અને ત્યાંના ગરીબ ખેડુતો ઉનાળામાં ને ચોમાસામાં આ ગોટલી ખાઇને દિવસ ગુજારે છે. ગોટલામાંથી નીકળતી એ ગોટલીની ભાખરી બનાવીને પણ ખાય છે. આ ઉપરાંત બીજી પણ અનેક વસ્તુઓ તેઓ તેમાંથી બનાવે છે. આપણે જેમ ઘઉં બાજરી ને જુવારનો લોટ વાપરીએ છીએ તેમ તેઓ ગોટલીનો લોટ વાપરે છે. એ ગોટલીમાંથી કાળો રંગ પણ મળે છે ને તે ચમાર લોકો વાપરે છે. ચામડા પર એ ઘસવાથી ઘણો સરસ રંગ ચઢે છે. ગોટલીમાંથી પણ તેલ કાઢવામાં આવે છે ને તે દવાના કામમાં વપરાય છે.

આપણે પ્રથમ જોયું છે કે આંબા ડુંગરાળ પ્રદેશમાં પણ ઊગે છે. એવા આંબા જંગલી આંબા કહેવાય છે. એ આંબાની કેરી સ્વાદમાં ઘણું કરીને સારી હોતી નથી, કેમકે તેમાં ટર્પેન્ટાઇન જેવી વાસ હોય છે. જંગલી આંબાને ભૂરાશ પડતી કાળી છાલવાળુ દસબાર ફૂટ ઊંચું મજબૂત થડ હોય છે ને તે પર ડાળી તથા પાંદડાં એવી રીતે આવી રહેલાં હોય છે કે દૂરથી એ વૃક્ષ ઘુમટ આકારનું જણાય છે. આગગાડીમાં મુસાફરી કરતાં નજીકના ખેતરોમાં અથવા તમારા ગામ બહાર ખેતરોમાં આવું દશ્ય તો તમે જરૂર જોયું હશે જ આંબાનાં પાન તો દરેકે જોયાં હશે લાંબાં અને ભાલાના પાના જેવા આકારનાં એ હોય છે આસોપાલવને કંઇક મળતાં કહી શકાય ખરૂં. પણ આંબાનાં પાન કાળાશપડતાં લીલા રંગનાં ને ચળકતાં હોય છે.

આંબાને પ્રથમ મોર આવે છે ને પછી ફળ બેસે છે મોર બેસવાનો વખત ડિસેમ્બરથી માર્ચ સુધીનો છે આ મુદત દરમ્યાન આંબાની જાત તથા જગ્યાના ધોરણાનુસાર મોડોવહેલો દરેકને મોર આવે છે. કેટલાક આંબાને સપ્ટેમ્બરમાં પણ મોર આવે છે. એ ફૂલ નાનાંનાનાં અને મોટી સંખ્યામાં હોય છે. એમાંથી મધ ઝરે છે ને તેના પર માખીઓ બેસે છે. દરેકે દરેક મંજરીએ કાંઇ ફળ આવતાં નથી, ઘણીખરી તો ખરી જાય છે. માત્ર થોડાં ફૂલ પર ફળ બેસે છે.

દક્ષિણ તરફ કેરીની મોસમ વહેલી આવે છે. કેરી મે થી જુલાઇ માસ સુધીમાં પાકીને તૈયાર થઇ જાય છે. કોંકણ તથા રત્નાગીરીમાં કેરીનો પુષ્કળ પાક થાય છે. પોર્ટુગીઝો જ્યારે હિંદુસ્તાનના પશ્ચિમ કિનારે ઊતર્યા ત્યારે તેમણે ત્યાં આંબાનાં ઝાડો પુષ્કળ સંખ્યામાં સારી રીતે ઊગેલાં જોયાં. તેમને જ્યારે ખબર પડી કે આ ઝાડ તો ઘણું ઉપયોગી છે ત્યારે તેમણે પોતે ત્યાં એ ઝાડો ઉછેરી વેપાર શરૂ કર્યો. આફુસ અને પાયરી કેરીના આંબા ઊગાડવાની પ્રથમ શરૂઆત તેમણે જ કરેલી. આફુસ તે વખતે Alfanso આલ્ફાન્સોના નામથી તથા પાયરી Parera પેરેરાના નામથી પ્રખ્યાત હતી આલ્ફાન્સો અને પેરેરા બન્ને પોર્ટુગીઝ પુરુષવાચક નામો છે. આફુસ કેરીના

ગોટલો વાવવાથી આફુસનો આંબો ઊગી તેના જેવી કેરી લાગતી નથી. પણ તેને માટે તો ગોટલો વાવ્યા પછી તેની કલમો કરવી પડે છે. એ વાતની જાણ પોર્ટુગીઝોના આવ્યા પછી જ આપણને થઈ. પ્રથમ શરૂઆત તે લોકોએ આવીને કરી હતી, ને ત્યારબાદ દરેક જણ કલમો કરતા થયા. પોર્ટુગીઝો પોતાના મુલક ગોવામાં આવાં કલમો કરેલાં ઝાડો તૈયાર કરી કોંકણ વગેરે બીજા દેશોમાં પુષ્કળ મોકલતા. તે વખતે એ હુન્નર ખરેખરો આબાદ હતો ને ઘણા ઓછાને તે આવડતો હતો. આવા કલમ કરેલા છોડવાના તે વખતે આઠ આઠ રૂપિયા લેતા હતા. ધીમેધીમે એ હુન્નર શીખી ગયા.

આંબાને ઉછેરવામાં ઝાઝી મહેનત કરવી પડતી નથી. પહેલાં ચાર વર્ષ એને સારી રીતે પાણી અને સાધારણ ખાતરની જરૂર પડે છે. ત્યારબાદ તે આપોઆપ વધે છે.

કલમો કર્યા પછી તે ચાર વર્ષે ફળે છે. છેલ્લાં થોડાં વર્ષો થયાં આપણે ત્યાંની કેરી લંડન મોકલવામાં આવે છે. ઇજિપ્ત અને ખારટુમમાં પણ સારી આફુસ કેરી થાય છે.

કોંકણ ને રત્નાગિરિ બંનેમાંથી દર વર્ષે ૨૦ લાખ રૂપિયાની કેરી દેશાવર જાય છે. એ બાજુ કેરીનો વેપાર મુખ્ય છે.

વૈદકગ્રંથોમાં કેરીના પુષ્કળ ગુણો દર્શાવ્યા છે. પાકી કેરી ખાવાથી શરીરમાં નવું લોહી આવી ચરબી વધે છે તથા દસ્ત સાફ આવે છે. કાચી કેરીમાં જે ખટાશ છે તે સાઇટ્રિક ઍસિડ છે. આંબાના પાંદડાંને બાળી તેની ધૂણી જો લેવામાં આવે તો ગળાનાં દર્દ મટી જાય છે. આંખના પોપચામાં થતી નાની ગરમીની ફોલ્લી (તાપોલિયાં) પર આંબાનાં પાંદડાંની નસને બાળીને લગાડવાથી તરત મટી જાય છે

બાળકોને પેટમાં જે કરમ પડે છે તેના પર આંબાની ગોટલી અકસીર ગણાય છે. ગોટલાને વાટીને આશરે ૨૦થી ૨૫ ગ્રેન જેટલી અપાય છે. આંબાની છાલને પાણીમાં ભીંજવી રાખીને પછી તે પાણી પ્રદરવાળી સ્ત્રીને પીવડાવવાથી એ રોગ મટી જાય છે. આંબાનો તાજો ગુંદર દાદર માટે ઘણો અકસીર ગણાય છે. કોલેરા ઉપર આંબાની ગોટલી દહીંમાં વાટીને આપવાથી ફાયદો થાય છે. આંબાની ડાળખીઓ અથવા તેનાં પાંદડાં તોડવાથી જે રસ નીકળે છે તે આજણી પર ચોપડવાથી મટી જાય છે. તે ઉપરાંત આંબાની ગોટલીનો રસ નાકે પીવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થઇ જાય છે. આંબાનો મોર વાટી દીવેલમાં ઉકાળી ગાળીને તેનાં ટીપાં કાનમાં નાખવાથી સણકા આવતા હોય તો તે મટી જાય છે.

આ તો થોડાક ટુચકા થયા. આંબાના ઘરગથ્થુ નુસખા ને ઉપયોગો તો અનેક છે. —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

## શૈશવનું સામર્થ્ય

આપણે બધાં જ એક વખત બાળક હતાં એ નવાઇ જેવું નથી ? સભાનાં હૃદય હલાવી નાખતો આજનો પ્રખર વક્તા એક વખત ‘ બા, ગેંગું-ગાઉં-કાઉ ?’ કહી પોતાનો મનોભાવ વ્યક્ત કરવાનો મિથ્યા પ્રયાસ કરતો, આજનો પહેલવાન ગામા એક વખત ‘ ટગમગ પગ ટકતો નહિ ’ની નિઃસહાય દશા અનુભવતો, આજનો સુઘડમાં સુઘડ પુરુષ કાદવના લપેડા મોં પર લગાડી ભરી સભામાં અભિમાનથી ફરતો, સત્તાને સિંહાસને બેઠેલો આજનો પુરુષ એક વખત પોતાના મોં પર બેઠેલી માખ ઉડાડી શકતો નહિ, આજનો મોટામાં મોટો વેપારી એક વખત કોઇકે આપેલો રૂપિયો ફેંકી દઇ બિસ્કિટ લેવા માટે હાથ લબાવતો, આજનો સમર્થ વિદ્વાન ને ભયંકર ભાષાશાસ્ત્રી ‘ડ’, ‘લ’, ‘ક્ષ’, ને ‘જ્ઞ’નો ઉચ્ચાર પણ કરી શકતો નહિ,—આ બધાંનો વિચાર કરીએ છીએ. ત્યારે માનવ નિર્બળતા ને નિરાધારતાના તત્ત્વજ્ઞાનભર્યા વિચારમાં ડૂબી જવાય છે.

પણ બીજી રીતે વિચાર કરતાં લાગે છે કે હું બાળક હતો તે વખતે મારામાં જે શક્તિ હતી તે અલ્પાંશે પણ આજે રહી નથી. તે વેળા હું જેવો સ્વાશ્રયી હતો, તેવો આજે નથી. હું સુથાર, લુહાર, મોચી, હજામ, રસોઇયો, એ સર્વનાં કામ હાથે કરતો—કરવા જતો; કરી શકતો કે નહિ તે જુદી વાત છે. હવે હું મારાં બધાં જ કામ બીજા કરી આપે એમ ઇચ્છું છું. હું બાળક હતો ત્યારે ઘોર ભયંકર જંગલમાં એકલો જતો, ત્યાં ઘર બાંધતો, દાદાને જંગલમાં બોલાવતો. દાદાને કરડવા પ્રચંડ સર્પો આવતા તેનો સંહાર કરી નાખતો, એકલે હાથે વાઘસિંહને પકડી લાવી, પાળેલા પ્રાણી પેઠે તેના પાસે કામ કરાવતો. હું બાળક હતો ત્યારે સૃષ્ટિઓનું સર્જન ને વિસર્જન કરતો. હું ન કરી શકું એવી કોઇ વસ્તુ ત્યારે નહોતી. હું ત્યારે હવામાં મહેલો બાંધતો એ ખરૂં, પણ હવે તો નાનકડી ઓરડીમાં હું હવા પણ મારી મેળે આણી શકતો નથી. શૈશવકાળમાં સામર્થ્ય ને શકયતાના ભંડાર મારા આગળ હંમેશ ઉઘાડા રહેતા. આજે હવે એ ભંડાર પર કોઈ, જેની કૂંચી કદી યે જડે એમ નથી એવું, તાળું લગાવી ગયું છે.

(‘ કૌમુદી ’માં આવતી લેખમાળા ‘ અમે બધાં ’માંથી)

## અદૃષ્ટ કારભારી

અમેરિકાના લૉસ ઍન્જેલિસ નગરમાં હમણાં એક ઑફિસમાં અનેક ધંધા-શાખાઓને એક જથ્થે રાખનારાં યંત્રોની ગોઠવણ કરવામાં આવી છે. એ ઑફિસની દરેક શાખાને સૂક્ષ્મ સ્વરવાહકો (માઇક્રોફોન) અને સ્વરવિસ્તારક યંત્રો (લાઉડ સ્પીકર્સ)ની યોજનાવાળાં એવાં વીજળીક સાધનોથી સજ્જ કરી દેવામાં આવી છે કે માત્ર એક માણસ એક સ્થળે રહીને બોલ્યા કરે તેમ બધો કારભાર ચાલ્યા કરે. મુખ્ય ઑફિસમાં એ એક માણસ સિવાય કોઈ જ તમારી નજરે પડે નહિ. તમે તેને મળો, એટલે જે ખાતા સાથે તમારે વાત કરવી હોય તેના મૅનેજર જોડે તમને સંબંધ બાંધી આપે શેઠના ટેબલ આગળ પણ વીજળીક બટનોની હાર હોય છે. તે વડે તે દરેકેદરેક ખાતાના પટાવાળા, કારકૂન, હિસાબનીશ, ટાઇપિસ્ટ કે મૅનેજર ગમે તેની સાથે ત્યાં બેઠાંબેઠાં જ વ્યવહાર

કરી શકે છે. એકાદ કાગળ લખાવવો હોય તો અમુક બટન દાબતાં ભીંત પરના લાઉડ સ્પીકરમાંથી ‘જી સાહેબ’ કરતો ટાઇપિસ્ટનો જવાબ મળે છે અને શેઠ જે કંઇ બોલે તે ટાઇપ કરી તરત વાંચી સંભળાવે છે પછી શેઠ મંજૂરી આપે એટલે મકાનના કોઇ પણ ખંડમાંથી એ કાગળ સ્ટાંપ સિક્કો થઇ પોસ્ટમાં વિદાય થાય છે; અને આટલી બધી ક્રિયા થવા છતાં શેઠ કે કારકૂન નજરે મળતા પણ નથી. બધાં ખાતાંનું કામ કરનારા તાલીમવાળા કારકૂનો બધા એક જ ખંડમાં બેસી તુરતાતુરત પરસ્પરને પૂછી શેઠના હુકમોનો અમલ કરતા હોય છે.

## વિમાનથી અવળો આટલાંટિક પાર કરનાર

વિમાનમાં આટલાંટિક પાર કરવાના પ્રયાસમાં પહેલવહેલો કર્નલ લિંડબર્ગ સફળ થયો હતો, પણ તે અમેરિકાથી પારીસ ગએલો. પૃથ્વીની ગતિ પણ એ જ રીતે—પશ્ચિમથી પૂર્વ તરફની હોવાથી એ સહેલું હતું. પણ પછી યુરોપથી અમેરિકા જવું એ પૃથ્વીની સામી ગતિને લીધે કપરૂં હતું, એટલે તે પાછો જતી વખતે તો સ્ટીમરમાં જ અમેરિકા ગએલો. પરંતુ હમણાં ઇંગ્લંડના કૅપ્ટન મૉલિસને બીજીવાર ઇંગ્લંડથી અમેરિકાની એકલી સફર કરી એ સાહસનો તાજ મેળવ્યો છે. ૧૨૦ હૉર્સપાવરના નાનકડા મૉથ પ્લેન (પતંગ-વિમાન)માં તે ઊડયો હતો. આજસુધીમાં આટલા નાના સાધન વડે લાંબી સફરમાં ટકી રહેનાર તે પહેલવહેલો પુરુષ છે. આ પહેલાં તે ઇંગ્લંડથી ઑસ્ટ્રેલિયા અને લંડનથી કેપટાઉન તથા હિંદુસ્તાનથી ઇંગ્લંડની અટક વિનાની સફરો માટે જગતકીર્તિ વરી ચૂક્યો છે.

## ચીનનાં બોલતાં વર્તમાનપત્રો

ચીનમાં પ્રજાનો મોટો ભાગ લખી વાંચી જાણનારો ન હોવા છતાં પણ તે પ્રજાસત્તાક સંસ્થા તરીકે ખૂબ પ્રગતિ કરી રહ્યું છે. ત્યાંના ગરીબ ખેડુવર્ગને પોતાની એટલી બધી પડી છે કે તેઓ ભાગ્યે જ ભણવા જઈ શકે છે તેમ છતાં તેઓ આસપાસની બીનાઓથી બીનમાહિતગાર કે અજડ જેવા નથી. ચીનના ભણ્યાગણ્યા વિદ્યાર્થીઓ એમ માને છે કે તેઓનું ભણતર બીજાને સંભળાવે તો જ તેમનું કર્તવ્ય બજાવ્યું ગણાય. આથી હમણાં એવા વિદ્યાર્થીઓનો એક આખો વર્ગ એવો નીકળ્યો છે કે જે સ્થળે સ્થળે થોડા સાંભળનારા મળે એટલે બધા સમાચારો તેમને બોલી સંભળાવે છે. જાપાન સાથેના આ વિગ્રહમાં તેઓ દરેકેદરેક ખબર પ્રજાને આમ જ પહોંચાડે છે. ચીનની પ્રજા આખી વાંચતી લખતી થઇ જાય ત્યાંસુધી આ જીવતાં સમાચારપત્રો ચાલુ જ રહેશે.

## પહેલી પોસ્ટ ઑફિસ

હાલની પોસ્ટ ઑફિસનું પ્રથમ સ્વરૂપ આજથી ચાર સૈકા પહેલાં ઇ.સ. ૧૫૧૬માં રચાએલું; પરંતુ તે પહેલાં પણ છેક ઇ.સ. પૂર્વે ૫૫૦માં (અઢી હજાર વર્ષ પૂર્વે) ઈરાનના સાઈરસ રાજાએ ટપાલ ઑફિસ અને તેના માર્ગો રચ્યાં હતાં એમ તવારીખ ઉપરથી જણાય છે. પણ તે માત્ર તેના રાજ્યદ્વારી ઉપયોગ માટે જ હતી અને તે દ્વારા તેને પોતાના અમલદારો તથા સેનાપતિઓના ખબરો મળ્યા કરતા. પ્રજા તેનો ઉપયોગ કરી શકતી નહોતી.

## દેશી રાજ્યોને લગતું જાણવાજોગ

| રાજ્યનું નામ | માથાદીઠ કુલ વેરો | રાજાનું અંગત ખર્ચ કુલ ઉપજના ટકા | માથાદીઠ કેળવણી ખર્ચ | આરોગ્યસંરક્ષણ વગેરેનું ખર્ચ | દર સેંકડે શિક્ષિતની સંખ્યા |
|---|---|---|---|---|---|
| હૈદ્રાબાદ | ૭-૮-૦ | ૧૦ | ૦-૯-૦ | ૦-૩-૦ | ૫ |
| વડોદરા | ૧૧-૪-૦ | ૧૦ | ૧-૧૪-૦ | ૦-૫-૦ | ૭ |
| મ્હૈસુર | ૬-૦-૦ | ૭ | ૧-૮-૦ | ૦-૪-૦ | ૭ |
| ત્રાવણકોર | ૬-૦-૦ | ૫·૨ | ૧-૨-૦ | ૦-૩-૦ | ૧૦ |
| કાશ્મીર | ૬-૦-૦ | ૨૦ | ૦-૬-૦ | ૦-૩-૦ | ૨ |
| બીકાનેર | ૧૬-૮-૦ | ૨૦ | ૦-૫-૦ | ૦-૪-૦ | ૩ |
| ઇંદોર | ૧૩-૮-૦ | ૧૭ | ૦-૭-૦ | ૦-૨-૦ | ૩ |
| અલ્વર | ૧૧-૪-૦ | ૨૫ | ૦-૪-૦ | ૦-૧-૬ | ૨ |
| પતિયાળા | ૧૧-૪-૦ | ૨૫ | ૦-૩-૦ | ૦-૨-૦ | ૨ |
| નવાનગર | ૨૨-૪-૦ | ૪૫ | ૦-૩-૦ | ૦-૩-૦ | ૨ |
| ભોપાલ | ૧૨-૧૨-૦ | ૮ | ૦-૬-૦ | ૦-૪-૦ | ૩ |
| ભાવનગર | ૧૫-૦-૦ | ૧૦ | ૧૨-૦-૦ | ૦-૪-૦ | ૪ |
| કપુરથલા | ૧૧-૪-૦ | ૨૫ | ૦-૭-૦ | ૦-૩-૦ | ૩ |
| કચ્છ | ૨૨-૮-૦ | ૨૫ | ૦-૨-૦ | ૦-૧-૦ | ૧ |
| જયપુર | ૧૨-૦-૦ | ૧૦ | ૦-૩-૦ | ૦-૩-૦ | ૩ |

આ આંકડા છેવટના જ છે. છેલ્લા આંકડા ૧૯૨૬-૨૭ની સાલમાં બહાર પડયા હતા. તે પછી રાજ્યોએ વાર્ષિક અહેવાલો પ્રસિદ્ધ કરવાનું બંધ કર્યું છે. (અંગ્રેજી ઉપરથી)

## અમેરિકનો અને વૃક્ષારોપણ

અમેરિકન ટ્રી એસોસીએશને (વૃક્ષારોપણ સમિતિએ) આજ સુધીમાં બે કરોડ ઝાડ રોપ્યાં છે. આ વર્ષની આખરે તેમાં બીજા હજારોનો વધારો ઉમેરાશે. વૉશિંગ્ટનનું જીવંત સ્મારક કરવાના હેતુથી અમેરિકનોએ આખી દુનિયામાં દરેક ઠેકાણે તેની બસોમી જયતીની યાદગીરી રૂપે બબ્બે ઝાડો ઠારોઠાર રોપ્યાં છે. ચીનના અમેરિકન એલચીખાતાંએ તો વૉશિંગ્ટનની બાલભૂમિમાંથી બબ્બે રોપ મંગાવી એકને વૉશિંગ્ટન અને બીજાને તેની માતાના નામ પરથી મેરી વૉશિંગ્ટન નામો આપ્યાં છે.

# નવાં પુસ્તકો

**ઈન્દુકુમાર**-અંક ૩ જો લેખક અને પ્રકાશક: ન્હાનાલાલ દલપતરામ કવિ, ભદ્ર, અમદાવાદ: કિં. ૧-૧૨-૦. **મોતીની ગુંથણમાળા** સીરીઝ બીજી: પ્રકાશક: કે. એ. કોલસાવાળા, લુહાર ચાલ મુંબાઇ ૨. કિં. ૦-૬-૦. **શ્રી કૃષ્ણ અને મહાભારત કથા** લે નાનાભાઈ: પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર ભાવનગર: કિં અનુક્રમે ૦-૬-૦ અને ૧-૪-૦. **ગીત સંચય**-આવૃત્તિ ૪થી, સંગ્રાહકઃ સીતારામ નથુભાઈ, પ્રકાશક: ચરોતર એજ્યુકેશન સોસાએટી—આણંદ, કિં. ૦-૨-૦. **પ્રણય કાવ્યો**-પ્રયોજક અને પ્રકાશક: રમણલાલ નરહરિલાલ વકીલ, બી એ., ફેલો, વિલ્સન કૉલેજ, મુંબાઇ ૭. કિંમત દોઢ રૂપિયો. સર **વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરશીનું** જીવનચરિત્ર, લખનારઃ કલ્યાણરાય નથુભાઇ જોશી, પ્રગટ કરનાર. માધવજી દામોદર ઠાકરશી, મુંબાઇ. **સુદર્શન**-ભાગ ૧ લો. એક કલ્પિત જૈન નવલકથા, લે વાડીલાલ મોતીલાલ શાહ, ઠે. વા. મો. શાહ પબ્લિશિંગ હાઉસ, સારંગપુર ખુખારાની પોળ અમદાવાદ, કિં. ૦-૧૦-૦. **સેવક; મહાત્મા કબીરનાં આધ્યાત્મિક પદો; પ્રાયશ્ચિત;** લેખક અને ઠેકાણું ઉપર પ્રમાણે. **બાળકોનું મહાભારત**-લે રમણલાલ નાનાલાલ શાહ, પ્રકાશક: બાલજીવન કાર્યાલય બાજવાડા, ઘોળીકુઇ વડોદરા, કિં બાર આના. **વેઠનો વારો**-લે. રામનારાયણ ના. પાઠક, પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, કિં. દોઢ આનો. **નવાં વરતો**-સંપાદક ગિજુભાઇ, પ્રકાશક: ઉપર મુજબ, કિં. દોઢ આનો. **ઇશુચરિત**-લે. દેસાઇ વાલજી ગોવિંદજી, પ્રકાશક: ઝીકુભાઇ બાલાચંદ બેનાણી, ગોંડલ, કિં. સવા આનો. **વૈદક સંબંધી વિચારો** (અથવા આર્યભિષકનો ઉમેરો) સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ અખંડાનંદ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; અમદાવાદ. કિં.૧। રૂપિયો અન્યત્ર ૧॥. **સોનેરી સૂચનાઓ** અને **સુવિચાર સામગ્રી**-સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. **શ્રીમદ્ ભગવદ્ગીતા** (માત્ર સરલાર્થ રૂપે) સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ અખંડાનંદ, સાદું પૂઠું દોઢ આનો, પાકું પૂઠું બે આના, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. **આગળ વાંચો**-અક્ષરજ્ઞાન યોજનાની ત્રીજી ચોપડી, લે. ગિજુભાઈ, શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર કિં. બે આના. **અમારૂં ઘર**-લે. ગિજુભાઇ દવે, પ્રકાશક: અ. સૌ. શ્રીમતી પાર્વતીબહેન, કિં. બે આના **કાલિદાસની પ્રસાદી** સંગ્રહ કરનાર: નાનાલાલ નાથાલાલ શાહ, પ્રકાશક: જીવણલાલ અમરશી મહેતા, મૂલ્ય અચિત્ર ૧-૪-૦, સચિત્ર ૧-૮-૦. **જ્યોત્સ્ના**-લે. સ્વ. ભોગીન્દ્રરાવ રતનલાલ દીવેટીઆ બી.એ., પ્રકાશક: ઉપર મુજબ, કિં. ૧-૮-૦. **લક્ષ્મીનાં બંધન**-લે. રમણિકલાલ જ. દલાલ, પ્રકાશક: ઉપર મુજબ, કિં. ૦-૧૨-૦. **જીવનમાંથી જડેલી**-ખંડ ૧-૨, લે. લીલાવતી મુનશી, પ્રકાશક: ઉપર મુજબ, કિં. અઢી રૂપિયા. **સામાજિક ટુંકી વાર્તાઓ**-ગ્રંથ ત્રીજો, ભાગ ૮ મો, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, કિં. અમદાવાદમાં રૂા. ૧।, અન્યત્ર ૧॥. **ગીત પ્રભાકર**-લે. આચાર્ય અજિતસાગરસૂરિ, પ્રકાશક: અજિતસાગરસૂરિ શાસ્ત્રસંગ્રહ હા. શા. શામળદાસ તુલજારામ, મુ. પ્રાંતીજ. કિં. ૧-૪-૦. **સોરઠની સાગરકથાઓ**-સંપાદક: ગુણવંતરાય આચાર્ય, ફૂલછાબ કાર્યાલય રાણપુર, કિં.૦-૪-૦. શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરનાં નવાં પ્રકાશનો: **મોન્ટીસોરી પ્રવેશિકા**-(ડૉ. મોન્ટીસોરીઝ ઓઉન હૅન્ડબુકનું ભાષાંતર) ઉતારનાર તારાબેન, કિં. ૦-૧૨-૦. **સૉક્રેનાં પરાક્રમો**-લેખક: રમેશભાઈ, કિં. ૦-૩-૦. **હેમુભાઇના પાઠો**-લે. હેમુભાઇ, ૦-૧-૬. **જીવજંતુ, મેંડિયો, ટેક**-ત્રણેના લેખક: ગિજુભાઇ, કિં. દરેકની ૧-૬-૦. **ઠેકઠેકા**-લે. તારાબેન, કિં. ૦-૧-૬. **ઝાલરી**-સૌરાષ્ટ્ર પુસ્તકમાળાનું પુસ્તક ૧લું; પ્રકાશક: કકલભાઇ કોઠારી, સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુર; કિ. ૦-૮-૦. **સોરઠને તીરેતીરે**-લેખક: ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર, રાણપુર; કિં. ૦-૮-૦.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનાં ૧૯૩૨નાં પુસ્તકોનો સેટ: **ગ્રંથ** અને **ગ્રંથકાર**-વર્ષ ત્રીજું, કિંમત એક રૂપિયો. **પારિભાષિક શબ્દકોશ**-કર્તા: વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, કિંમત પાંચ આના; **ઉપનિષદ્ વિચારણા**-લે દી. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા બી. એ, કિં. એક રૂપિયો; **ધર્મ** અને **સમાજ**-પુસ્તક ૧ લું, કર્તા: સ્વ. સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, કિં. એક રૂપિયો; **જાલંધર આખ્યાન**-સામાન્ય તંત્રી દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી. એ., સંપાદક: રામલાલ ચુનીલાલ મોદી, પાટણ. કિં. બાર આના. **પ્રાચીન જગત**-અનુવાદક: મૂળશંકર સોમનાથ ભટ્ટ, કિં. બાર આના; **અપ્રસિદ્ધ અક્ષયવાણી**-સંગ્રાહક: શ્રી ભગવાનજી મહારાજ, કિં. ૧-૦-૦; **ભૂસ્તર વિજ્ઞાન**-(ઉત્તરાર્ધ) લે. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી, કિં ૧-૦-૦; **હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ**-(પૂર્વાર્ધ) ભાષાન્તરકર્તા: છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી, કિં. ૧-૦-૦; **ઓરી, અછબડા** અને **ગળીઆ**-લે. ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠક, એલ બી બી. એસ, કિં. ત્રણ આના; **ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનો ઇતિહાસ** વિભાગ ૧લો (ઇ.સ. ૧૮૪૮થી ૧૮૭૮).

નિરતિશય પ્રેમથી પોતાની પત્નીને ચાહનારા એક કોરિયાવાસીને તેણીના મંદવાડ વખતે જણાયું કે જો પોતાની જાંગનું માંસ તેને ખવડાવવામાં આવે તો તે સાજી થાય. તરતજ વિના સંકોચે તેણે પોતાનો સાથળ કાપી સ્ત્રીને ખવડાવ્યો, ને તે સાજી પણ થઈ! આવું અજબ અર્પણ કરનાર એ કોરિયન અત્યારે વાકામાટસુની સરકારી ઇસ્પિતાલમાં છે.

ગણિત ગમ્મત: તમારા મિત્રને દસ કરતાં ઓછા બે આંકડા ધારવાના કહો. એ બેમાંથી એકને પાંચ વડે ગુણાવો. એ ગુણાકારમાં સાત ઉમેરાવીને આવેલા સરવાળાને બમણો કરાવો. હવે તેમાં ધારેલો બીજો આંકડો ઉમેરાવો. જે આવે તે પૂછી લઇ તેમાંથી તમે ૧૪ બાદ કરશો તો જે રકમ રહેશે તેના બંને આંકડા એ જ એના ધારેલા આંકડા હશે.

દ્વિઅર્થી શબ્દો: **બાણ**=તીર: શંકરનું લિંગ. **સહકાર**: કાર્યમાં સાથ આપવો તે: આંબો. **આંક**=ઘડિયા: લોટ ચાળવાની ઝીણી ચાળણી: અંદાજ, નિશાન.

ચકલી વરસમાં ત્રણ વખત ઇંડા મૂકે છે.



ધરતીકંપો, અને સમુદ્રકોપોની સદાની લટકતી તલવાર નીચે રહેતા જપાનના મિયાજીમા ગામમાં ઈત્સુકુશીમા નામના મંદિરનો કુપલો દરવાજો જ્યારે ચણવામાં આવ્યો ત્યારે ત્યાં જમીન હતી: પણ આજે ત્યાં પાણી ફરી વળ્યું છે.

અમેરિકાનાં 'વર્તમાનપત્ર-પ્રકાશકોના મંડળે' હમણાં છેલ્લી ગણતરી કરીને બહાર પાડયું છે કે એ દેશમાં પ્રજાના એકેએક માણસ સરેરાશ રોજની ૪૫ મિનિટ છાપાં વાંચવામાં ગાળે છે, પ્રજાનો લગભગ પોણો ભાગ રોજની ૨૫ મિનિટ માસિકો વાંચવામાં ગાળે છે અને અરધોઅરધ પ્રજા દર મહિને સરેરાશ એક પુસ્તક વાંચે છે.

એરંડાના પાનના રસનાં ટીપાં કાનમાં નાખવાથી પરૂ વહેતું બંધ થશે.

વહાણોને માટે ફેધમિટર નામનું નવું યંત્ર હમણાં શોધાયું છે. તેમાંના કાંટા કોઇપણ જાતની માપણીની કડાકૂટ વિના દરિયાનું તળિયું વહાણથી કેટલા અંતરે ઊંડે છે તે આપમેળે બતાવ્યા જ કરે.

લીંબુના તેજાબમાં લોઢાના કકડા નાખવાથી તે ગળી જશે. એ ભૂકો ધાતુના રંગ બદલવામાં વપરાય છે.

સાકરની ગાંગડી સાથે આંબાનો મોર મોંમાં રાખી તેનો રસ ધીમેધીમે ગળે ઉતારતા જવાથી ગમે તેવું બેસી ગએલું ગળું પણ ઊઘડી જઈ અવાજ સુધરશે.

નાનુ: 'તમે નાના ફોટોગ્રાફો પરથી મોટા કરી આપો છો, તે કેવડા, અસલ જેવડા કરી આપી શકો?'

ફોટોગ્રાફર: 'હા જરૂર.'

નાનુ: 'તો મેં હિમાલયની એક છબી પાડી છે તે અના જેવડી કરી આપશો?'

એક ભાગ નવસાર, અરધો ભાગ ફટકડી ને પા ભાગ સોમલખાર એકઠાં કરી ગમે તે ધાતુ ઉપર લગાડવાથી પિત્તળ જેવો ઢોળ ચડે છે.




પૃથ્વીની કાયા પલટાવવાની જે જંગી ઇજનેરી યોજનાઓ ફ્રાન્સ અને જર્મનીના ઈજનેરો આજે વિચારી રહ્યા છે, તેમાંની એક તે ઉપરના નકશામાં બતાવ્યા પ્રમાણે ઇંગ્લંડના નોર્ફોક પરગણાના કિનારાથી ડેન્માર્ક સુધી અને ડાબી તરફ ડોવરથી કેલે સુધી પાણીના પ્રચંડ બંધ બાંધી લઇને, પછી એની વચ્ચેના આજના છીછરા ઉત્તર સમુદ્રને ઉલેચી નાખી ત્યાં વસવાટ માટે નવી જમીન ઉત્પન્ન કરવાની છે. આ યોજના ઇંગ્લંડને યુરોપ સાથે જોડી દેશે અને બે કરોડ માણસ વસે તેટલી જમીન પૂરી પાડશે.